

**ટ્યૂનિશિયામાં બે બોટ પલટી જતા, 27 મોત**
**83 લોકોને બચાવાયા, રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ**

PAGE NO. 12

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ


કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 03 JANUARY, 2025 Vol. 23, No. 01 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઓર્લિયન્સમાં ટોળામાં પૂરપાટ ઝડપે આવેલું વાહન ઘૂસી ગયું અને ધડાકો થતા 10 લોકો મોત થયા, જ્યારે 35 ઈજાગ્રસ્ત

# ઓર્લિયન્સ બાદ ન્યુયોર્કમાં ફાયરિંગ, 11ને ગોળી વાગી



**ક્વીન્સ**

અમેરિકામાં ગુરુવારે સાંજ સુધીના વીતેલા 24 કલાકમાં બે હુમલા થયા હતા. ન્યૂયોર્કની એક નાઈટ ક્લબમાં સામૂહિક ગોળીબારનો મામલો સામે આવ્યો હતો. જેમાં અત્યાર સુધીમાં 11 લોકોને ગોળી મારવામાં આવી હતી. આ ઘટના ન્યૂયોર્કના ક્વીન્સ શહેરમાં અમાકુરી નાઈટ ક્લબમાં બની હતી. આ અગાઉ ન્યુ ઈયરની ઉજવણી દરમિયાન બુધવારે સવારે ન્યૂ ઓર્લિયન્સમાં એક ઝડપી ટ્રકે લોકોને કચડી નાખ્યા હતાં, જેમાં 15 લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટના અનેક યુનિટો ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી છે. જો કે, હજુ સુધી ન્યૂયોર્ક પોલીસ વિભાગે આ સંબંધમાં કોઈ માહિતી શેર કરી નથી. આ નાઈટક્લબને શહેરના સૌથી વધુ ઉર્જાવાળા નાઈટ સ્પોટ પૈકી એક ગણવામાં આવે છે.

આ અગાઉ બુધવારે વહેલી સવારે ઓર્લિયન્સમાં નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરી રહેલા લોકોના ટોળામાં પૂરપાટ ઝડપથી એક વાહન ઘૂસી ગયું હતું, જેમાં 10 લોકો માર્યા ગયા હતા અને 35 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા આ ઘટનાની એફબીઆઈ ત્રાસવાદના કૃત્ય તરીકે તપાસ કરી રહી છે.

બે અધિકારીઓને ગોળી વાગી હતી અને તેઓની હાલત સ્થિર છે, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ કમિશનર એન્ને કીર્કપેટ્રીકે કહ્યું હતું કે ઈરાદાપૂર્વક આ કૃત્ય કરવામાં આવ્યું હતું. ડ્રાઈવર બની શકે તેટલા લોકો પર વાહન ચઢાવવા માગતો હતો. આ વિસ્તાર નવા વર્ષની ઉજવણી માટેનું સૌથી મોટું સ્થળ છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે પ્રમુખ જો બાઈડેનને આ ઘટનાની માહિતી આપવામાં આવી હતી. બાઈડેને કહ્યું એફબીઆઈ આ ભયાવહ ઘટનાની ત્રાસવાદી કૃત્ય તરીકે આ હુમલો સામૂહિક હિંસા કરવા માટે હથિયાર તરીકે વાહનનો ઉપયોગ કરવામાં આવે છે તેનો તાજો દાખલો છે, એક વલણ કે જેણે કાયદા અમલીકરણ અધિકારીઓને ચિંતામાં મૂક્યા છે અને તેની સામે રક્ષણ કરવું મુશ્કેલ હોઈ શકે છે.

## ટ્રમ્પની હોટેલ બહાર ટ્રકમાં વિસ્ફોટ 1નું મોત, આતંકી હુમલાની આશંકા

**લાસ વેગાસ**

અમેરિકાના લાસ વેગાસમાં ડોનાલ્ડ ટ્રમ્પની માલિકીની હોટેલ બહાર ટેસ્લા સાયબર ટ્રકમાં વિસ્ફોટ થતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને સાત ઘાયલ થયા હતા. પોલીસે બુધવારે આ જાણકારી આપી હતી. જોકે તપાસ અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે બ્લાસ્ટ કેવી રીતે થયો? અમેરિકન પ્રમુખ જો બાઈડેને કહ્યું કે અમે લાસ વેગાસમાં ટ્રમ્પ હોટલની બહાર સાયબર ટ્રકના વિસ્ફોટની ઘટના પર નજર રાખી રહ્યા છીએ. કાયદા અમલીકરણ અને ગુપ્તચર એજન્સીઓ એ પણ તપાસ કરી રહી છે કે ન્યૂ ઓર્લિયન્સમાં હુમલા સાથે શું આ ઘટનાને કોઈ લેવા દેવા છે કે કેમ? ન્યૂ ઓર્લિયન્સમાં સ્થાનિક કાયદા અમલીકરણને ઝડપથી તપાસ પૂર્ણ કરવા અને અમેરિકન લોકોને કોઈ ખતરો નથી તેની ખાતરી સુનિશ્ચિત કરવાના નિર્દેશ અપાયા છે. લાસ વેગાસના શેરિફ કેવિન મેકમહિલે મીડિયાને જણાવ્યું હતું કે વિસ્ફોટ થતાં પહેલાં આ ઈલેક્ટ્રિક વાહન ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલના કાચના એન્ટ્રી ગેટ પર પહોંચી ગયું હતું. વીડિયો ફૂટેજમાં હોટલના પ્રવેશદ્વાર પર પાર્ક કરેલી સ્ટેનલેસ સ્ટીલની ટ્રકમાં અચાનક વિસ્ફોટ થતાં આગની જ્વાળાઓ ફાટી નીકળી હતી.



### મસ્કે કહ્યું- આ વિસ્ફોટને ન્યૂ ઓર્લિયન્સની ઘટના સાથે સંબંધ

મેકમહિલે જણાવ્યું હતું કે સાયબર ટ્રકની અંદર એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. જ્યારે સાત લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે લાસ વેગાસમાં ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલની બહાર સાઈબર ટ્રક વિસ્ફોટ અને ન્યૂ ઓર્લિયન્સમાં સમાન હુમલા વચ્ચે કડી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે બંને વાહનો એક જ કાર રેન્ટલ સાઈટ ટુરો પરથી ભાડે આપવામાં આવ્યા હતા.

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean, Canada/USA, India, Europe, Africa, Dubai, Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
TICO 1486999
416-977-9896
info@ashoktravel.com www.ashoktravel.com
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

VOYAGES InterSky TRAVELS
Visa Services: India, Nepal, Dubai, Europe, UK-ETA
OCI, PASSPORT RENEWAL, SURRENDER, CITIZENSHIP & PR APPLICATION
Wholesale Tour Operatior
India-North & South
Nepal - Bhutan -Sri Lanka.
Dubai.
NRI-Europe( Veg & Jain Meals)
All kinds of Travel
Air Canada, Air India, Qatar, Emirates, Air Farnce/ KLM, British Airways, United -Delta, Turkish & many more.............
Divyesh (Dev) Patel
514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# પોલાર બીઅર સ્વિમીંગની પરંપરા, હજારો લોકોએ ભાગ લીધો

## એક સદી કરતાં પણ વધુ સમય છતાં વેનકુંવરમાં હજારો લોકો દરિયા કિનારા પર તરતા દેખાયા

**વાનકુંવર**

વાનકુવરની મનપસંદ ન્યૂ યર ડે પરંપરાઓમાંની એક વાર્ષિક પોલાર બીઅર સ્વિમીંગમાં બુધવારે ફરી હજારો લોકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી, જે હવે સમગ્ર વિશ્વમાં જાણીતી છે. વાનકુવર રેસ્ટોરન્ટના માલિક પીટર પેન્ટાજેસે 1920માં આ પરંપરાની શરૂઆત કરી હતી. એક સદી કરતાં પણ વધુ સમય પછી 2025ની શરૂઆતની ઉજવણી કરવા બુધવારે હજારો લોકો શહેરના દરિયાકિનારા ઉપર તરતા જોવા મળ્યા હતા.





પીટરની પૌત્રી લિસા પેન્ટાજેસના જણાવ્યા મુજબ, તેના ગ્રીક ઈમિગ્રન્ટ દાદા હંમેશા સમુદ્ર સાથે જોડાયેલા હતા અને દરરોજ તરતા હતા, તેથી જ તેમણે 1920માં નવા વર્ષના દિવસે મિત્રો સાથે દરિયામાં તરવા જવાનું નક્કી કર્યું હતુ. લિસાએ સીબીસીની ધ અર્લી એડિશનના હોસ્ટ સ્ટીફન ક્વિનને કહ્યું કે, તે પ્રાયોજિત હતું. મારા દાદા લોકોને તેમની રેસ્ટોરન્ટમાં આવે તેમને મફત ગરમ ભોજન પીરસતા અને પછી જેમ જેમ મારા થોડા આઈકોનિક બની ગયા, તેમ સ્વિમીંગ માટે દરરોજ વધુ લોકોનું ધ્યાન વેનકુવર તરફ કેન્દ્રિત થવા માંડ્યું હતું. વાનકુવરમાં શહેરનું અધિકૃત 105મું વાર્ષિક પોલાર બીઅર સ્વિમીંગ કરીને લોકો બપોરના સમયે બહાર આવ્યા ત્યારે તાપમાન 7 સે.ની આસપાસ હતું. પ્રિન્સ જ્યોર્જ, બી.સી.માં નેસ લેક બાઈબલ કેમ્પ જેવા સ્થાનોથી દૂર, જ્યાં તાપમાન તે સમયે -13 સે. આસપાસ હતું. બાઈબલ કેમ્પના ડિરેક્ટર ડેવ હોર્ટને જણાવ્યું હતું કે સ્વિમીંગ, લોકોને એક જૂથ તરીકે એકસાથે લાવે છે. પેન્ટાજેસે જણાવ્યું હતું કે, વાનકુવરનું પોલાર બીઅર સ્વિમ હવે વિશ્વભરના લોકો માટે બકેટ લિસ્ટ આઈટમ બની ગયું છે.

# ઉટાહ હિમપ્રપાતમાં 38 વર્ષીય કેનેડિયન સ્નો બોર્ડરનું મોત

### રવિવારે સાંજે એક પરિવારને એથિયરનો કૂતરો અને ટ્રેલ હેડ પર કાર મળી

સોલ્ટ લેક સિટી : ઉટાહમાં સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, સોલ્ટ લેક સિટી નજીક પર્વતોમાં સ્નોબોર્ડિંગ કરતી વખતે હિમપ્રપાતમાં કેનેડિયન વ્યક્તિનું મૃત્યુ થયું હતુ. સોલ્ટ લેક કાઉન્ટી શેરિફ ઓફિસનું કહેવું છે કે, મંગળવારે 38 વર્ષીય ડેવિડ એથિયરનો મૃતદેહ મળી આવ્યો હતો. ડેપ્યુટી આર્લાન બેનેટે જણાવ્યું હતું કે, એથિયર શનિવારે મિલક્રીક કેન્યોન વિસ્તારમાં સ્પ્લિટબોર્ડિંગ કરી રહ્યો હતો, પરંતુ હિમપ્રપાત દરમિયાન બરફ ઉપરથી તે નીચે લપસી ગયો હતો. રવિવારે સાંજે એક પરિવારને એથિયરનો કૂતરો મળી આવ્યો અને પછીથી તેની કાર ટ્રેલહેડ પર મળી હતી. ત્યારબાદ બચાવ કામગીરી શરૂ થઈ હતી. સત્તાવાળાઓએ ક્યૂબેકમાં એથિયરના પરિવારનો સંપર્ક કર્યો, જેમણે કહ્યું કે તે 24 કલાકથી ગાયબ છે. બેનેટ કહે છે કે, બચાવ કામગીરી સોમવાર સુધી ચાલુ રહી હતી. પરંતુ મંગળવાર સુધી ભારે હિમવર્ષાને કારણે એમાં અડચણો ઊભી થઈ હતી. તેણે કહ્યું કે, વધુમાં ટોચ પર જ્યાં તે હશે તે વિસ્તાર તરફ ખૂબ જ બરફ પડી રહ્યો હતો. અમારા માટે હેલિકોપ્ટરથી તેને શોધવાની એક નાનકડી તક હતી. શેરિફ રોઝી રિવેરાએ એક નિવેદનમાં તેને હૃદયદ્રાવક દુર્ઘટના ગણાવી હતી અને કહ્યું હતું કે, અમારી સંવેદનાઓ મૃતકના પરિવાર સાથે જાય છે. કારણ કે એ પરિવારને તેમના પ્રિયજનની ખોટ પડી છે, જેના માટે તેઓ શોકાતુર છે."

# ટોરોન્ટોના 2 સ્ટોર્સને લૂંટવા હથોડીનો ઉપયોગ કરાયો, 3 શખ્સની ધરપકડ

### પકડાયેલા શખ્સો સામે આક્રમક હથિયાર અને ગુપ્ત વેશમાં લૂંટનો આરોપ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં સોમવારે રાત્રે ચોરો દ્વારા હથોડી વડે બે સ્ટોર લૂંટાયા બાદ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર થોડીવારના અંતરે થયેલી લૂંટમાં કોઈને ઈજા થઈ ન હતી. પ્રથમ લૂંટમાં હથોડા વડે પાંચ લોકોએ ફેરવ્યુ મોલમાં જ્વેલરી સ્ટોર લૂંટ્યો હતો. જ્યારે અધિકારીઓને લગભગ 8:43 વાગ્યે સ્ટોર ઉપર બોલાવવામાં આવ્યા હતા. કોન્સ્ટ. ટોરોન્ટો પોલીસ સર્વિસના પ્રવક્તા સિન્ડી ચુંગે સોમવારે રાત્રે એક ઈમેલમાં જણાવ્યું હતું કે આ સ્ટોર ચો તાઈ ફુક છે અને તે અગાઉ 16 ડિસેમ્બરે લૂંટાયો હતો. શકમંદો સામાન લઈને પગપાળા ભાગી ગયા હતા. પરંતુ તે પછી ત્રણની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા ત્રણ પુરુષ યુવકો પર આક્રમક હથિયાર અને ગુપ્ત વેશમાં લૂંટનો આરોપ મૂકવામાં આવ્યો હતો. લૂંટના પગલે મોલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ચાઉ તાઈ ફૂકના આસિસ્ટન્ટ મેનેજર રીમા હસને મંગળવારે સીબીસી ટોરોન્ટોને જણાવ્યું હતું કે, આ મહિને જીટીએની આસપાસના જ્વેલર્સમાં અન્ય લોકોની સાથે સ્ટોરમાં થયેલી લૂંટથી તેઓ બેચેન છે.

# હમાસના વધુ એક કમાન્ડરને ઠાર મરાયો

યેરુસલેમ : ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈઝરાયલની સેનાએ હમાસના ટોચના કમાન્ડર અબ્દ અલ-હાદી સબાને મારી નાખ્યો છે. IDFનો દાવો છે કે હાદી 7 ઑક્ટોબર, 2023ના રોજ ઈઝરાયલ પર થયેલા આતંકવાદી હુમલામાં સામેલ હતો અને તેણે યહૂદી વસાહત પર હુમલો કર્યો હતો.

ઈઝરાયલી સેના અને શિન બેટના જણાવ્યા અનુસાર અલ-હાદી યુનિસમાં હમાસના નુખ્બા ફોર્સનો કમાન્ડરોએ ડ્રોન હુમલામાં મારી નાખ્યો છે. IDFએ કહ્યું કે, 'અલ-હાદીએ ઈઝરાયલના કિબુટ્ઝ નીર ઓઝ પર આતંકવાદી હુમલાનું નેતૃત્વ કર્યું હતું. અહીંથી ડઝનબંધ લોકોનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી.'

અબ્દ અલ-હાદી સબા ખાન હમાસના નેતાઓમાંનો એક હતો જેણે ઈઝરાયલમાં 7 ઑક્ટોબરના હત્યાકાંડ દરમિયાન કિબુત્ઝ નીર ઓઝમાં ઘૂસણખોરી કરી હતી. આ અંગે IDF એ ટ્વીટ કર્યું છે કે, 'હાદીએ યુદ્ધ દરમિયાન IDF સૈનિકો પર ઘણા આતંકવાદી હુમલાઓ કર્યા હતા. અબ્દ અલ-હાદી દક્ષિણ ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં માર્યો ગયો હતો.' ઈઝરાયલની સુરક્ષા એજન્સીઓ અને IDFનું કહેવું છે કે, 'તેણે આ ઓપરેશન ઈન્ટેલિજન્સ એજન્સીના આધારે કર્યું હતું. તે હમાસના ઘણા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે.'






રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news



# ટોરોન્ટોના રહેવાસીઓ પર પ્રોપર્ટી ટેક્સમાં વધારો ઝીંકાવાની શક્યતા

## કામદારોને જાળવી રાખવા ઉપરાંત શહેર સામે આર્થિક રીતે પડકારો હોવાની મેયરની કબૂલાત

ટોરોન્ટો : ટોરોન્ટોના રહેવાસીઓએ 2025માં અન્ય પ્રોપર્ટી ટેક્સ માટે તૈયાર રહેવું પડશે. કારણ કે, મેયર ઓલિવિયા ચાઉએ કહ્યું છે કે, શહેર આર્થિક રીતે અને તેના કામદારોને જાળવી રાખવાના પ્રયાસમાં એક વર્ષની મુશ્કેલ કરારની વાટાઘાટો પછી ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં મેયરે તેના પ્રથમ બજેટમાં પ્રોપર્ટી ટેક્સમાં 9.5 ટકાનો વધારો કર્યો હતો, જે દર દાયકાઓમાં જોવા મળ્યો નહતો. જેનો ઉદ્દેશ $1.8 બિલિયનની શરૂઆતની ખાધ પૂરવાનો હતો. આ વર્ષના બજેટ પર $1.2 બિલિયનનું ભારણ છે. મેયર કહે છે કે, તેને શહેરમાંથી નોંધપાત્ર રોકાણની જરૂર પડશે. “અમે ફાયર, પોલીસ, પેરામેડિક્સ, કામદારો સહિતના અમારા જાહેર સેવકોને ગુમાવવા માંગતા નથી. અમારે શહેરમાં રહેવા માટે પણ સક્ષમ બનવાની જરૂર છે. તેથી જો તમે આ બધું ઉમેરો, તો નોંધપાત્ર રકમ છે. કરારની તમામ વાટાઘાટોનો ખર્ચ હજુ સુધી જાણી શકાયો નથી. પરંતુ શહેરે તેના હજારો ટ્રાન્ઝિટ કામદારો સાથે જૂનમાં એક નવો સોદો કર્યો હતો. તે સમયે એવી હડતાલ ટાળી હતી જેનાથી શહેર લકવાગ્રસ્ત થઈ ગયું હોત. આ સોદામાં શહેરને ત્રણ વર્ષમાં $ 176 મિલિયનનો ખર્ચ થશે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું તે કામદારોને જાળવી રાખવાની જરૂરિયાતના આધારે અન્ય વધારા માટે કરદાતાઓને તાકી રહ્યા છો, ત્યારે મેયરે હામાં જવાબ આપ્યો હતો.

### ઓછી આવક ધરાવતા લોકો વિશે પણ ધ્યાન રખાશે

ચાઉએ ભારપૂર્વક જણાવ્યું હતું કે મકાન ભાડે લેનારાઓ અને ઓછી આવક ધરાવતા લોકો માટે જીવનને વધુ સસ્તું રાખવા માટે બજેટમાં ખર્ચનો સમાવેશ થશે. સિટી લાઇબ્રેરીઓમાં રોકાણમાં વધારો, TTC ભાડાં પર સ્થિરતા અને સિટી કોમ્યુનિટી સેન્ટર્સ માટે લાંબા સમય સુધીનો સમય એ તમામ તેમની યોજનાનો ભાગ છે.

### કરદાતાઓ પરના બોજને હળવો કરવા અન્ય વિકલ્પ શોધાશે

મેયરે જણાવ્યું હતું કે શહેર કરદાતાઓ પરના બોજને હળવો કરવામાં મદદ કરવા માટે કેટલાક ક્ષેત્રોમાં ખર્ચ ઘટાડવાની રીતો પણ શોધી રહ્યું છે. તેણીએ આ મહિનાની શરૂઆતમાં ભૂતપૂર્વ મેયર જોન ટોરીના સ્માર્ટ ટ્રેક સ્ટેશન પ્રોજેક્ટને સ્કેલ-બેક કરવાના કાઉન્સિલના નિર્ણય તરફ ધ્યાન દોર્યું હતું. સ્માર્ટટ્રેક સ્ટેશન પ્રોગ્રામ, જે ટોરીના 2014ના મેયરલ ઝુંબેશનું કેન્દ્રબિંદુ હતું, તેણે શરૂઆતમાં 2021 સુધીમાં હાલના GO ટ્રાન્ઝિટ રેલ કોરિડોર પર 22 સ્ટેશનો બાંધવાનું વચન આપ્યું હતું. પરંતુ તાજેતરના વર્ષોમાં, કાઉન્સિલે પ્રોજેક્ટને પાંચ ટ્રાન્ઝિટ સ્ટેશન સુધી ઘટાડ્યો છે.

# માનસિક-શારીરિક સ્વાસ્થ્યની જાળવણી ઉપર ધ્યાન આપો : નવા વર્ષે ગવર્નર જનરલનો સંદેશ

## જરુરિયાતમંદોની સેવા અને પર્યાવરણ તથા સંસ્કૃતિનું જતન કરવામાં સહયોગ આપનારા નાગરિકોની પ્રશંસા

**ઓન્ટેરિયો**

ગવર્નર જનરલ મેરી સિમોન કેનેડિયનોને વિનંતી કરી રહ્યા છે કે, તેઓ તેમના માનસિક સ્વાસ્થ્યને તેમના શારીરિક સ્વાસ્થ્યની સમાન કાળજી સાથે સારવાર આપે જે રીતે તેઓ આગામી વર્ષ માટે તૈયારી કરે છે. નવા વર્ષના સંદેશમાં સિમોને કહ્યું કે, તે 2024માં મળેલા તમામ પ્રેરણાદાયી લોકો વિશે વિચારી રહી છે. સિમોને તેમના સમુદાયોને સુધારવા, પ્રકૃતિનું રક્ષણ કરવા, સંસ્કૃતિઓ વચ્ચે સેતુ બાંધવા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને મદદ કરવા માટે સખત મહેનત કરવા બદલ તેમની પ્રશંસા કરી હતી.


તેણીએ કહ્યું હતુ કે, લોકો કેનેડાના બાળકોને વધુ સમાવિષ્ટ વિશ્વ અને ટકાઉ વાતાવરણ ચાલુ રાખે તે આવશ્યક છે. અમો આબોહવાની કાર્યવાહીને આગળ વધારવા, સ્વદેશી લોકો સાથે સમાધાનને પ્રોત્સાહન આપવા અને કેનેડાની વિવિધતાની ઉજવણી કરવા લોકો સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ તહેવારોની મોસમમાં તમારી સંભાળ રાખજો. તમારા પ્રિયજનો સાથે સમય વિતાવશો. તમારા શારીરિક સ્વાસ્થ્ય જેવી જ કાળજી સાથે તમારા માનસિક સ્વાસ્થ્યની સારવાર કરો.

# ટોરોન્ટોમાં માતા-પિતાએ 2025ના પ્રથમ નવા બાળકોનું સ્વાગત કર્યું

ટોરોન્ટો : 2025ની શરૂઆત થતાં ટોરોન્ટો અને તેની આસપાસની હોસ્પિટલો નવા વર્ષના પ્રથમ જન્મની નોંધ દર્શાવી રહી છે. ઘડિયાળના કાંટાની મધ્યરાત્રિની થોડી મિનિટો પછી, નોર્થ યોર્ક જનરલ હોસ્પિટલના સ્ટાફ વર્ષના પ્રથમ જન્મની ઉજવણી કરવામાં વ્યસ્ત હતા. 1 જાન્યુઆરીના રોજ સવારે 12:05 વાગ્યે હોસ્પિટલે જણાવ્યું હતું કે ક્રિસ અને મચેલાએ તેમના સાત પાઉન્ડ અને 14 ઔંસ વજનના બાળક હાર્પરનું પરિવારમાં સ્વાગત કર્યું હતું. ઉત્તરમાં થોડા કલાકો પછી કોર્ટલુચી વોન હોસ્પિટલે વર્ષના પ્રથમ બાળકનો જન્મ નોંધ્યો હતો. હોસ્પિટલે જણાવ્યું કે તે 2:45 વાગ્યાનો સમય હતો, જ્યારે બાળક અનહદનો જન્મ માતા-પિતા તરનપ્રીત અને વિજયવીરને ત્યાં થયો હતો, બંને વોનના હતા. બેબી અનહદનું વજન છ પાઉન્ડ અને બે ઔંસ હતું અને તેનો જન્મ એક હોસ્પિટલમાં થયો હતો, જેણે ગયા વર્ષે 4,300 થી વધુ બાળકોને જન્મ આપ્યો હતો. હોસ્પિટલનું સંચાલન કરતા મેકેન્ઝી હેલ્થના ડૉ. ઓલામાઈડ સોબોવાલે જણાવ્યું હતું કે, “વર્ષના પ્રથમ બાળકનું સ્વાગત કરવું એ હંમેશા આનંદદાયક પ્રસંગ હોય છે.

# કેનેડામાં છેલ્લાં પાંચ વર્ષની સરેરાશ કરતા નોરોવાયરસના વધુ કેસ નોંધાયા



### ખૂબ જ ચેપી નોરોવાયરસથી ઝાડા અને ઉલ્ટીની સમસ્યા વધી શકે

**ઓન્ટેરિયો**

કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સીના જણાવ્યા અનુસાર નોરોવાયરસ કે જે સામાન્ય રીતે પેટની બિમારી છે અને તે કેનેડિયનોને વર્ષના આ સમયે વધુ ગંભીર અસર કરી શકે છે. તાજેતરના અઠવાડિયાના પ્રારંભિક ડેટા દર્શાવે છે કે, 2019થી 2023 સુધીના પાંચ વર્ષની સરેરાશ કરતાં વધુ દરે નોરોવાયરસના કેસ દેશભરમાં નોંધાયા છે. PHACએ આ અંગે સોમવારે મીડિયા સમક્ષ જાણકારી આપતા વર્ણવ્યું હતુ કે, કે જ્યારે કેસો નેશનલ એન્ટરીક સર્વેલન્સ પ્રોગ્રામ (NESP)ને રિપોર્ટ કરવામાં આવે છે, ત્યારે તે કેસોની સંખ્યા પર ચોક્કસ ડેટા પ્રદાન કરવામાં અસમર્થ હતું. આલ્બર્ટા, ઑન્ટારિયો અને બ્રિટિશ કોલમ્બિયા સહિત બહુવિધ પ્રાંતો માટે આ નોંધવામાં આવ્યું છે. ઉચ્ચ અહેવાલની સંખ્યાઓને સાવધાની સાથે જોવું જોઈએ.

આ એટલા માટે છે કારણ કે COVID-19 રોગચાળાએ નોરોવાયરસ જેવા પેટની બિમારીના અહેવાલમાં વિક્ષેપ પડ્યો હતો, જે તે સમય દરમિયાનના કેસોની પાંચ વર્ષની સરેરાશને નીચે લાવી હતી. આને કારણે, 2019 થી 2023ની તુલનામાં વર્તમાન સંખ્યાઓ અસામાન્ય રીતે ઊંચી દેખાઈ શકે છે.

ટોરોન્ટો જનરલ હોસ્પિટલના ચેપી રોગોના નિષ્ણાત ડૉ. આઈઝેક બોગોચે જણાવ્યું હતું કે, નોરોવાયરસ એ ખૂબ જ ચેપી વાયરસ છે જે ઝાડા અને ઉલ્ટીનું કારણ બને છે. પાનખર અને શિયાળાના મહિનાઓમાં આ રોગ ફાટી નીકળે છે અને સામાન્ય રીતે એમાં ઉલટી, ઝાડા, પેટમાં દુખાવો, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો અને તાવ આવે છે. આ કારણસર તેને ‘શિયાળાની ઉલટીની બીમારી’ કહેવામાં આવે છે. તે માત્ર ભયાનક ગેસ્ટ્રોએન્ટેરિટિસ છે. જ્યારે આ બિમારી થાય છે, ત્યારે સામાન્ય રીતે 36થી 48 કલાક પછી રોગનાં લક્ષણો ઓછા થવા લાગે છે. યુ.એસ. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનનો તાજેતરનો ડેટા દર્શાવે છે કે ડિસેમ્બર 5ના સપ્તાહ દરમિયાન નોરોવાયરસના 91 કેસ નોંધાયા હતા, જે નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં 69 હતા. છેલ્લા કેટલાક વર્ષોના આંકડા દર્શાવે છે કે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહ દરમિયાન મહત્તમ 65 ફાટી નીકળ્યા છે.



તંત્રી સ્થાનેથી

# ટ્રુડો સામે વાયને ગ્રેટ્ઝકીને મેદાને ઉતારવા USની પેરવી

કેનેડામાં ૨૦૨૫ના ૨૦ ઓક્ટોબર પહેલાં સંસદની ચૂંટણી યોજાનાર છે. જો કે, ૨૦૧૫થી સત્તારૂઢ લિબરલ અને જસ્ટીન ટ્રુડો માટે હવે ફરી ચૂંટણી જીતવી મુશ્કેલ બની છે. છેલ્લાં ૧૦ વર્ષથી ટ્રુડો વડાપ્રધાનપદે ચૂંટાયા છે. પણ કેનેડાની આર્થિક ખરાબ સ્થિતિ, મોંઘવારી તથા અપૂરતા આવાસ જેવા કારણોસર ટ્રુડો માટે ચૂંટણીમાં પડકાર બની શકે છે. જો કે, આમ છતાં સત્તાવાપીસ માટે ટ્રુડો દ્વારા પણ પાર્ટી સાથે સહિયારા પ્રયાસો થઈ રહ્યા છે. તેથી ચૂંટણી રસપ્રદ બને તેવી સંભાવના છે.



તંત્રી - સ્વદેશ

કેનેડાની સંસદમાં કુલ ૩૩૮ સભ્યો છે, તેથી સરકાર રચવા માટે ૧૭૦ સભ્યોનો ટેકો હોવા આવશ્યક છે. હાલમાં ટ્રુડોની લિબરલ પાર્ટી પાસે ૧૫૩ સભ્યો છે. મતલબ કે, બહુમતીમાં ૧૭ સાંસદો ઓછા છે. છેલ્લી ચૂંટણીમાં લિબરલ પાર્ટીને જગમીતસિંહની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીએ ટેકો આપતાં ટ્રુડો સરકાર રચી શક્યા હતા. ન્યુ ડેમોક્રેટિક પાર્ટી પાસે ૨૫ સાંસદ છે. અલબત, આ જ જગમીતસિંહે જાન્યુઆરીમાં ટ્રુડો સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવાની જાહેરાત કરી હતી. તેથી લિબરલ પાર્ટી માટે હવે મૂંઝવણી વધી છે. કેનેડાના ઓંટારિયો સિટીમાંથી સંસદમાં ચૂંટાયેલા જગમીતનો પરિવાર વર્ષો પહેલાં કેનેડામાં આવીને વસ્યો હતો. જગમીતનો જન્મ કેનેડામાં ૨ જાન્યુઆરી ૧૯૭૯ના રોજ થયો હતો. બાયોલોજીમાં બીએસસી અને યોર્ક યુનિવસટીમાંથી લોની ડિગ્રી મેળવનારા જગમીતે પહેલી વાર ૨૦૧૧માં ચૂંટણી લડયા ત્યારે હારી ગયા હતા. જો કે, તે પછી પણ તેઓ સતત પ્રયાસ કરતા રહ્યા અને આજે તેઓ સરકારમાં હિસ્સેદાર છે. કેનેડામાં હાલની રાજકીય પ્રવાહી સ્થિતિ વચ્ચે યુએસના ટ્રમ્પે ક્રિસમસ મેસેજમાં પોતે વાયને ગ્રેટ્ઝકીને કેનેડાના વડાપ્રધાન બનવા માટે ચૂંટણી લડવા વિનંતી કરતા રાજકીય માહોલ ગરમાયો છે. આ ઘટનાના થોડા દિવસ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પનો જસ્ટિન ટ્રુડો માટેનો અણગમો જગજાહેર થઈ ગયો હતો. ટ્રમ્પ પ્રમુખપદે ચૂંટાયા પછી ટ્રુડો ટ્રમ્પને તેમના લેવિશ માર-અ-લાગો રિસોર્ટના ઘરે મળવા ગયા, ત્યારે ટ્રમ્પે ટ્રુડોને 'ગવર્નર' તરીકે સંબોધ્યા હતા. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં બે દેશના વડાનું સ્ટેટસ સરખું જ ગણાય છે. પરંતુ આમ છતાં ટ્રુડોને 'ગવર્નર' તરીકે સંબોધીને ટ્રમ્પે તેમને પોતાનાથી ઉતરતા ગણાવી દીધા હતા. ટ્રમ્પે મજાકમાં ટ્રુડોને કેનેડાને અમેરિકાનું ૫૧મું સ્ટેટ બનાવી દેવા પણ તાકીદ કરી હતી. ટ્રમ્પએ પછી ટ્રુડો ફરી વડાપ્રધાન બને એવું નથી ઈચ્છતા એવું પણ સ્પષ્ટ કરી દીધું છે.

ટ્રમ્પે ટ્રુડો પર કરેલા કટાક્ષને દોહરાવતાં કહ્યું કે, વાયને ગ્રેટ્ઝકી ચૂંટણી લડે તો તેણે પ્રચાર પણ ના કરવો પડે અને સરળતાથી ચૂંટણી જીતીને 'કેનેડાના ગવર્નર' બની શકે છે. ટ્રમ્પે એ સ્પષ્ટતા પણ કરી કે, વાયને પોતે ચૂંટણી લડવા ઈચ્છુક નથી, એ જોતાં કેનેડાની પ્રજાએ ડ્રાફ્ટ વાયને ગ્રેટ્ઝકી ચળવળ શરૂ કરીને વાયને ગ્રેટ્ઝકીને ચૂંટણી લડવા તૈયાર કરવા જોઈએ. ટ્રમ્પે આડકતરી રીતે વાયનેને પોતાનો સંપૂર્ણ ટેકો હોવાનું જાહેર કરી દીધો છે. આ સાથે જ કેનેડિયનોને સંદેશ આપ્યો છે કે, અમેરિકા સાથે સારા સંબંધો જોઈતા હોય તો ટ્રુડો યોગ્ય ઉમેદવાર નથી. ટ્રમ્પની આ પ્રકારની સોશિયલ મીડિયા પોસ્ટના પગલે દુનિયાભરમાં વાયને ગ્રેટ્ઝકી લાઈમલાઈટમાં આવી ગયા છે. રાજકીય વિશ્લેષકો માને છે કે, ટ્રમ્પ એન્ડ કંપનીએ વાયને ગ્રેટ્ઝકીને કેનેડાના વડાપ્રદાનપદે બેસાડવાની સ્ક્રીપ્ટ લખી નાંખી છે. કેનેડામાં ૨૦૨૫ના ઓક્ટોબરમાં ચૂંટણી છે. એ જોતાં આ સ્ક્રીપ્ટના અમલ માટે ટ્રમ્પ એન્ડ કંપની પાસે પૂરતો સમય છે. વાયને ગ્રેટ્ઝકી રાજકારણી નથી, પણ સ્પોર્ટ્સપર્સન છે. અલબત્ત તેની લોકપ્રિયતા જબરદસ્ત છે, તેમાં શંકા નથી. આ સંજોગોમાં વાયને ગ્રેટ્ઝકીને આવકારવા કોઈ પણ રાજકીય પક્ષ તૈયાર થઈ જશે. ટ્રુડોની લિબરલ પાર્ટી સામે મુખ્ય પડકાર કન્ઝર્વેટિવ પાર્ટીનો છે. કન્ઝર્વેટિવલ પાર્ટી ટ્રમ્પની જેમ જ જમણેરી વિચારધારા ધરાવતી પાર્ટી હોવાથી વાયને કન્ઝર્વેટિવ પાર્ટીમાં જોડાઈને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી શકે છે. અત્યારે પીયરે માર્સલ પોઈલિએવ્રે કન્ઝર્વેટિવ પાર્ટીના લીડર છે, પણ અમેરિકાનું દબાણ હોય તો બધુ સમુ ઉતરી જાય તેમ છે. ૨૦૧૫માં વાયનેએ ટ્રુડો સામે વડાપ્રધાન જસ્ટિન હાર્પરનો પ્રચાર કર્યો હતો, પણ હાર્પર હારી ગયા હતા. વાયને પોતે પણ અત્યંત લોકપ્રિય છે. કેનેડાના ઓલટાઈમ ગ્રેટેસ્ટ આઈસ હોકી પ્લેયર વાયનેને કેનેડિયન આઈકોન માનવામાં આવે છે, તેથી તેમની લોકપ્રિયતાનો લાભ લેવા માટે કન્ઝર્વેટિવ પાર્ટી તેમને પોતાન લીડર તરીકે સ્વીકારી લે એ શક્ય છે. બીજી બાજુ ટ્રમ્પ ધાર્યુ કરવામાં માને છે. તેથી કેનેડાની ચૂંટણીનું પરિણામ તેના ધાર્યા પ્રમાણે ન આવે તો યુએસમાં કેનેડાના માલ-સામાન ઉપર ૨૫ ટકા કસ્ટમ ડયુટી નંખાઈ શકે છે.

બસ એ કારણે પણ કન્ઝર્વેટિવ પાર્ટી ટ્રમ્પની વાત માની લે તેવી શક્યતા વધુ છે. ટ્રમ્પ વાયને ગ્રેટ્ઝકીને કેનેડાના વડાપ્રધાન બનાવવા માગે છે કે જેથી કેનેડાની સરકાર તેના કહ્યામાં રહે અને અમેરિકાનાં હિતો સાચવી શકાય. વાયને મૂળ કેનેડિયન છે પણ તેની મોટાભાગની જીંદગી અમેરિકામાં વિતી છે. સારુ સ્ટેટસ ધરાવતા વાયને કદી કોઈ વિવાદમાં પડયા નથી. તેથી કેનેડાની પ્રજા તેમને માન આપે છે. વાયનેને આઈસ હોકીના જાણકારો સર્વસંમતિથી ગ્રેટેસ્ટ ખેલાડી તરીકે સ્વીકારે છે. એનએચએલના ઈતિહાસમાં વાયને જેટલા રેકોર્ડ કોઈના નામે નથી. ૧૯૯૯માં વાયનેએ ૩૮ વર્ષની ઉમરે એનએચએલમાંથી નિવૃત્તિ લીધી, ત્યારે તેમના નામે ૬૧ રેકોર્ડ નોંધાઈ ચૂકયા હતા. વાયનેની નિવૃત્તિના ૨૫ વર્ષ પછી પણ આ પૈકી મોટાભાગના રેકોર્ડ તૂટયા નથી. નેશનલ હોકી લીગમાં સૌથી વધારે વ્યક્તિગત ગોલ સહિતના રેકોર્ડ ધરાવતા વાયનેને કેનેડા આઈસ હોકી ટીમનો કોચ બનાવાયો હતો. વાયનેએ ૨૦૦૨ના વિન્ટર ઓલિમ્પિક્સમાં કેનેડાને ૫૦ વર્ષ પછી ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. એ તેની સિદ્ધિ છે. એ પછી વાયને ફિનિક્સ કોયેટોસ ટીમના સહ-માસિક અને કોચ બન્યા હતા. વાયનેએ એક્ટ્રેસ જેનેટ જોન્સ સાથે લગ્ન કર્યાં છે. જેનેટ અને વાયને ડાન્સ શોમાં મળ્યાં હતાં અને પછી પ્રેમમાં પડીને પરણી ગયાં. જેનેટ જોન્સની ફિલ્મી કારકિર્દી બહુ પ્રભાવશાળી નહોતી, તેથી જોન્સે ઠરીઠામ થવાનું પસંદ કરીને વાયને સાથે લગ્ન કરવાનું નક્કી કરી લીધું. આ લગ્નથી તેમને ૫ સંતાન છે. કેનેડાના બીજા કોઈ નેતા પાસે વાયને જેવી ઈમેજ નથી. તેથી ટ્રમ્પ પણ એક પીઢ રાજકારણીની જેમ ખેલ ખેલી રહ્યા છે. અલબત, ટ્રમ્પના મેસેજ બાદ હજી લિબરલ કે ટ્રુડોએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ ચૂંટણી માટે તેઓ પણ તૈયારી કરશે અને જીત માટે મરણીયા પ્રયાસો કરશે તેમાં કોઈ બેમત નથી. તે જોતા આવનારા દિવસોમાં કેનેડામાં રાજકીય હિલચાલ વેગીલી બનશે તે સ્પષ્ટ છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca







# 12 વર્ષની સગી પુત્રી પર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનારા પિતાને જન્મટીપ

## સગી પુત્રીને ગર્ભવતી તો બનાવી પણ પાપ છુપાવવા બીજા સાથે પરણાવી દીધી

**આણંદ**

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના એક નરાધમ પિતાએ પોતાની માત્ર ૧૨ વર્ષની કુમળી વયની સગીર પુત્રીને અવારનવાર દુષ્કર્મનો ભોગ બનાવી હતી અને આ વાત કોઈને કહીશ તો તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમ્યાન આરોપીના વારંવારના દુષ્કર્મના કારણે સગીર પુત્રી ગર્ભવતી બની ગઈ હતી, જેથી નરાધમ બાપે પોતાની મોટી દિકરીનું સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ સમૂહલગ્નના આયોજકને બતાવી બધાને અંધારામાં રાખી દુષ્કર્મનો ભોગ બનાવાયેલી સગીર પુત્રીને આ કેસના અન્ય આરોપી સાથે પરણાવી દીધી હતી. બાદમાં પીડિતા પુત્રીએ એક બાળકને જન્મ પણ આપ્યો હતો. પીડિતાના બારોબાર આ કેસના સહ આરોપી એવા યુવક સાથે લગ્ન કરાવી દીધા બાદ પીડિતા માતા બની અને બાળકની ઉંમર ત્રણ મહિનાની થઈ અને તેની બાબરી માટેની કંકોત્રી આપવા આરોપી જયારે પોતાની પત્નીના પિયરમાં ગયો ત્યારે પત્નીને ખબર પડી કે, તેની નાની ૧૨ વર્ષની છોકરીના તો લગ્ન કરી દેવાયા અને એક બાળક પણ જન્મી ગયુ છે. તેથી માતાએ જયારે આરોપી ઘેર ન હતો ત્યારે ત્યાં જઈ પોતાની પુત્રીને બાળક સાથે પિયરમાં લઈ આવી હતી અને તેને પૃચ્છા કરતાં પીડિત સગીર પુત્રીએ પિતાના કાળા કરતૂતોનો ભાંડો ફોડયો હતો. હોઈ કોર્ટે નરાધમ આરોપી પિતાને સખતમાં સખત આકરી સજા ફટકારવી જોઈએ. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી પોક્સો કોર્ટે આરોપીને જનમટીપની સજાનો ચુકાદો આપ્યો હતો.

# શહેરા તાલુકા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા સામે ઠગાઈનો ગુનો

**શહેરા**

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ બળવતસિંહ સોલંકી વલ્લવપુર ગામે પોલીસ, એસઆરપી અને સેનામાં જવા માટેની તાલીમ શાળા ચલાવતા હતા અને ત્યાં તાલીમાર્થીઓને સરકારી નોકરી અપાવવાની ખોટી લાલચ આપી રૂપિયા પડાવતા હતાં. આ અંગેની કેટલીક ફરિયાદો શહેરા પોલીસ મથકે ભૂતકાળમાં નોંધાઈ છે ત્યારે વધુ એક છેતરપિંડીની ફરિયાદ જશવંતસિંહ સોલંકી વિરુદ્ધ નોંધાઈ છે.

દાહોદ તાલુકાના કાડી તળાઈ ખાતે રહેતાં રીનેશભાઈ મોતીભાઈ કટારાએ વર્ષ ૨૦૧૯માં વલ્લવપુર ખાતે આવેલી તાલીમ શાળામાં આર્મી, પોલીસ અને એસઆરપીની તાલીમ લીધી હતી અને તેઓને તાલીમ પૂર્ણ કર્યા બાદ સરકારી નોકરી અપાવવાની ખાતરી આપી નોકરી માટે રૂપિયા આપવા પડશે તેમ જણાવ્યું હતું. રીનેશભાઈ પાસેથી તાલીમ શાળાના સંચાલક જશવંતસિંહ સોલંકીએ અલગ અલગ સમયે રૂા.૨.૭૦ લાખ પડાવ્યા હતાં. લાંબો સમય થવા છતાં રીનેશભાઈને સરકારી નોકરી નહી મળતાં જશવંતસિંહ સોલંકીને આપેલી રકમ પરત માંગી હતી પરંતુ જશવંતસિંહ ગલ્લાતલ્લા કરતાં હતાં.

# ઉમરેઠ શહેર ભાજપ મંડલ પ્રમુખ હાર્દિક પટેલની નિમણૂંક સામે MLAનો વિરોધ

## પરિવારમાં એક વ્યકિત, એક હોદ્દાનો નિયમ લાગુ કરવાની માગ

**આણંદ**

ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારે ઉમરેઠ શહેર ભાજપ મંડલ પ્રમુખ હાર્દિક પ્રકાશભાઈ પટેલની નિમણૂંક સામે ભાજપ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરને લેખિતમાં રજૂઆત કરી વિરોધ નોંધાવ્યો હતો. હાર્દિકના પિતા પ્રકાશ પટેલ સાંસદ મિતેશ પટેલના અંગત માણસ હોવાથી ધારાસભ્ય અને સાંસદ વચ્ચેનો વિખવાદ સપાટી ઉપર આવ્યો છે. દરમિયાન પ્રકાશ પટેલનું એપીએમસીના ચેરમેન પદેથી રાજીનામું લઈ લેવામાં આવ્યું છે.

ધારાસભ્યએ રજૂઆત કરી હતી કે, ઉમરેઠ શહેર ભાજપ પ્રમુખ તરીકે હાર્દિક પટેલની નિમણૂંક કરવામાં આવી છે. તેના પિતા પ્રકાશભાઈ પટેલ હાલ ઉમરેઠ એપીએમસીના ભાજપના મેન્ડેટ ઉપર ચૂંટાયેલા ચેરમેન છે. આણંદ જિલ્લા કાર્યાલય ખાતે સંગઠનની ચૂંટણીના નિયમો જાહેર કરવામાં આવ્યા હતા.જેમાં એક વ્યક્તિ, એક હોદ્દોનો નિયમ લાગુ કરાયો હતો.

# ડાકોરમાં 71.34 કરોડના તકલાદી ફ્લાયઓવર મામલે R&B વિભાગ, એજન્સીને કોર્ટની નોટિસ

**નડિયાદ**

ગુણવત્તાથી માંડી અને ગાબડા પડવાની બાબતોમાં અગાઉ વિવાદમાં સપડાયેલા ડાકોર ફ્લાય ઓવર બ્રિજનો મામલો હવે કોર્ટમાં પહોંચ્યો છે. ૪ વર્ષ પહેલા મંજૂર થયેલા અને આ વર્ષે જ લોકાર્પણ કરાયેલા ૭૧.૩૪ કરોડોના ખર્ચે બનાવાયેલા બ્રિજમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા ભ્રષ્ટાચાર આચરી અને સબસ્ટાન્ડર્ડ કામ કરવામાં આવ્યું હોવાનું ફરિયાદીએ કોર્ટ સમક્ષ જણાવ્યું છે. તેમજ આ મામલે ફોરેન્સિક તપાસની માંગણી કરી છે. કોર્ટે ફરિયાદની ગંભીરતા જોઈ અને આર એન્ડ બી (સ્ટેટ) વિભાગના કાર્યપાલક ઈજનેરો બી.ટી. સાલ્વી (નિવૃત્ત) અને વિવેક જામ, ડાકોર વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર પ્રતિક સોની અને ભરૂચની મંગલમ બિલ્ડકોન (આઈ) પ્રા. લિ. એજન્સીને નોટિસો પાઠવી છે.

ઓવરબ્રિજનું ટેન્ડરિંગ કર્યા બાદ ૭૧.૩૪ કરોડ રૂપિયાની મંજૂરી સાથે માર્ગ અને મકાન (રાજ્ય)ના ડાકોર વિભાગ દ્વારા શ્રી મંગલમ બિલ્ડકોન (આઈ) પ્રા. લિ., ભરુચને કામ સોંપ્યું હતું. જો કે, આ કામગીરી અંદાજે ત્રણેક વર્ષ સુધી ચાલી હતી અને ચાલુ વર્ષે ૨૦૨૪ની શરૂઆતમાં જ આ બ્રિજનું લોકાર્પણ કરાયું હતું. લોકો માટે ખુલ્લો મુકાયાના ચારેક મહિનામાં જ ફ્લાય ઓવરબ્રિજના રોડ પર ગાબડા પડી ગયા હતા અને અનેક પ્રકારના નુકસાન થયાનું સામે આવ્યું હતું. તે વખતે જ આ બ્રિજની કામગીરી તકલાદી અને ભ્રષ્ટાચારની પણ આશંકાઓ સેવાઈ હતી. આ સમગ્ર મામલે નડિયાદના શૈલેષ પટેલ દ્વારા મામલો નડિયાદ કોર્ટમાં દાખલ કરાયો છે.

# મહુધાના મહિસા ગામમાં દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી 61 લાખ પડાવનારો શખ્સ ઝબ્બે

## જયપુરના બેંક ખાતા ધારકની અટકાયત કરી પોલીસે અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી

**નડિયાદ**

મહુધાના મહિસા ગામે રહેતા દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૬૧ લાખ પડાવી લેવાના કેસમાં પોલીસે રાજસ્થાનના જયપુરના બેંક એકાઉન્ટ ધારકને ઝડપી પાડી પુછપરછ કરતા તે ઠગાઈમાં સંડોવાયેલો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

મહિસા ગામે રહેતા દંપતી વિણાબેન અને મધુસૂદનભાઈ પટેલને તા.૯ નવેમ્બરે એક શખ્સે ફોન કરી પોતે વિનોદ શર્મા ડીએચએલ કુરિયર સર્વિસ બોમ્બેની ઓળખ આપી, તમારા નામે આવેલા કુરિયરમાં ૪૦૦ ગ્રામ એમડીએમએ ડ્રગ્સ હોવાનું જણાવી પોલીસને જાણ કરવાની ધમકી આપી હતી. ત્યારે દંપતીએ શખ્સને પોલીસને જાણ કરવા જણાવ્યું હતું. બાદમાં તા.૧૩ નવેમ્બરે દંપતીને અજાણ્યા નંબરથી વોટ્સએપ કોલ કરી, પ્રકાશ અગ્રવાલ અને રાજેશ પ્રધાન સીબીઆઈ ઓફિસર મુંબઈની ઓળખ આપી તેમને એરેસ્ટ કરવાનું, સીબીઆઈ અને સુપ્રિમ કોર્ટનો ડર તેમજ વિદેશમાં રહેતા સંતાનો બાબતે ડર બતાવી કુલ રૂ.૬૧ લાખ પડાવી લીધા હતા. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા, જે એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા, તે એકાઉન્ટધારકની પોલીસે અટકાયત કરી પુછપરછ કરતા તે જફરૂદ્દીન માહીગીરી હોવાનું અને ફ્રોડમાં સંડોવાયેલો હોવાની કબૂલાત કરતા પોલીસે તેની અટકાયત કરી અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# સૂઈગામમાં બસ-ટેન્કર વચ્ચે ટક્કર 3 મોત, વાહનો 3 ક્રેનથી છૂટા પડાયા

**વડગામ**

સુઈગામ નજીક બસ અને ટેન્કર વચ્ચે ભયાનક ટક્કર થઈ છે. આ અકસ્માતમાં 2 લોકોના મોત નિપજ્યા છે. રાજસ્થાનથી રાજકોટ તરફથી જતી ખાનગી બસને સુઈગામના ઉચોસણ નજીક અક્સ્માત નડ્યો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે બસ અને ટેન્કરને અલગ કરવા માટે 3 ક્રેનની મદદ લેવી પડી હતી. આ અકસ્માતમાં ઘાયલ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠાના સુઈગામ નજીક મોડી રાત્રે બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં રોંગ સાઈડ તરફથી આવી રહેલા ટેન્કર ચાલકે બસને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે બસ કચ્ચરઘાણ વળી ગયો હતો. રાજસ્થાન તરફથી મુસાફરોને ભરીને રાજકોટ તરફ જતી ખાનગી બસને સુઈગામના ઉચોસણ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં આ અકસ્માતમાં 26 લોકોને ઈજા પહોંચી છે, જ્યારે 3 લોકોના મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં બે વાહનો વચ્ચે એટલી ભયંકર ટક્કર સર્જાઈ હતી કે બંને વાહનોને છૂટા પાડવા માટે 3 ક્રેનની મદદ લેવી પડી હતી.

# વડોદરા ખાતે હીંચકાના કડામાં ટાઈ ફસાઈ જતા 10 વર્ષીય બાળકનું મોત

## એકના એક પુત્રના શરીરે વાઢકાપની ના પાડી, ઘરમાં કથા હતી

**વડોદરા**

વડોદરામાં માતા-પિતા અને પરિવારજનો માટે એક ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. અહીં ઘર બહાર ફિટ કરેલા હીંચકામાં રમતા 10 વર્ષના બાળકે ગળામાં પહેરેલી ટાઈ હીંચકાના હુકમાં ફસાઈ જતા તેને ફાંસો લાગી ગયો હતો. પિતાની નજર પડતા તેઓ પુત્રને નીચે ઉતારી તરત જ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા, પરંતુ બાળકનો જીવ બચી શક્યો ન હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, લક્કડપીઠા માર્ગ પર ગનુબકરીના ખાંચામાં રહેતા ધરમભાઈ પટેલ શાકભાજીનો વેપાર કરે છે. તેમનો 10 વર્ષનો દીકરો રચિત ધો. 5 માં અભ્યાસ કરે છે. રચિતે સોમવારે એક ફંક્શનમાં હાજરી આપવાની હોવાથી ટાઈ પહેરી હતી. આ દરમિયાન તે ઘર બહાર હીંચકા પર રમતો હતો, ત્યારે તેને ફાંસો લાગી ગયો હતો. તેના પિતા ઘરની બહાર નીકળ્યા ત્યારે તેમણે પુત્રને જમીન પર ફસડાઈ પડેલો જોયો હતો. બાદમાં તેઓ રચિતને તાત્કાલિક માંજલપુરની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં ટૂંકી સારવારમાં જ તેનું મોત થયું હતું.

# ગામડીમાં પુત્રને સ્ટુડન્ટ વિઝાની લાલચ આપી વૃદ્ધ સાથે 5.51 લાખની ઠગાઈ

**આણંદ**

ગામડી ગામે રહેતા યાસીનભાઈ વ્હોરાના પુત્રવધૂ વર્ક પરમીટ વિઝા ઉપર લંડન ગયા હોય તેઓએ પુત્ર મહંમદ ઝકરીયા ને લંડન મોકલવા માટે વર્ષ ૨૦૨૨માં નરસંડા ખાતે રહેતા રોનકભાઈ હિમાંશુભાઈ પટેલ નો સંપર્ક કર્યો હતો અને કામ સોંપ્યું હતું લંડનના સ્ટુડન્ટ વિઝા અપાવવા પેટે ટુકડે ટુકડે થઈ કુલ રૂપિયા ૧૪ લાખ ચૂકવ્યા હતા રોનકભાઈએ બીઆરપી લેટર તેમજ લંડનની યુનિવસટીના ઓફર લેટરો આપી તેઓને અમદાવાદ ખાતે આવેલી યુકેની એમ્બેસીમાં લઈ ગયો હતો જ્યાં પાસપોર્ટ તથા અન્ય દસ્તાવેજો આપ્યા હતા ત્યારબાદ ટૂંક સમયમાં સ્ટુડન્ટ વિઝા આવી જશે તેમ જણાવ્યું હતું જો કે ત્યારબાદ ઘણો સમય વીતી જવા છતાં પણ વિઝા આવ્યા ન હતા અને ચારેક માસ બાદ ફક્ત પાસપોર્ટ પરત આવ્યો હતો અને વિઝા મળ્યા નહોતા જેથી યાસીનભાઈએ ડિપેન્ડન્ટ વિઝા માટે અન્ય એજન્ટને કામ સોંપ્યું હતું અને બાદમાં તપાસ કરતા બીઆરપી લેટર તથા યુનિ.ના ઓફર લેટરો બોગસ હોવાનું ખુલતા પાસપોર્ટ ઉપર યુકેના વિઝા ઉપર પ્રતિબંધનો સિક્કો વાગી ગયો હતો. જેથી આ અંગે કેસ કરતાં રોનક ભાઈએ ટુકડે ટુકડે કરીને રૂપિયા ૮,૪૮,૯૦૦ પરત આપ્યા હતા પરંતુ બાકીના રૂપિયા ૫.૫૧ લાખ પરત ન આપતા આખરે યાસીનભાઈ વોરાએ ફરિયાદ કરી હતી.

# અમરેલી લેટરકાંડ : પટેલ દીકરીનું સરઘસ કઢાતા વિવાદ

**દીકરીને આરોપી બનાવી રાત્રે 12 વાગ્યે અમરેલી પોલીસે ધરપકડ કરી, ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હોવાનો મંત્રી ઋષિકેશનો બચાવ**

**અમરેલી**

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામ વાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જણાયું હતું. લેટરમાં ધારાસભ્યને બદનામ કરવાના મામલે ભાજપના પૂર્વ હોદેદાર અને એક મહિલા સહિત 4 કાર્યકરોની પોલીસે ધરપકડ કરી હતી. આ પછી પોલીસે કથિત લેટરકાંડમાં પટેલ સમાજની કુવારી દીકરીનું સરઘસ કાઢ્યું હતું. સમગ્ર મામલામાં કોંગ્રેસ નેતાની એન્ટ્રીથી સ્થાનિક રાજકારણ ગરમાયું છે, ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા મુખ્યમંત્રી અને ખોડલ ધામના નરેશ પટેલને સંબોધીને પત્ર લખ્યો હતો.

પત્રમાં પ્રતામ દુધાતે લખ્યું હતું કે, 'અમરેલી જિલ્લામાં ભાજપના અંદરો અંદર ગ્રુપમાં લેટરકાંડ થયો હતો. જેમાં પોતાના માલિકના કહેવા પ્રમાણે ઓપરેટર તરીકે કામ કરતી પટેલ સમાજની દીકરીએ ટાઈપ કર્યું હતું. લેટરકાંડ મામલે પટેલ સમાજની દીકરીની કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો, તેણે ફક્ત પોતાના માલિકના જણાવ્યા અનુસારનું ટાઈપ કર્યું હતું. તેમ છતા આ દીકરીને આરોપી બનાવી રાત્રે 12 વાગ્યે અમરેલી પોલીસે ધરપકડ કરીને બીજા દિવસે રિકન્સ્ટ્રક્શનના નામે મુખ્ય રોડ પર તેનું સરઘસ કાઢતા હોય એ રીતે ચલાવીને બનાવના સ્થળ પર લઈ ગયા હતા. અમરેલી પોલીસ દ્વારા એક ભાજપના નેતાનો અહમ સંતોષવા માટે આ પ્રમાણે કૃત્ય કર્યું જેમાં કાયદો અને બંધારણીય જોગવાઈ મુજબ કોઈ મહિલા રાત્રિના સમયે ધરપકડ ના કરી શકાય અને કોઈ પણ મહિલાની ઓળખ છતી થાય એમ લોકો વચ્ચા લાવવામાં ના આવે તેમ છતા તેનું સરઘસ કાઢવામાં આવ્યું. આમ અમરેલી પોલીસે બંધારણીય દ્રષ્ટિએ આ દીકરી સાથે અન્યાય કર્યો છે. અમરેલીમાં ગુનેગારો, બુટલેગરો, ખનીજ ચોર વગેરેના આરોપીનું ક્યારેય સરઘસ કાઢ્યું નથી, આ ઉપરાત ઘણા આરોપીઓ ફરાર છે અને ખુલ્લેઆમ ફરી રહ્યા હોવા છતા તેમને ક્યારેય પકડવામાં આવતા નથી. જેથી અમરેલી પોલીસ અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે એવી અમારી માગ છે.'

અમરેલીમાં લેટરકાંડ મામલે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. લેટરકાંડમાં પોલીસે એક મહિલા સહિત ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પોલીસે આરોપીની રિકન્સ્ટ્રક્શનની કાર્યવાહી કરી હતી. જેમાં પટેલ સમાજની દીકરીનું સરઘસ કાઢ્યું હોવાથી તેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. સમગ્ર ઘટના મામલે ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, 'મે સ્થળની મુલાકાત લીધી હતી. દીકરીનું સરઘસ નહીંતુ કાઢ્યું પણ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું.'

## સુરેન્દ્રનગરના વોર્ડ નં.13ના ભાજપના સદસ્યએ આપી આત્મવિલોપનની ચીમકી

**ભાજપ શાસિત પાલિકામાં ભાજપના જ સભ્યનો જ વિરોધ**

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર સંયુક્ત પાલિકાના વોર્ડ નં.૧૩માં અંદાજે ૨૦ વર્ષ બાદ પાલિકા તંત્ર દ્વારા અંદાજે ૮૫ લાખથી વધુના ખર્ચે સીસી રોડ બનાવવામાં આવ્યા છે પરંતુ સીસી રોડ બન્યાના માત્ર થોડા દિવસો બાદ જ રોડ તુટી જતા અને ખાડાઓ પડતા આ વોર્ડમાંથી ચુંટાયેલ ભાજપના સદસ્ય જગદીશભાઈ પરમારે બે દિવસ પહેલા પાલિકા તંત્રને સીસી રોડની કામગીરીમાં લેબ ટેસ્ટીંગ કર્યા વગર તેમજ પુરતી માત્રમાં સીમેન્ટ વાપર્યા વગર કોન્ટ્રાક્ટર દ્વારા રોડ બનાવી નાંખ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી બ્લેક લીસ્ટ કરવાની માંગ કરી હતી. પરંતુ તેમ છતાંય કોય હકારાત્મક ઉકેલ ન આવતા ભાજપના સદસ્યએ આત્મવિલોપનની ચીમકી સાથે પાલિકા તંત્રને લેખીત રજુઆત કરી છે અને આગામી ૧૫ દિવસમાં કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી તેની ડિપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં નહિં આવે તો કલેકટર કચેરી ખાતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતા પાલિકાના સત્તાધીશો સહિત તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

## ગિરનારની લીલી પરિક્રમાની જેમ પાવાગઢની 44 કિમીની પરિક્રમા શરૂ, હજારો ભક્તો જોડાયા

**ગિરનાર**

ગિરનારની લીલી પરિક્રમાની જેમ પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થયો છે. આજે સોમવારથી બે દિવસ માટે શરૂ થયેલી પરિક્રમામાં હજારો માઈ ભક્તો જોડાયા છે. છેલ્લા નવ વર્ષથી માઈ ભક્તો દ્વારા પાવાગઢની 44 કિલોમીટરની પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાવાગઢ ખાતે મહાકાળી માતાના મંદિરે 500 વર્ષ બાદ ધ્વજા રોહણ અને જીર્ણોદ્ધાર થયા બાદ ભક્તોનો ભારે ઘસારો જોવા મળે છે. આ પરિક્રમા વિશે જેમ જેમ લોકોને ખબર પડી રહી છે, તેમ તેમ દર વર્ષે ભક્તોની સંખ્યા પણ વધી રહી છે.



આજે સોમવારે પાવાગઢની તળેટીમાં આવેલા વાઘેશ્વરી માતાના મંદિરેથી તાજપુરા આશ્રમના પૂ.લાલ બાપુ, રામજી મંદિરના રામ શરણ બાપુ તેમજ અન્ય સાધુ સંતો અને ધારાસભ્ય સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં બે દિવસની ૭મી પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થયો છે. શિયાળામાં ઠંડક રહેતી હોવાથી ભક્તોને ખાસ કોઈ તકલીફ પણ નથી પડતી. પહાડોવી વચ્ચે કુદરતી સૌદર્યને માણતા માણતા અને માતાજીનું નામ લેતા ભક્તો હર્ષોલ્લાસ સાથે આ યાત્રા કરે છે. પરિક્રમામાં વડોદરા, પંચમહાલ તેમજ આસપાસના જિલ્લામાંથી સેંકડો ભક્તો ઉમટ્યા છે. વહેલી સવારથી જ ઠેર ઠેર સંઘો ભજન મંડળીઓ સાથે પરિક્રમામાં સામેલ થયા. ભક્તો માટે રસ્તામાં મહાપ્રસાદ તેમજ ચા-નાસ્તાની સહિતની વિવિધ સેવાઓની વ્યવસ્થા કરાઈ છે.

## જામનગરમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો, વાહનો અને મકાનમાં આગચંપી, ફરિયાદ નોંધાઈ

**જામનગર**

જામનગરમાં અંધાશ્રમ હનુમાન ચોક શેરી નંબર -2 માં ગઈકાલે મંગળવારની રાત્રે અમુક શખસો 31 ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણી કરી રહ્યા હતા. આ દરમિયાન કચ્છી મહેશ્વરી મેઘવાર અને ક્ષત્રિય પરિવારના જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બંને જૂથો વચ્ચે પથ્થરમારો અને બોટલોના ઘા થયા હતા. જ્યારે આજે બુધવારની સવારે કચ્છી મહેશ્વરી પરિવારના સભ્યએ રણજીતસિંહ જાડેજા નામના વ્યક્તિના મકાનમાં આગ ચાંપી દીધી હતી. આ પછી રણજીતસિંહે ફાયર બ્રિગેડને જાણ કરાતાની સાથે ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવીને આગને કાબુમાં લીધી હતી. આગમાં ટીવી, ફર્નિચર વાયરિંગ વગેરે બળીને ખાખ થતા મકાનને નુકસાન થયું હતું. સમગ્ર ઘટનાની પોલીસને જાણ કરતા સિટી સી. ડિવિઝન પોલીસ ઘટના સ્થળે દોડી આવીને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. સમગ્ર ઘટના અંગે રાજપૂત પરિવારના હકુબા રણજીતસિંહ જાડેજાએ સિટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણ શખસો વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, હકુબાનો પુત્ર દિવ્યરાજસિંહ ગઈકાલે રાત્રે લગભગ 11.30 વાગ્યે દિગ્જામ ઓવર બ્રિજ નીચેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન તાપણું કરી રહેલા ત્રણ શખસોએ દિવ્યરાજસિંહને રોકીને માર માર્યો હતો. જેની જાણ હકુબાને કરતા તેઓ સ્થળ પર પહોંચીને પુત્રને છોડાવીને ઘરે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ ત્રણેય શખસોએ હકુબાના ઘરે આવીને પથ્થરમારો-બોટલો ફેંકી હતી. જેની જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી તો ત્રણેય આરોપીઓ ભાગી ગયા હતા.

## રાણપુર તાલુકાના 15 ગામોના ખેડૂતોમાં પિયત મુદ્દે આક્રોશ, આંદોલનની ચીમકી

**ખેડૂત આગેવાનોની વારંવાર રજૂઆત છતા પરિણામ શૂન્ય**

**ધંધુકા**

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાની લીમડી પેટા કેનાલોના કામ ૧૫ થી ૧૭ વર્ષથી પુર્ણ થયા નથી. જેના કારણે રાણપુર તાલુકાના કિનારા ગામ પાસેથી પસાર થતી કેનાલની સાથે જોડાયેલ ૧૫ ગામોના ખેડૂતોની આઠ હજાર હેકટર જમીનને પિયત માટે પાણી મળતુ નથી.આ અંગે તંત્રની લાપરવાહીના વિરોધમાં ૧૫ ગામોના ખેડૂતોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો છે અને તેના વિરોધમાં ખેડૂતોએ આક્રોશભેર આંદોલનના મંડાણ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના કિનારા ગામના પાદરમાંથી નિકળતી લીમડી, નર્મદા પેટા વિભાગની આઈડી માયનોર ૧૦ કેનાલ છેલ્લા ૧૫ થી ૧૭ વર્ષથી અધૂરી છે. કામ પુરુ કરવામાં આવ્યુ નહિ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામેલ છે. જેના કારણે કેનાલ સાથે જોડાયેલા ૧૫ ગામોના ખેડૂતોની આઠ હજાર હેકટર જમીનને પિયતનું પાણી મળતુ નથી.

## રાજકોટમાં કુખ્યાત ભરત કુગશીયાને વધુ એક કેસમાં આજીવન કેદની સજા

**રાજકોટ**

રાજકોટમાં ૨૦૧૩ની સાલમાં કલ્પેશ વીરજીભાઈ કાકડીયા ઉપર ખૂની હુમલો કરવાના ગુનામાં પકડાયેલા આરોપી ભરત રઘુભાઈ કુગશીયા અને તેના ભાઈ ભાવેશને સેશન્સ જજ વી.કે. ભટ્ટે તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફરમાવી છે. આ ઉપરાંત પ્રત્યેક આરોપીને રૂા. ૨.૫૦ લાખનો દંડ ભરવાનો પણ હુકમ કર્યો છે.જ્યારે ચાર આરોપીઓને કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ તકરાર વખતે ફરિયાદી કલ્પેશ હાજર હોવાથી તકરારનો દ્વેષભાવ રાખી તેના જામનગરથી મોરબી જતા રસ્તા પર આવેલા સેન્ટીંગના ડેલામાં ઘૂસી જઈ આરોપીઓએ તેની ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જે અંગે છ આરોપીઓ સામે હત્યાની કોશિષનો ગુનો દાખલ થયો હતો. આ કેસ ચાલી જતાં બંને પક્ષોની દલીલો, રજૂઆતો ધ્યાને લઈ, પૂરાવાઓ તપાસી અદાલતે આરોપી ભરત અને તેના ભાઈ ભાવેશને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફરમાવી છે. સાથોસાથ બંને આરોપીઓને રૂા. ૨.૫૦ લાખનો દંડ ભરવાનો પણ હુકમ કર્યો છે. જ્યારે આરોપીઓ જગદીશ કુગશીયા, મહાવીર જાડેજા, જેન્તી જંજુવાડીયા અને ધર્મેશ જંજુવાડીયાને અદાલતે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી એડવોકેટ અર્જુનભાઈ પટેલ જ્યારે સરકાર પક્ષ તરફથી જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરા અને એપીપી પરાગભાઈ શાહ રોકાયેલા હતા.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# નવા વર્ષ પહેલા સુરતમાં દુર્ઘટના, હજીરાની કંપનીમાં ધડાકો થતાં 4 હોમાયા, 10ને ઈજા

## કોઈલ ફાટીને કર્મચારી પર પડી, પ્લાન્ટમાં ટુ યર પ્લેટફોર્મથી આગ શરૂ થઈ હતી

**સુરત**

સુરતના હજીરા સ્થિત AMNS ઈન્ડીયા કંપનીનાં સ્ટીલ પરિસરમાં આવેલા કોરેકસ પ્લાન્ટમાં થર્ટી ફર્સ્ટની સાંજે 6 વાગ્યાની આસપાસ અચાનક ધડાકા સાથે આગ લાગતાં 4 કર્મચારીઓ ઘટના સ્થળે જ આગમાં ભડથું થઈ મૃત્યુ પામ્યા છે તથા એક કર્મચારી ગંભીર રીતે દાઝી જતા તેને કંપનીની ઈનહાઉસ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાને પગલે હજીરા AMNS કેમ્પસમાં પહોંચેલા સુરતનાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું હતું કે, ‘પ્રાથમિક તબક્કે એવું લાગે છે કેકંપનીનાં કોરેકસ પ્લાન્ટમાં ટેમ્પ્રેચર વધી જતાં આ દુર્ઘટના બની હોય શકે છે. ધડાકા સાથે આગ લાગવાની ઘટનામાં કુલ 4 કામદારોનાં મોત થયાં છે.

AMNS ઈન્ડિયાનાં પ્રવકતાએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, AMNS હજીરા ઓપરેશન્સ



ખાતે સાધનોની નિષ્ફળતાને કારણે COREX પ્લાન્ટમાં અકસ્માતની જાણ કરવા બદલ અમે દિલગીર છીએ. આ અકસ્માત 31 ડિસેમ્બરની સાંજે 6:00 વાગ્યાની આસપાસ શટડાઉન પછી યુનિટના પુનઃપ્રારંભ દરમિયાન થયો હતો.

નજીકની લિફ્ટ (લિફ્ટ) પર જાળવણી કરી રહેલા ખાનગી કંપનીના ચાર કોન્ટ્રાક્ટ કામદારો આગ લાગવાનું અસરમાં ફસાઈ ગયા હતા અને તેઓ બચી શક્યા ન હતા. એક કામદારને થોડી ઈજા થઈ હતી અને તેને તાત્કાલિક પ્લાન્ટ પરિસરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને તે સાજો થઈ રહ્યો છે.પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસ દરમિયાન માહિતી મળી છે કે, આજે સાંજે છ વાગ્યાના સમયે હજીરા એમએમએસ કંપનીમાં ફોરેક્સ ટુ પ્લાન્ટ માં ટુયેર પ્લેટફોર્મમાં રો મટીરીયલ્સની ટ્યુબ ફાટી જતા તેમાંથી નીકળેલું ગરમ રો મટીરીયલ ફોરેક્સ ટુ પ્લાન્ટમાં લિફ્ટમાં જતા અને લિફ્ટમાં હાજર (1) જીગ્નેશ દિલીપકુમાર રહેવાસી અડાજણ સુરત પટેલ (2) ધવલકુમાર નરેશભાઈ રહેવાસી પાટી જવાહર ફળિયુ વ્યારા તાપી જિલ્લો (3) પટેલ સંદીપકુમાર અશોકભાઈ ખાન્ડલ મહુવા કોદાદા સુરત (4) ગણેશ સુરજ બુધ (રહે,બાલાપુર રોડ દશરા નગર સેગાવ બુલદાના મહારાષ્ટ્ર) ના શરીરે પડતાં તેઓ દાઝીને મૃત્યુ પામ્યા હતા. મૃતકો યુડી એલીવેટરના કર્મચારી કોઈલ ફાટીને દાઝી જવાથી મોતને ભેટેલા ચારેય કર્મચારી લીફ્ટ મેન્ટેનન્સના માણસો હતા.

# સુરતના ગોડાદરામાં દીકરીઓ સામે જ પતિએ પત્નીનું ગળું કાપી નાખ્યું

**સુરત**

સુરતના પતિએ પત્નીની હત્યા કરી હોય તેવી બીજી ઘટના બની. શહેરના ગોડાદરા વિસ્તારમાં સુતેલી પત્નીને બે દીકરીની નજર સામે જ પતિએ ચપ્પુથી રહેસી નાખી હતી. દીકરીએ માતાનું ગળું કપાયેલું જોઈને બુમાબૂમ કરી હતી. ગંભીર રીતે ઘાયલ મહિલાને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, ડોક્ટરોએ મહિલાને મૃત જાહેર કરી હતી. પોલીસે આખરે હત્યારા પતિની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી પ્રમાણે મૂળ અમરેલી જિલ્લાનો આ પરિવાર હાલમાં સુરતના ગોડાદરામાં આવેલા દેવદગામની સન્ડે લગુન હાઈટ્સમાં રહે છે. મૃતક 35 વર્ષીય નમ્રતા જયસુખભાઈ વાણીયા સહપરિવાર રહેતા હતા. જેમાં સાસુ, સસરા, દેરાણી, પતિ, એક આઠ વર્ષની અને એક ત્રણ વર્ષની એમ બે દીકરીઓનો સમાવેશ થાય છે.

સંયુક્ત કુંટુંબમાં રહેતો પરિવારે જમ્યા બાદ પોતપોતાના રૂમમાં સૂવા માટે ગયા હતો. પરંતુ રાત્રે નમ્રતાબેન અને તેમના પતિ જયસુખભાઈનો કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ દરમિયાન રાત્રીના લગભગ એક વાગ્યાની આસપાસ જયસુખભાઈએ બંને દીકરીઓની હાજરીમાં જ ચપ્પુ વડે નમ્રતાબેનનું ગળું કાપી હત્યા કરી દીધી હતી. જે પછી રૂમ પણ લોહીલુહાણ થઈ ગયો હતો. મોટી દીકરી ઊંઘમાંથી જાગી જતા માતાને લોહીલુહાણ જોતા બુમાબુમ કરી મુકી હતી.

પરિવારના જણાવ્યા પ્રમાણે જયસુખભાઈ ક્યારેક-ક્યારેક જ છૂટક મજૂરીનું કામ કરતાં હતા, બાકી નવરા બેસી રહેતા. સાથે જ તેમને દારૂ પિવાની પણ ટેવ હતી. જ્યારે નમ્રતાબેન સાડી અને ચણીયા ચોળી વેચવાની કામગીરી કરીને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. મોટાભાગે પતિ કામ પર ન જતા હોવાના કારણે બન્ને વચ્ચે ઝઘડાઓ થતા હતા. આ ઉપરાંત નમ્રતાબેનને સાસરિયાઓ દ્વારા પણ ત્રાસ આપવામાં આવતો હતો.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# નડિયાદ પાલિકાનું 'સ્પેશિયલ-26' ભરતી કૌભાંડ : 21ને નોટિસ

## 2014માં કર્મચારીઓની નિમણૂક બાદ 2018માં ભરતી રદ કરાઈ છતાં 2019માં જનરલ બોર્ડે કાયમી કરતો ઠરાવ કરી દીધો હતો

**ખેડા-નડિયાદ**

નડિયાદ નગરપાલિકામાં વર્ષ ૨૦૧૪માં ૨૬ જેટલા કર્મચારીઓની વિવિધ પદો પર ફિક્સ પગાર ધોરણથી ભરતી કરાઈ હતી. આ કર્મચારીઓની ભરતી બોગસ હોવાનો દાવો થયો અને તે મામલે મ્યુનિસિપાલ એડમિનિસ્ટ્રેશન કચેરીના નાયબ નિયામકે આ ભરતી રદ્દ કરતો ઓર્ડર ૨૦૧૮માં કર્યો. આ બાદ ભરતી રદ્દ કરવાને બદલે ૨૦૧૯માં તત્કાલિન પ્રમુખે જનરલ બોર્ડમાં પ્રમુખ સ્થાનેથી આ કર્મચારીઓને કાયમી કરવાનો ઠરાવ મંજૂર કર્યો હતો.

આ સમગ્ર મામલે સતત ફરિયાદો ચાલી રહી હતી, આ વચ્ચે હવે પ્રાદેશિક કમિશનરની કોર્ટમાં આ મામલે ઠરાવ રદ્દ કરવા બાબતે ફરીયાદી અને નગરપાલિકાના પ્રમુખ કિન્નરીબેન શાહ,




ચીફ ઓફિસર રૂદ્રેશભાઈ જે. હુદર તેમજ ૨૧ કર્મચારીઓને તા. ૩જી જાન્યુઆરીએ અમદાવાદ હાજર રહેવા નોટિસ ફટકારાઈ છે. નડિયાદ નગરપાલિકાએ વર્ષ ૨૦૧૪માં એક ભરતી બહાર પાડી હતી. જેમાં ૩૪૦૦ જેટલા લોકોએ દાવેદારી કરી. જો કે, નગરપાલિકાના તે સમયના સત્તાવાળાઓ દ્વારા ભરતી કોની કરવી તે અગાઉથી જ પ્લાન કર્યું હતું. તે મુજબ અલગ-અલગ ૨૬ પદો પર માનીતાઓની પાંચ વર્ષના ફિક્સ પગાર પર ભરતી કરી દીધી હતી. આ ભરતી પ્રક્રિયાના લાભથી વંચિત રહેલા બાબુભાઈ પટેલે ૧૪ માર્ચ, ૨૦૧૮ના રોજ મ્યુનિસિપાલિટી કમિશનરને લેખિત રજૂઆત આધાર-પુરાવા સાથે કરી હતી. જે બાદ મ્યુનિસિપાલિટી કમિશ્નર દ્વારા અધિક કલેક્ટરને તપાસ સોંપાઈ અને આ તપાસના રીપોર્ટને સંજ્ઞાનમાં લઈ ૭ જુલાઈ, ૨૦૧૮ના રોજ આ ભરતી રદ કરી અને જવાબદારો સામે કોગ્નીઝેબલ ગુનો દાખલ કરવા આદેશ કર્યો હતો.

જો કે, આ આદેશને ઘોળીને પી જનારા તત્કાલિન સત્તાવાળા અને નગરપાલિકા તંત્રએ ૩૧/૧૦/૨૦૧૯ની સામાન્ય સભામાં પ્રમુખ સ્થાનેથી ઠરાવ નં.૧થી આ કર્મચારીઓને કાયમી કરવાનો ઠરાવ કરી દીધો હતો. હવે આ પ્રકરણ સંદર્ભે પ્રાદેશિક કમિશનર દ્વારા ૨૦૧૯માં કરાયેલો ઠરાવ ૨૦૧૮માં મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરાયેલા આદેશનો અનાદર કરીને કરાયો હોવાનું જણાતા, આ મામલે સુનાવણી રાખી છે. જેમાં ફરિયાદી મૌલિકકુમાર શ્રીમાળીની રજૂઆત સામે નડિયાદ નગરપાલિકાના ચીફ ઓફિસર રૂદ્રેશભાઈ જે. હુદર, નગરપાલિકાના પ્રમુખ કિન્નરીબેન શાહ અને ભરતી પામેલા ૨૧ કર્મચારીઓએ પોતાનો જવાબ રજૂ કરવા હાજર રહેવાનું છે. જે-તે સમયે ૨૬ કર્મચારીઓની ભરતી થઈ હતી, પરંતુ તેમાંથી એક ઉમેદવાર ભરતીના લાભથી બાકાત રહ્યા હતા. તો આ સાથે જ અન્ય કર્મચારીઓ નિવૃત થયા હોવાની વિગતો મળી રહી છે.

# મુન્દ્રામાં સોપારીકાંડ: દુબઈથી આયાત 3 કરોડનો 53 ટનનો જથ્થો પકડાયો

**મુન્દ્રા**

થોજા સમય પહેલા મુન્દ્રા પોર્ટ સોલ્ટના બહાને સોપારીનો જથ્થો ઘુસાડવાના કૌભાંડ બાદ ફરી એક વખત સોપારીકાંડ ચર્ચામાં આવ્યું છે. હવે પ્લાસ્ટીકના દાણાની આડમાં દુબઈથી ઘૂસાડાતો સોપારીનો જથ્થો પકડાયો છે. કસ્ટમની એસ.આઈ.આઈ.બી (સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ) વિંગ, મુન્દ્રાએ 53 ટન 3 કરોડ રૂપિયાનો સોપારીનો જથ્થો ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે ટીમે બે કન્ટેનરને અટકાવીને તપાસ કરી હતી.

દુબઈથી પ્લાસ્ટીકના દાણાની આડમાં મુન્દ્રા પોર્ટ પર સોપારીનો જથ્થો આવી રહ્યાની કસ્ટમને બાતમી મળી હતી. જેના પગલે વોચ ગોઠવીને બે મોટા કન્ટેનરોની તપાસ કરતા તેમાંથી 3 કરોડ રૂપિયાની સોપારીનો જથ્થો મળી આવ્યો હતો.

મુન્દ્રા કસ્ટમના પ્રિસિપલ કમિશનર કે.એન્જિનિયરની કસ્ટમ્સની બ્રાંચે તપાસ કરી હતી. સોપારીના બે કન્ટેનરો કંડલા સ્પેશિયલ ઈકોનોમીક ઝોનના એક યુનિટમાં જતા હોવાનું અને તેમાં પીવીસી રેઝિન એટલે કે પ્લાસ્ટીકના દાણા હોવાનું જણવા મળ્યું હતું.

# આણંદમાં 'ચિલ્ડ્રન બૅંક ઑફ ઈન્ડિયા' લખેલી 17 લાખની નકલી નોટો કબજે, 4ની ધરપકડ

**આણંદ**

ગુજરાતમાં અવાર-નવાર નકલી નોટો ઝડપાઈ રહી છે. તેનો મતલબ એ કે હજુ પણ માર્કેટમાં નકલી નોટો ફરી રહી છે અને તેનો બિઝનેસ પણ ચાલી રહ્યો છે. હાલમાં જ આણંદ જિલ્લામાં તારાપુર ચોકડી પર પોલીસ તપાસ દરમિયાન 17 લાખ રૂપિયાની નકલી ચલણી નોટો ઝડપાઈ છે. જે મામલે 4 આરોપીઓની ધરપકડ કરાઈ છે અને અત્યાર સુધીમાં કુલ 7 લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. સોજિત્રા તરફથી આવતી એક કારમાં બનાવટી નોટનો મોટો જથ્થો છે. જે બાતમીના આધારે પોલીસે 27 ડિસેમ્બર 2024ની રાત્રે તારાપુર ચોકડી પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન એક શંકાસ્પદ કાર આવી, જેમાં ચાર શખ્સો સવાર હતા. આ કારની ડેકીમાં તપાસ કરતાં ખાખી કલરનું એક બોક્સ મળી આવ્યું હતું.



જેમાં રૂ. 500 અને રૂ. 100ના દરની નોટના 34 બંડલ મળી આવ્યા હતા, જેની ગણતરી કરતાં કુલ 17 લાખની નકલી નોટ મળી આવી હતી. આ સાથે કારમાં સવાર પરમાર સુરેશ ફતેસિંહ, પટાટ રાજા કાના, ગોસ્વામી વિજય મોહનપુરી અને વાળા પ્રકાશ વિક્રમની અટકાયત કરવામાં આવી હતી.

# નડિયાદમાં હિન્દુ યુવતીને ધમકાવવાના કેસમાં માસૂમ મહીડાને 3 વર્ષની કેદની સજા ફટકારાઈ

## 10 હજારનો દંડ કોર્ટે ફટકાર્યો : આરોપી વિરૂદ્ધ અગાઉ લવ જેહાદ, પાસા સહિતના ગુના

**નડિયાદ**

નડિયાદમાં એક હિન્દુ યુવતીના ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર વાયરલ કરી અને તેની છેડતી કરવા સહિત પીછો કરી ધમકીઓ આપવાના મામલે કુખ્યાત માસુમ મહીડાને કોર્ટે ૩ વર્ષની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૫-૧૬ની આ બિના મામલે કોર્ટે આરોપીને ૧૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં નડિયાદમાં ચકચારીત લવજેહાદનો કેસ બન્યો હતો. આ ગુનાના આરોપી માસુમ મહીડાએ હિન્દુ દિકરીને લલચાવીને પોતાના સંકજામાં લીધી હતી. તે બાદ યુવતી ત્યાંથી છૂટી નીકળી અને પોતાના માતા-પિતા પાસે પરત આવી હતી. આ બાદ યુવતી નડિયાદ નજીકની એક યુનિવસટીમાં અભ્યાસ અર્થે જતી હતી, તે દરમિયાન આ માસુમ મહીડા રસ્તામાં યુવતીની ગાડી પાસે તેની ગાડી લઈ જઈ અને કાચ ખોલી ચક્કુ બતાવી મારી નાખવાની ધમકી આપતો હતો. આ સિવાય માસુમ મહીડા યુવતીના ફોટોગ્રાફ્સ વાંધાજનક સ્લોગન સાથે સોશિયલ મીડિયા પર મુકતો હતો. જેથી યુવતીજી વકીલ મારફતે નોટિસ આપવા સાથે પશ્ચિમ પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો. આ કેસમાં ચાર્જશીટ થતા કોર્ટમાં ચાલી ગયો હતો. જે મામલે આજે નડિયાદ એડી. સિવિલ જજ અને જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ ચૈતન્ય વી. લિમ્બાચિયાએ આરોપી માસુમ મહીડાને દોષિત ઠેરવી અને ૩ વર્ષની સજા ફટકારી છે અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

# દહેજની GFL કંપનીમાં ગેસ લીકેજથી ચાર શ્રમિકના મોતથી સનસનાટી મચી

**દહેજ**

ગુજરાતના ભરૂચના દહેજમાં એક મોટી દુર્ઘટના બની. દહેજ વિસ્તારમાં આવેલી GFL કંપનીમાં ગેસ લીકેજ થતાં ચાર કામદાર મૃત્યુ પામ્યા છે. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો, અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. ઘટના બાદ શ્રમિકોને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. બીજી તરફ કંપનીએ મૃતકોના પરિવારજનોને 25-25 લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

ભરૂચના જીએફએલ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં ગેસ ગળતરની ઘટના બની હતી, જેમાં ચાર કામદારોના મોત થયા છે. મળતી માહિતી મુજબ, વાલ્વ લીકેજ થતા ઘાતક ગેસ લીક થયો હતો. જ્યારબાદ કામદારોને તાત્કાલિક ધોરણે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમના મોત નિપજ્યા હતાં.

ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તો મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# અંબાના ભક્તો માટે ગુડ ન્યૂઝ, અમદાવાદથી 2027માં ટ્રેન દોડતી થશે, 20% કામગીરી પૂર્ણ

## અંબાજી મંદિરની થીમ પર સ્ટેશન બનાવાશે, ગુજરાતના 3 જિલ્લાના 104 ગામને મળશે લાભ

**અંબાજી**

શક્તિપીઠ અંબાજી જવા માંગતા શ્રદ્ધાળુઓ માટે આનંદના સમાચાર છે. હવે અમદાવાદથી 173 કિલોમીટર દૂરના અંતરે આવેલા અંબાજી સુધી ટ્રેન દ્વારા પહોંચી શકાશે. અમદાવાદ-અંબાજીને રેલ નેટવર્ક સાથે જોડવાની તેમજ શક્તિપીઠ અંબાજીમાં રેલવે સ્ટેશન બનાવવાની કામગીરી હાલ કાર્યરત છે. ગુજરાતમાં હવે 2027માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી અગાઉ અમદાવાદથી અંબાજી વચ્ચે ટ્રેન દોડતી થઈ જાય તેવી સંભાવના છે.


અમદાવાદથી અંબાજી માટે હાલ માત્ર બાય રોડનો વિકલ્પ છે. અમદાવાદ-અંબાજી વચ્ચે ટ્રેન દોડતી કરવા મહેસાણા નજીક તારંગાથી અંબાજી થઈ આબુ રોડ સુધીની લગભગ 116 કિલોમીટર લાંબી નવી રેલવે લાઈન નાખવાની કામગીરી હાલમાં જારી છે. આ રેલવે લાઈન શરુ થતાં લોકો અમદાવાદ અને દિલ્હીથી સીધા અંબાજી સુધી ટ્રેન દ્વારા અવર-જવર કરી શકશે. આ રેલવે લાઈન 6 નદી, 60 ગામ વચ્ચેથી પસાર થશે. ચાર તબક્કામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટથી ગુજરાતના 3 જિલ્લાના 104 ગામને લાભ થશે. આ રેલવે લાઈન મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજસ્થાનમાં સિરોહીથી પસાર થશે. ન્યુ તારંગા હિલ, સતલાસણા, મુમનાવાસ, મહુડી, દાલપુરા, રૂપપુરા, હડાડ અંદાજે 15 જેટલા સ્ટેશન બનાવાશે. અંબાજી રેલવે સ્ટેશન બનાવવાની કામગીરી પણ શરુ કરી દેવાઈ છે. અંબાજી સ્ટેશનનું પ્લેટફૉર્મ અને સ્ટેશન બિલ્ડિંગ મંદિર નજીક ચિકલા ગામ વિસ્તારમાં આવેલ પર્વતમાળા તેમજ 400 જેટલા વૃક્ષોને કાપી તૈયાર કરવામાં આવશે.

# ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડ: 15 પરિવારો હાઈકોર્ટના શરણે

**અમદાવાદ**

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલી ગેરરીતિઓ અને દર્દીઓ સાથેની છેતરપિંડીના મામલાએ નવો વળાંક લીધો છે. હોસ્પિટલના કથિત કૌભાંડનો ભોગ બનેલા ૧૫ પરિવારોએ હવે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ અરજીમાં પીડિત પરિવારોએ વ્યક્તિગત ફરિયાદ નોંધાવવાની માંગ કરી છે.ખ્યાતિ હોસ્પિટલ પર એવા ગંભીર આરોપો છે કે તેણે તમામ નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરીને દર્દીઓને શારીરિક અને આર્થિક રીતે નુકસાન પહોંચાડયું છે. હોસ્પિટલ પર આરોપ છે કે તેણે ખોટી રીતે એન્જીયોગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી જેવી પ્રક્રિયાઓ કરી છે, જેના કારણે ઘણા દર્દીઓને શારીરિક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.અત્યાર સુધી આ કેસમાં માત્ર એક જ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેના કારણે અન્ય પીડિત પરિવારોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

સ્વદેશ



## ભૂલભૂલૈયા થ્રી હિટ થયા બાદ કાર્તિકે વધુ બે પ્રોપર્ટી ખરીદી

મુંબઇ : કાર્તિક આર્યને મુંબઈના અંધેરીમાં બે નવી પ્રોપર્ટી ખરીદી છે. તેમાં એક ફ્લેટ તથા એક ઓફિસ સ્પેસનો સમાવેશ થાય છે. 'ભૂલભૂલૈયા થ્રી'ની સફળતા બાદ કાર્તિકે આ સોદો કર્યો છે. છેલ્લા કેટલાય સમયથી તે રિયલ એસ્ટેટમાં મોટાપાયે રોકાણ કરી રહ્યો છે. અગાઉ પણ તેણે જુહુમાં બે ફ્લેટ, વર્સોવામાં એક ફ્લેટ ઉપરાંત અંધેરીમાં કોમર્શિઅલ સ્પેસમાં રોકાણ કરી ચૂક્યો છે. 'ભૂલભૂલૈયા થ્રી'ની સફળતા પછી કાર્તિકે પોતાની ફી વધારી દીધી છે અને હાલ તે નવી ફિલ્મોની સાઈનિંગ એમાઉન્ટના પૈસામાંથી એક પછી એક પ્રોપર્ટીઓ ખરીદી રહ્યો હોવાનું મનાય છે.

## મીટૂને લઈ અનેકવાર આપઘાતના પ્રયાસ કર્યા : સાજીદ ખાન



વર્ષ 2018માં હોલિવૂડના 'મીટૂ' કેમ્પેઈનની શરૂઆત થઈ હતી. હોલિવૂડથી શરૂ થયેલા આ કેમ્પેઈનની આગ બોલિવૂડ સુધી પહોંચી અને ઘણા દિગ્ગજ સ્ટાર્સ તેનો ભોગ બન્યા. બોલિવૂડનો ડાયરેક્ટર સાજિદ ખાન પણ તેની ચપેટમાં આવ્યો અને તેનું જીવન બરબાદ થઈ ગયું. સાજિદ ખાને આ મુદ્દે દુઃખ વ્યક્ત કર્યું છે. સાજિદ ખાને તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે 'ગત 6 વર્ષમાં મે પોતાનું જીવન ખતમ કરવાના ઘણી વખત પ્રયત્ન કર્યા છે. મીટૂ કેમ્પેઈન બાદ મારું કરિયર પણ તબાહ થઈ ગયું હતું.' સાજિદ ખાને આ મુદ્દે ખુલીને વાત કરી છે. જેમાં સાજિદ ખાને જણાવ્યું, 'મે છેલ્લા છ વર્ષમાં ઘણી વખત પોતાનું જીવન ખતમ કરવા વિશે વિચાર્યું છે. આ મારા જીવનનો સૌથી ખરાબ સમય રહ્યો છે. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડાયરેક્ટર્સ એસોસિએશનથી લીલી ઝંડી મળ્યા બાદ પણ મારી પાસે 6 વર્ષ સુધી કામ રહ્યું નહીં. હું 14 વર્ષથી આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યો છું. મારા પિતાજી બાદ અમે તમામ ભાઈ-બહેનોએ અહીં કામ કરવાનું શરૂ કર્યું હતું. મને ખુશી થાત જો મારા માતા એ જોવત કે હું ફરીથી પગભર થઈ રહ્યો છું. છેલ્લા 6 વર્ષમાં હું પોતાના કરિયરના સૌથી ખરાબ સમયમાંથી પસાર થયો છું.'

# જ્યારે બ્રેકઅપ થયું ત્યારે સમજાયું કે એ પ્રેમ નહીં, ક્રશ હતો : ક્રિતિ



થોડા દિવસો પહેલા ક્રિતિ સેનન બિઝનેસમેન કબીર બહિયા સાથે ક્રિસમસ સેલિબ્રેટ કરતી જોવા મળી હતી. ક્રિતિએ તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર સેલિબ્રેશનની આ તસવીરો પણ શેર કરી છે. તાજેતરમાં જ ક્રિતિ એક પોડકાસ્ટમાં જોવા મળી હતી. આ પોડકાસ્ટમાં તેણે કરિયર અને અંગત જીવન વિશે ઘણી વાતો કરી હતી. સાથે સાથે પ્રેમને લઈને પોતાની લાગણીઓ શેર કરી હતી.

ક્રિતિ સેનનને પોડકાસ્ટમાં તેના પ્રથમ ક્રશ વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે 'હું માત્ર ત્યારે જ મારી વાત સાંભળું છું જ્યારે પ્રેમની વાત આવે છે. હું આ મામલે કોઈનું સાંભળતી નથી. જ્યારે હું અગિયારમાં ધોરણમાં હતી ત્યારે મારો પ્રથમ ક્રશ એક ઊંચો છોકરો હતો. હું ઘણી વખત તેની તરફ જોતી અમે બંને એકબીજાને પસંદ કરતા હતા. તે છોકરો મારા માતાના ફોન પર ફોન કરતો હતો. મારી માટે મારા માતાથી આ વાત છુપાવવી ખૂબ મુશ્કેલ હતી.' ક્રિતિ તેના પ્રથમ ક્રશને યાદ કરીને ખૂબ હસવા લાગી હતી. ક્રિતિનો પ્રથમ ક્રશ સાથેનો સંબંધ તૂટી ગયો. પોડકાસ્ટમાં ક્રિતિએ જણાવ્યું કે, 'જ્યારે બ્રેકઅપ થયું ત્યારે હું ખૂબ રડી હતી. પાછળથી મને સમજાયું કે આ પ્રેમ નથી, આ માત્ર એક ક્રશ હતો.

ક્રિતિ સેનને આ વર્ષે ત્રણ ફિલ્મોમાં કામ કર્યું હતું, જેમાં તેરી બાતો મેં ઐસા ઉલ્ઝા જિયા, ક્રૂ અને દો પત્તીનો સમાવેશ થાય છે. ફિલ્મમાં અભિનયની સાથે ક્રિતિએ પ્રોડ્યુસર તરીકે પણ કામ કર્યું છે. ભવિષ્યમાં તે પોતાના પ્રોડક્શન હાઉસ હેઠળ વિવિધ ફિલ્મો બનાવવા માગે છે.

### સ્કૂલ ટાઇમ લવ અંગે ક્રિતિ સેનનનો ખુલાસો

## સાઉથના ફિલ્મ ડિરેક્ટરોના કારણે જ બોલિવૂડ ફરી બેઠું થયું : નગા વામસી



નોર્થ અને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મ નિર્માતા બોની કપૂર અને નગા વામસી વચ્ચે શબ્દ યુદ્ધ શરૂ થયું છે. એક વાતચીત દરમિયાન લકી ભાસ્કરના નિર્માતા નગા વામસીએ કહ્યું કે, તેલુગુ ફિલ્મ નિર્માતાઓએ હિન્દી સિનેમાને બદલી નાખ્યું છે. કારણ કે, હિન્દી ફિલ્મ નિર્માતાઓ માત્ર બાંદ્રા અને જુહુ માટે જ ફિલ્મો બનાવવામાં અટવાયેલા હતા. જોકે આ મુલાકાત દરમિયાન બોની કપૂરે હિન્દી ફિલ્મોનો બચાવ કર્યો હતો. બીજી બાજુ બોની કપૂરે પણ સમગ્ર વિશ્વમાં હિન્દી અને તેલુગુ ફિલ્મોના પ્રભાવ વિશે વાત કરી છે. ફિલ્મ નિર્માતાએ કહ્યું, 'ઉદાહરણ તરીકે, રાજ કપૂરને આજે પણ રશિયામાં યાદ કરવામાં આવે છે. જ્યારે હું ઈજિપ્ત ગયો ત્યારે તેઓએ માત્ર અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન વિશે જ વાત કરી. અમિતાભ બચ્ચનનું નામ મોરોક્કોમાં લોકપ્રિય છે. મોરોક્કોમાં રાજાએ પહેલા અમિતાભ અને બાદમાં શાહરૂખ ખાનનું સન્માન કર્યું હતું.


# ભારતની સૌથી ધનિક અભિનેત્રી, કિંગ ખાન સાથે કરે છે બિઝનેસ



90ના દાયકાની આ અભિનેત્રી હાલમાં ફિલ્મોમાં વધારે એક્ટિવ નથી. વર્ષ 2004માં તેની કોઈ ફિલ્મ નથી આવી. વર્ષ 2023માં તેણે એક ફિલ્મ અને એક વેબ સીરિઝમાં કામ કર્યું છે. તેમ છતાં આ અભિનેત્રી ભારતની સૌથી ધનિક અભિનેત્રી છે. 1984માં આ અભિનેત્રીએ મિસ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો હતો. અહીં અમે જૂહી ચાવલાની વાત કરી રહ્યા છીએ. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2024 પ્રમાણે ભારતમાં 335 અબજોપતિ છે. જૂહીનું નામ આ લિસ્ટમાં ટોપ 20માં સામેલ છે. બીજી તરફ માત્ર અભિનેત્રીઓનું લિસ્ટ જોઈએ તો જૂહી ચાવલા ભારતની સૌથી ધનિક અભિનેત્રી છે. આ લિસ્ટ પ્રમાણે શાહરુખ ખાનની કુલ નેટવર્થ 7300 કરોડ રૂપિયા છે. બીજી તરફ તેની મિત્ર અને બિઝનેસ પાર્ટનર જૂહી ચાવલા એન્ડ ફેમિલીની નેટવર્થ 4600 કરોડ રૂપિયા છે. જૂહી ચાવલા એક્ટિંગની સાથે-સાથે બિઝનેસ પણ કરે છે. જૂહીએ વર્ષ 1999માં પોતાના મિત્ર શાહરુખ ખાન અને ડાયરેક્ટર અઝીઝ મિર્ઝા સાથે મળીને **Dreamz Unlimited** નામની પ્રોડક્શન કંપની ખોલી હતી.

## એન્જલિના જોલી અને બ્રેડ પીટના છૂટાછેડાના કેસનો 8 વર્ષે નિકાલ

મુંબઈ : હોલીવૂડના એક સમયનાં સૌથી લોકપ્રિય યુગલોમાંના એક એન્જલિના જોલી અને બ્રેડ પીટના છૂટાછેડાને આખરે કોર્ટની આખરી મંજૂરી મળી ગઈ છે. તેમના છૂટાછેડાના કેસનો આઠ વર્ષે અંતિમ નિકાલ આવ્યો છે. તા. ૩૦મી ડિસેમ્બરે તેમના છૂટાછેડાની તમામ શરતો તથા સંપત્તિની વહેંચણી સહિતની બાબતોને અદાલતે સંમતિ આપી હતી. એન્જલિનાએ પોતાની બ્રેડ સાથેની સંયુક્ત સંપત્તિ પણ ત્યજી દીધી છે.



જોકે, ફ્રાન્સના એક વાઈનયાર્ડ બાબતે બંને વચ્ચે હજુ પણ તકરાર ચાલી રહી છે. બ્રેડનો આક્ષેપ છે કે એન્જલિનાએ તેની મંજૂરી વિના જ આ વાઈનયાર્ડની સંપત્તિ અન્યને વેચી દીધી છે.

તેણે આરોપ મૂક્યો હતો કે યુરોપથી પાછા ફરતી વખતે પ્રાઈવેટ વિમાનમાં બ્રેડે તેની સાથે તથા તેનાં સંતાનો સાથે દુર્વ્યવહાર કર્યો હતો. ૨૦૧૯માં અદાલતે તેમના છૂટાછેડાને બહાલી આપી હતી પરંતુ બંને વચ્ચે સંપત્તિ તથા સંતાનોની કસ્ટડી બાબતે કાનૂની વિવાદો હજુ પણ ચાલુ હતા.



# ॥ સંસ્કૃતિ ॥

સ્વદેશ
Leading Gujarati Newspaper



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH

## ‘સ્ટારલિન્ક’ની મદદથી સમુદ્ર, પહાડ કે જંગલમાં ડિવાઈસ સિગ્નલો શક્ય બનશે

# ભારતમાં ઉપગ્રહ આધારિત ફોન સેવાની દસ્તક

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

ભારતમાં ઈન્ટરનેટ ઉપભોગતાની સંખ્યામાં છેલ્લાં દાયકામાં મોટા ઉછાળો આવ્યો છે. આ સાથે જ દેશમાં અનેક ખાનગી કપંની ઉપરાંત બીએસએનેલ અને એમટીએનએલ જેવા સરકાર સાહસ પણ ટેલિકોમ ક્ષેત્રમાં છે. આ સંજોગોમાં 2025માં ભારતમાં ઉપગ્રહો આધારિત ટેલિફોન અને ઈન્ટરનેટ સેવા શરૃ થાય તેવા સંજોગો વધ્યા છે. જો આ પ્રયોગ સફળ રહેશે તો મોટી ક્રાંતિ સર્જાશે તે નિશ્ચિત છે. ગયા જૂન મહિના સુધીમાં સવાસોથી વધુ દેશોમાં સ્ટારલિન્કની સેવાઓ શરૂ થઈ ગઈ હતી. ઈલોન મસ્કે ‘કૃત્રિમ બુદ્ધિમત્તા’ ક્ષેત્રમાં ‘XAI’ નામની કંપની શરૂ કરી છે તે સ્ટારલિન્કની સેવાઓને અપગ્રેડ કરતી રહે છે. ભારતમાં સેવા શરૃ થાય તો ઈલોન મસ્કની ‘સ્ટારલિન્ક’ કંપની ભારતમાં સર્વપ્રથમ સેટકોમ કંપની હશે.

જંગલોમાં રહીને પણ વાતચીત થઈ શકે તેવી ‘ઈરિડિયમ’ કંપનીની જીઓ- સ્ટેશનરી સેટેલાઈટ ફોન વ્યવસ્થા દુનિયામાં વરસોથી ઉપલબ્ધ છે. દરિયામાં ફરતાં જહાજો, વિમાનો અને કેટલાક ધનિકો આ સેટેલાઈટ ફોન વાપરે છે પણ તે વસાવવા અને વાપરવાનો ખર્ચ માત્ર કંપનીઓ, ધનિકો અને વિદેશોમાંથી ફંડ મેળવતા આતંકવાદીઓ, નક્સલીઓ વગેરેને જ પોસાય તેવો છે. સ્ટારલિન્કની ટેક્નિકલ ક્ષમતા જોઈએ તો અમેરિકાના કે બ્રાઝિલના એમેઝોનમાં અથવા પેસિફિક મહાસાગરમાં સ્ટીમરમાં બેઠેલી વ્યક્તિ રાજસ્થાનના રણમાં કે હિમાલયમાં રહેલી કોઈ પણ વ્યક્તિ સાથે ઓડિયો, વીડિયો કોલીંગ કે કોન્ફરન્સો યોજી શકશે. એટલું જ નહીં જો તેણે વીડિયો ગેમ રમવી હોય તો તે પણ શક્ય છે. સિગ્નલો રવાના થાય અને બીજા છેડે પહોંચે તે માટે જે સમય લાગે તેને ટેક્નિકલ ભાષામાં ‘લેટેન્સી’ કહે છે. ટીવીનો લેટેન્સી સમય રેડીઓ કરતાં વધારે હોય છે. તેથી રેડીઓ પર આપણે સાંભળીએ તે ઘટનાની કોમેન્ટ્રી ટીવી ઉપર થોડી પળો બાદ સાંભળવા મળે છે. કારણ કે, રેડીયોનાં સિગ્નલો જમીન પરના સ્ટેશન પરથી સીધા રેડિયોમાં પકડાય છે. જ્યારે ટીવીનાં સિગ્નલો આકાશમાં દૂર તરી રહેલા જીઓ-સ્ટેશનરી સેટેલાઈટ સુધી પહોંચે અને ત્યાંથી આપણી ટીવીની ડીશ સુધી પહોંચે. તે પ્રક્રિયામાં થોડી વધુ સેકન્ડો લાગે છે. પરંતુ સ્ટારલિન્ક સાથેના



નેટવર્કમાં લેટેન્સી પિરિયડ નહીંવત છે. કારણ કે સ્ટારલિન્કના સેટેલાઈટ પૃથ્વીની સપાટીથી માત્ર 550 કિલોમીટર દૂર રહીને તરે છે. જ્યારે ગોળ પરિભ્રમણ કરતાં કરતાં પણ સતત ભારત કે બીજા કોઈ પણ પ્રદેશ ઉપર સતત્ત ઝબુંળતો રહે તેવા જીઓ સેટેલાઈટમાં અવકાશમાં ખૂબ દૂર 38થી 40 હજાર કિલોમીટર પર ગોઠવવા પડે છે.

ઈરિડિયમની સેવા આવા જ ઉપગ્રહને આધારે ચાલે છે. સ્ટારલિન્કમાં લેટન્સીનું પ્રમાણ નહીંવત હોવાને કારણે ડોક્ટરો અમેરિકામાં જૈસી રોબોટ વડે ભારતમાં રીઅલ ટાઈમમાં સર્જરી કરી શકે. ભારતમાં હાલમાં જે ટેલિકોમ યંત્રણા છે એ તમામ જમીન ઉપર છે. ટેલિકોમ કંપનીઓને ટાવરો બેસાડવા માટે જગ્યાનો અભાવ મુખ્ય સમસ્યા છે. વાઈ-ફાઈ સેવાના વાયરો વારંવાર કપાઈ જવાની શક્યતા રહે છે. સ્ટારલિન્કમાં આવી કોઈ સમસ્યા નડતી નથી. ફાઈબર- ઓપ્ટિક બ્રોડબેન્ડ વાયરો, દરિયાના તળે બિછાવેલા કેબલો, ટાવરો વગેરેની જરૂર પડતી નથી.

ક્યારેક અતિ ગાઢ વાદળોને કારણે સેવામાં ક્ષણિક વિક્ષેપ પડે છે. કારણ કે, સ્ટારલિન્કના માળખામાં નાના નાના ઉપગ્રહો પૃથ્વીથી ખાસ દૂર હોતા નથી. તેની અસ્ખલિત સેવા માટે હજારો ઉપગ્રહોની વણઝાર તરતી મૂકવી પડે છે. આ ઉપગ્રહો 10 મિનિટમાં પૃથ્વીની પરિક્રમા પૂરી કરે છે. આ ઉપગ્રહો ‘લો અર્થ ઓરબીટ’ અથવા ‘લીઓ’ ના ટૂંકા નામે પણ ઓળખાય છે.

ભારત સરકાર સ્માર્ટ સિટી અને સ્માર્ટ ટેલિકોમ સેવાને વધુ મહત્ત્વ આપે છે. પરંતુ આ બાબતમાં આપણે એક ગરીબ આફ્રિકી દેશ કરતાં પણ પાછળ છીએ. તેનાં ખાસ કારણો છે. વિદેશી કંપનીને ભારતના ડેટા હેન્ડલ કરવાનો અખત્યાર સોંપીને ભારતે ઘણું ગુમાવવાનું રહે છે, જ્યારે સીએરા લીઓન જેવા દેશો પાસે ગુમાવવા જેવું ખાસ કશું નથી. આ માટે સરકાર તેલ અને તેલની ધાર જોઈ રહી છે. જો કે સ્ટારલિન્ક તેમજ એમેઝોનની ‘કાઈપર ‘ કંપનીએ ભારતમાં જનટરેટ થતાં ડેટા ભારતમાં જ સ્ટોર કરવાની ખાતરી આપી છે. વળી, ડેટા એન્ક્રીપ્ટેડ હશે, જે સ્ટારલિન્કના કર્મચારીઓ સહિત કોઈ પણ ત્રાહિત વ્યક્તિ વાંચી શકશે નહીં. કંપનીએ ભારત સરકારની તમામ શરતો મંજૂર રાખી છે. બીજી તરફ કૂટનીતિ ફાઉન્ડેશન નામની એક વિચાર સંસ્થા (થિક ટેન્કો) દ્વારા ભારત સરકારને સ્ટારલિન્ક વગેરે દ્વારા ગુપ્તતાનો ભંગ થશે તેમ કહીને ચેતવવામાં આવી છે. સંસ્થાનું કહેવું છે કે સ્ટારલિન્કને અમેરિકાના ગુપ્તચર, સંરક્ષણ વિભાગો સાથે મજબૂત સંબંધો છે, આવા સંજોગોમાં ભારતનો ડેટા લીક થવાનો ભય ઉભો થશે. જો કે કૂટનીતિ સંસ્થાનો ઉદેશ્ય કંઈક જુદો હોઈ શકે. જો ડેટા ચોરાઈ જ જતાં હોય તો કેબલ આધારિત બ્રોડબેન્ડ સેવા વડે પણ તે થઈ શકે છે.

ભારતમાં નવી સેવાની હિલચાલ વચ્ચે ચીન પોતાની એક સમાંતર વ્યવસ્થા શરૂ કરવાની ફિરાકમાં છે. તેથી તેણે સ્ટારલિન્કને મંજુરી આપી નથી. ચીને ગયા ઓગસ્ટમાં પોતાના 18 લીઓ સેટેલાઈટસ લોન્ચ કર્યાં છે. ભારત સરકાર સ્ટારલિન્કના આગમનને સ્વીકારવા તૈયાર છે, તેમ લાગી રહ્યું છે. દુનિયાની બીજી કંપનીઓ હજી આ ક્ષેત્રમાં પા પા પગલી ભરી રહી છે. ત્યારે સ્ટારલિન્ક તો કામ કરતી થઈ ગઈ છે. દુનિયામાં પ્રથમ આગમનનો લાભ સ્ટારલિન્કને વરસો સુધી મળતો રહેશે. હાલમાં સ્ટારલિન્કના લગભગ 6700 ઉપગ્રહો તરી રહ્યા છે. આગામી દિવસોમાં આ ઉપગ્રહોની સંખ્યા 46 હજાર સુધી લઈ જવાશે.સ્ટારલિન્ક ઈલોન મસ્કની અવકાશ સંશોધન માટેની સ્પેસ X કંપનીની પેટા કંપની છે અને સ્પેસ Xના રોકેટો વડે સમયાંતરે સ્ટારલિન્કના સેટેલાઈટસ તરતાં મૂકવામાં આવે છે. તેથી સ્ટારલિન્કને ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના સસ્તી પડે છે. જયારે બીજી કોઈ કંપની પાસે આ પ્રકારની સગવડ ન હોવાથી લોન્ચિંગનું કામ બીજી કંપનીઓ કે સંસ્થાઓને સોંપવું પડે છે. અમેઝોન ‘બ્લુ હોરાઈઝન’ નામથી પોતાની એક રોકેટ વ્યવસ્થા વિકસાવી રહી છે.

સ્ટારલિન્કના વપરાશકારોને 25થી માંડીને 220 MBPS અર્થાત મેગાબાઈટ પર સેકન્ડ સ્પીડ મળે છે. લેટેન્સી પીરિયડ 25થી 60 મિલિ સેકન્ડ અર્થાત એક સેકન્ડ કરતાં પણ ખૂબ ઓછો રહે છે. ગ્રાહકોને એક ગીગાબીટનો વેવલેન્થ ઉપલબ્ધ થશે. સ્ટારલિન્કની સેવાઓમાં અને યંત્રોમાં સતત સુધારા ચાલતા રહે છે. 2017માં કંપનીએ પ્રથમ ઉપગ્રહ છોડયા હતા. વહેલી સવાર કે વહેલી રાત્રિના સમયે તેને વિહાર કરતા જોઈ શકાતા હતા, તેથી અવકાશ વિજ્ઞાનીઓ તેને કોઈ અવકાશીય એસ્ટેરોઈડ પ્રકારનું અસ્તિત્વ સમજવાની ભૂલ કરતા હતા. તે સંશોધનો માટે ખલેલરૂપ બનતાં હતાં, પણ હવે તેના પર એવા આવરણો મઢવામાં આવે છે કે તે પ્રકાશને પરાવર્તિત કરતાં નથી અને અવકાશ સંશોધનમાં બાધારૃપ બનતી નથી. અગાઉ 2021માં ભારત સરકારની પરવાનગી વગર ગ્રાહકો નોંધવાની કવાયત સ્ટારલિન્કના ઈન્ડિયા ઓપરેશન દ્વારા શરૂ કરાઈ હતી, પરિણામે વિવાદ સર્જાયો હતો અને સ્ટારલિન્ક ઈન્ડિયાના હેડ સંજય ભાર્ગવે રાજીનામું આપવું પડયું હતું.

**સ્ટારલિન્કના માળખામાં નાના ઉપગ્રહો પૃથ્વીથી ખાસ દૂર હોતા નથી, તેથી અસ્ખલિત સેવા માટે હજારો ઉપગ્રહોની વણઝાર તરતી મૂકવી પડે છે. સ્ટારલિન્ક સાથેના નેટવર્કમાં લેટેન્સી પિરિયડ નહીંવત હોવાથી સિગ્નલને પહોંચતા વાર લાગતી નથી**

# હેપી બર્થડે, સેલ્સિયસ! કેનેડામાં મેટ્રિક સિસ્ટમનો ઉપયોગને 50 વર્ષ થઈ ગયા

## આજે પણ કેનેડિયનો ઇંચમાં માપેલા કપડાં પહેરે અને લિટર દ્વારા ગેસ ખરીદે છે

**ટોરોન્ટો**

એન્વાયરમેન્ટ કેનેડા દ્વારા સેલ્સિયસનો ઉપયોગ થયાની ઘટનાને 2025માં 50 વર્ષ થઈ ગયા છે. તે લાંબા રાષ્ટ્રીય મેટ્રિક રૂપાંતરણનું ઉત્પ્રેરક હતું, જે તેની શરૂઆતના એક દાયકા પછી અચાનક સમાપ્ત થઈ ગયું હતુ. પરિણામે આજે કેનેડિયનો ઈંચમાં માપેલા કપડાં પહેરે છે અને લિટર દ્વારા ગેસ ખરીદે છે. તેઓ મિલીલીટર બીયર કેનમાંથી પીવે છે. 1975માં કેનેડિયનોએ હવામાનનું તાપમાન માપવા માટે સેલ્સિયસનો ઉપયોગ પ્રથમ વખત કર્યો હતો. ડેવિડ ફિલિપ્સ કે જે એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ કેનેડા સાથે સંકળાયેલા છે તેમણે જણાવ્યું હતું કે, તે સેલ્સિયસ સ્વીચના સાત વર્ષ પહેલાં હવામાન સેવામાં જોડાયો હતો. મને તે પહેલું નાનું ફ્લાયર યાદ છે. પરંતુ તે દિવસે ટીવી અને રેડિયોમાં કેટલાક ટ્યુનિંગને કદાચ મેમો મળ્યો ન હતો. કેનેડિયનો ફેરનહીટને સેલ્સિયસમાં કન્વર્ટ કરવામાં નિષ્ફળ જતા હતા. તેથી નવા પ્રયોગથી ટોરોન્ટોમાં-2Cથી એડમોન્ટનમાં -27 C સુધીની આગાહીઓ થતાં સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મેરીટાઈમ્સમાં તીવ્ર વાવાઝોડું આવતાં જ સ્વીચ શરૂ થઈ અને કેટલાકને લાગ્યું કે સેલ્સિયસ દોષિત છે. મોટાભાગના કેનેડિયન મીડિયાએ ક્ષણભર માટે બંને એકમોનો ઉપયોગ કર્યો હતો. કેનેડા-યુએસ સરહદ નજીકના કેટલાક વરિષ્ઠ લોકોએ ફેરનહીટ-કેન્દ્રિત આગાહીઓ માટે અમેરિકન ટીવી અને રેડિયોને પસંદ કર્યું હતુ.

# યમનમાં કેરળની નર્સને ફાંસીએ લટકાવવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી, હત્યાનો હતો આરોપ

સના : યમનમાં વર્ષોથી ફસાયેલી કેરળની નર્સ નિમિષા પ્રિયાને અપાયેલી ફાંસીની સજાના અમલને યમનના રાષ્ટ્રપતિ રાશદ અલ અલિમિ દ્વારા મંજૂરી આપી દેવાઈ છે. જ્યારે ભારત સરકારે ખાતરી આપી છે કે નિમિષાને બચાવવાના પુરા પ્રયાસો થઈ રહ્યા છે.

નિમિષા પ્રિયાનો જન્મ કેરળના પલક્કડ જિલ્લામાં શ્રમિક પરિવારમાં થયો હતો. નર્સિંગનો અભ્યાસ કર્યા બાદ તે વર્ષ 2008માં યમન ગઈ હતી. અહીં તે અલગ-અલગ હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી.

વર્ષ 2011 માં, તે ભારત પાછી ફરી અને કેરળના ઈડુક્કી શહેરના રહેવાસી ટોમી થોમસ નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા. થોડા સમય પછી બંને પતિ-પત્ની પાછા યમન ગયા અને યમનની રાજધાની સનામાં રહેવા લાગ્યા. ત્યાં તેણે એક દીકરીને જન્મ આપ્યો.

વર્ષ 2015માં, તેમની ઓછી આવકથી કંટાળીને, નિમિષા અને ટોમીએ પોતાનું ક્લિનિક ખોલવાનું નક્કી કર્યું હતું. વર્ષ 2017માં નિમિષા પ્રિયાને તેના બિઝનેસ પાર્ટનર તલાલ અબ્દો મહેદીની હત્યા કરીને ભાગી જવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી યમનની કોર્ટમાં તેની સામે હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# દુનિયાની કોઈ તાકાત તાઈવાનને ચીન સાથે જોડવામાં રોકી નહીં શકે : જિનપિંગ

બૈજિંગ, તાઈપે : ચીનના સરમુખત્યાર શી જિનપિંગે નવવર્ષના પ્રારંભે જ ખુલ્લી ધમકી ઉચ્ચારી છે કે દુનિયાની કોઈ તાકાત તાઈવાનને ચીન સાથે જોડતાં રોકી નહીં શકે.

એક તરફ ચીનમાં મંદીના ઓળા ઉતરી રહ્યા છે. બીજી તરફ અમેરિકાના નવ નિર્વાચિત પ્રમુખ ટ્રમ્પે ચીનથી થતી આયાતો ઉપર ભારે ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે અને ચીનને નશ્યત કરવા અન્ય વ્યાપારી પ્રતિબંધો મુકવાની વાત કરી છે. ત્યારે ધૂંધવાઈ ઉઠેલા ચીનના સર્વેસર્વા શી જિંન પિંગે વાસ્તવમાં અમેરિકાને જ પડકાર આપતાં કહી દીધું છે કે દુનિયાની કોઈ તાકાત તાઈવાનને ચીન સાથે જોડતાં રોકી નહીં શકે. આ સામે તાઈવાનના પ્રમુખ લાઈ ચિંગ તેએ તેટલી જ મક્કમતાથી કહી દીધું છે કે તાઈવાન તો વિશ્વ લોકશાહીઓનાં સંરક્ષણની પહેલી હરોળની મધ્યમાં ઊભું છે. અમે નમતું નહીં જ જોખીએ અમે સ્વતંત્ર જ રહીશું. તેઓએ નવવર્ષ નિમિત્તે બુધવારે રાષ્ટ્ર જોગ કરેલાં ટીવી સંબોધનમાં કહ્યું કે ચીને જરૂર પડે સેનાકીય પગલાં ભરી તાઈવાન કબ્જે કરવા માગે છે. બીજી તરફ ચીન, ઉત્તર કોરિયા, રશિયા અને ઈરાનની એકાધિકારવાદી સત્તાઓ એક થઈ ગઈ છે. તેઓ સિદ્ધાંત આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સામે એક થઈ ધમકી રૂપ બની રહ્યા છે. આથી ઈન્ડો પેસિફિક વિસ્તાર ઉપર ગંભીર અસર ઉભી થઈ છે. વિશ્વની શાંતિ અને સ્થિરતા જોખમાયાં છે. ચીન આપણને ડરાવવા યુદ્ધ નૌકાઓથી ટાપુને ઘેરી રહ્યું છે. આપણી ઉપરથી વિમાનો ઉડાડે છે પરંતુ આપણે ડરીશું નહીં.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

BUY 4 GET 1 FREE SALE...
FROM JANUARY 03, FRIDAY TO JANUARY 12 SUNDAY.
સેલનો સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦
KINTWEAR UK FASHIONWEAR
U.K. SWEATER HOUSE
હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ


ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...
યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૦૩ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.
જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે
Mix And Match Selected Ladies And Men's Sweater
Don't Miss
Cardigan On Sale Buy 4 Get 1 Free
Limited Time Only - Huge One Time Sale
Buy 4 At Regular Price And Get 1 Free
Visit The Store This Weekend .
સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો
જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે
NO EXCHANGE
NO REFUND
FINAL SALE

Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514

# ટ્યૂનિશિયામાં બે બોટ પલટી જતાં 27 મોત 83 લોકોને બચાવાયા, રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ

## એરલાઈન્સની સેવાઓ પર અસર, મુસાફરોને અસુવિધા, સુરક્ષા સામે પ્રશ્નો ઉઠ્યા

**સ્ફેક્સ**

ટ્યૂનિશિયામાં મોટી બોટ દુર્ઘટના બની છે. મળતી માહિતી અનુસાર, બે બોટ પલટવાના કારણે 27 લોકોના મોત થયા છે. 83 લોકોનું રેસ્ક્યૂ કરાયું છે, જ્યારે અન્ય લોકોની શોધખોળ ચાલી રહી છે.



અહેવાલો અનુસાર, સ્ફેક્સ શહેરની નજીક દુર્ઘટના બની. નાગરિક સુરક્ષા પ્રમુખ અધિકારી જીદ સદિરીએ જણાવ્યું કે, રેસ્ક્યૂ ઓપરેશન હજુ ચાલી રહ્યું છે. દુર્ઘટના મધ્ય ટ્યૂનિશિયાના કેરકેનાહ દ્વીપની નજીક બની છે. કેટલાક મુસાફર હજુ લાપતા છે, જેની શોધખોળ ચાલી રહી છે. બંને બોટ યુરોપ તરફથી આવી રહી હતી. મૃતક અને બચાવ થયેલા તમામ લોકો આફ્રિકન દેશોના રહેવાસી છે. કોસ્ટ ગાર્ડની દેખરેખમાં ઓપરેશન ચાલી રહ્યું છે. ટ્યૂનિશિયા ઈટલી સિવાય યુરોપ જનારા લોકો માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. દર વર્ષે લાખો લોકો અહીંથી અવરજવર કરે છે. યુરોપના લૈમ્પેડુસા દ્વીપ ટ્યૂનિશિયાથી માત્ર 150 કિલોમીટર (90 માઈલ) દૂર છે. આ પોર્ટ વ્યાપારિક દૃષ્ટિથી ઘણું મહત્ત્વનું માનવામાં આવે છે. જોખમ બાદ પણ લોકો આ રસ્તે ટ્રાવેલિંગની દ્રષ્ટિથી પ્રાથમિકતા આપે છે. હાલમાં જ અહીં અનેક જહાજ ડૂબી ચૂક્યા છે.

# નવા વર્ષે વૈશ્વિક વસતી 8.09 અબજને આંબી જશે, 1 વર્ષમાં 7.1 કરોડનો ઉમેરો

**વૉશિંગ્ટન**

નવા વર્ષ 2025ના આગમન થવાની સાથે સૌથી પહેલી મોટી ઘટના વિશ્વની વસ્તી 8.09 અબજને વટાવી ગઈ તે છે. પહેલી જાન્યુઆરી 2025ના રોજ વિશ્વની વસ્તી 8.09 અબજ હશે. વિશ્વની વસ્તીમાં એક જ વર્ષમાં 8.09 અબજનો ઉમેરો થયો છે. આ વૃદ્ધિની સાથે વૈશ્વિક વસ્તીના બધા જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. વર્ષ 2024માં થયેલી વસ્તીવૃદ્ધિ 2023ની તુલનાએ ઓછી છે.

અમેરિકન જનગણના બ્યુરો રિપોર્ટ મુજબ વર્ષ 2023માં વિશ્વની વસ્તીમાં 7.5 કરોડનો ઉમેરો થયો હતો. 2025ના પહેલા જ દિવસે સમગ્ર વિશ્વમાં પ્રતિ સેકન્ડ 4.2 જન્મ અને પ્રતિ સેકન્ડ 2.0ના મોતનું અનુમાન છે. બ્યુરો મુજબ વર્ષ 2024માં અમેરિકાની વસ્તી લગભગ 26 લાખ વધી છે. 2025ના પહેલા દિવસે અમેરિકાની કુલ વસ્તી લગભગ 34.1 કરોડ હશે. બ્યુરો મુજબ 2020થી લઈને અત્યાર સુધીમાં અમેરિકાની વસ્તીમાં 97 લાખનો ઉમેરો થયો છે. આમ અમેરિકાનો વસ્તીવૃદ્ધિ દર 2.9% રહ્યો છે. વસ્તીની વાત કરીએ તો કેટલાય અનુમાનો મુજબ ભારત થોડા મહિના પહેલા આ મામલે ચીનને પછાડીને નંબર વન બની ગયું છે.

# USના નાણા મંત્રાલય પર ચીની હેકર્સ ત્રાટક્યા, ગુપ્ત દસ્તાવેજોની તફડંચી

## ચીને અમેરિકાના આક્ષેપોને પાયાવિહોણા કહી ફગાવ્યા

**વૉશિંગ્ટન**

ચીની સાયબર હેકર્સ અમેરિકાના નાણા મંત્રાલયની કોમ્પ્યુટર સિસ્ટમ પર ત્રાટક્યા હતાં. મંત્રાલયના વર્કસ્ટેશન અને ગુપ્ત દસ્તાવેજનો દૂરથી એક્સેસ મેળવ્યો હતો. થર્ડ પાર્ટી સોફ્ટવેર સર્વિસ પ્રોવાઇડરની સિક્યોરિટી સિસ્ટમને ભેદીને આ સાયબર હુમલો થયો હતો. નાણા મંત્રાલયે સંસદની બેન્કિંગ કમિટીના નેતાઓને લખેલા પત્રમાં આ ખુલાસો કર્યો હતો. મંત્રાલયે કેટલા વર્કસ્ટેશનનો એક્સેસ મેળવ્યો હતો અને કેવા પ્રકારના દસ્તાવેજો તફડંચી કરી હતી તેની વિગતો આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે સાયબર હેકર્સે ટ્રેઝરીની માહિતીનો સતત એક્સેસ કર્યા હોવાના હાલમાં કોઇ પુરાવા નથી. આ ઘટનાની મોટી સાયબર સિક્યોરિટી ઘટના તરીકે તપાસ ચાલુ કરાઈ છે. આ મુદ્દે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પુરાવાનો અભાવ છે તેવા પાયાવિહોણા આરોપો અંગે અમે વારંવાર અમારૂ વલણ સ્પષ્ટ કર્યું છે.

# યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોમાં અંધાધૂંધ ગોળીબાર થતાં 2 બાળકો સહિત 10નાં મોત, આરોપી ફરાર

**સેટિનજે**



યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોના સેટિનજેમાં બુધવારે (પહેલી જાન્યુઆરી) ગોળીબારની ઘટનામાં બે બાળકો સહિત 10 લોકોના મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત હતા. પોલીસે ફાયરિંગ કરનાર આરોપીની ઓળખ 45 વર્ષીય એકો માર્ટિનોવિચ તરીકે કરી છે, હાલમાં આ આરોપી ફરાર છે. એકો માર્ટિનોવિકે સેટિનજેમાં ગોળીબાર કર્યો હતો. જેમાં બાર માલિક, તેના બાળકો અને આરોપીના કેટલાક સંબંધીઓ માર્યા ગયા હતા. ગોળીબાર પછી આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે આરોપીને પકડવા માટે સ્પેશિયલ ફોર્સ તૈયાર કરી છે.

મોન્ટેનેગ્રિનના પ્રધાનમંત્રી મિલોજકો સ્પાજિકે ઈજાગ્રસ્તની સ્થિતિ જાણવા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દુઃખદ ઘટનાને ધ્યાનમાં રાખીને ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે 'X' પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'ઘટનાએ સમગ્ર દેશને આંચકો આપ્યો છે.' આ ઉપરાંત મોન્ટેનેગ્રિનના પ્રમુખ જેકોવ મિલાટોવિચે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# પટાયાના ટોલ ટેક્સ નજીક ટુરિસ્ટ બસને નડ્યો અકસ્માત, 27 રશિયન લોકો ઈજાગ્રસ્ત

## વાહનોને અડફેટે લીધા બાદ ટોલનાકા પાસે બસ કોંક્રિટની દિવાલ સાથે અથડાઈ પડી

**બેંગકોક**

થાઈલેન્ડના પ્રસિદ્ધ પર્યટન સ્થળ પટાયામાં ગુરુવારે ટોલ ટેક્સ પાસે એક પ્રવાસી બસ કોન્ક્રીટ સાથે અથડાયા બાદ એક ભયાનક અકસ્માત થયો હતો. ટુરિસ્ટ બસમાં ઓછામાં ઓછા 27 મુસાફરો ઘાયલ હોવાનું કહેવાય છે અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે બસમાં રશિયન પ્રવાસીઓ મુસાફરી કરી રહ્યા હતા. થાઈલેન્ડમાં રશિયન પ્રવાસીઓને લઈ



જતી બસ રોડ-રસ્તાના વાહનો સાથે અથડાઈ હતી અને કોંક્રીટની વાડ સાથે અથડાઈ હતી.

પટાયામાં રશિયન પ્રવાસીઓને લઈ જતી બસમાં કુલ 37 મુસાફરો સવાર હતા. દુર્ઘટનાના પરિણામે ઓછામાં ઓછા 27 રશિયન પ્રવાસીઓ ઘાયલ થયા હતા. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. રશિયન મીડિયા અનુસાર, પ્રવાસી બસમાં 37 લોકો સવાર હતા, જેમાંથી મોટાભાગના રશિયન નાગરિકો હતા. પટાયાના પ્રવેશદ્વાર પર ટોલ નાકા પાસે બસ કોંક્રિટની વાડ સાથે અથડાઈ હતી, જેનો વીડિયો પણ સામે આવ્યો છે. રશિયન પ્રવાસીઓને લઈ જતી બસના અકસ્માતનો એક ભયાનક વીડિયો પણ સામે આવ્યો છે.

# ન્યૂઝીલેન્ડમાં ડ્રાઇવરે વાહન નીચે ૨ પોલીસને કચડયા, એકનું મોત

**નેલ્સન**

ન્યૂઝીલેન્ડના નેલ્સન શહેરમાં નવા વર્ષના આગમનની ઉજવણી પોલીસ માટે શોકમાં ફેરવાઈ ગઈ હતી. અમેરિકાની જેમ જ ન્યૂઝીલેન્ડના નેલ્સન શહેરમાં પણ નવા વર્ષની વહેલી સવારે પોલીસ અધિકારીઓ પર વાહન ચઢાવી દઈ હુમલો કરાયો હતો. એક ડ્રાઈવરે બે પોલીસ અધિકારીઓને વ્હિકલ નીચે કચડી નાંખતા મહિલા પોલીસ અધિકારી સિનીયર સાર્જન્ટ લીન ફ્લેમિંગનું મોત થયું હતું અને એકને ગંભીર ઈજા થઈ હતી. આ હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો, કારણ કે ન્યૂઝીલેન્ડમાં ફરજ પરના પોલીસ અધિકારીઓની હત્યાના ભાગ્યે બનાવ બને છે.નેલ્સન શહેરમાં પોલીસ કમિશનર રિચાર્ડ ચેમ્બર્સે જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ પાર્કિંગ લોટનું રૂટિન પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં ત્યારે તેમના પર પુરપાટ ઝડપે વાહન ચડાવી દેવામાં આવ્યું હતું. આ પછી વ્હિકલને પોલીસ કાર સાથે અથડાવામાં આવ્યું હતું. પોલીસ કારમાં રહેલા એક ત્રીજા અધિકારીને પણ માથામાં ઈજા થઈ હતી. આ ઘટનામાં બે લોકોને પણ ઈજા થઈ હતી. આ હુમલો સ્થાનિક સમય મુજબ પહેલી સવારે બે વાગ્યે થયો હતો. પોલીસે ૩૨ વર્ષના એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

# બાંગ્લાદેશમાં ચિન્મય કૃષ્ણ દાસના જામીન ફગાવાયા

**ઢાકા**

બાંગ્લાદેશની કોર્ટે હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને મોટો ઝટકો આપ્યો છે. આજે કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે. હવે હિન્દુ સંતના વકીલ હાઈકોર્ટ જવાની તૈયારી કરી રહ્યા છે. ઈસ્કોનના પ્રવક્તા રાધારમણ દાસે કહ્યું, અમને આશા હતી કે તેમને નવા વર્ષમાં મુક્ત કરાશે.' બાંગ્લાદેશની એક કોર્ટે ગુરુવારે ઈસ્કોનના પૂર્વ નેતા ચિન્મય કૃષ્ણ દાસને રાજદ્રોહના કેસમાં જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ણા ચેતના (ઈસ્કોન) કોલકાતાના પ્રવક્તા રાધારમણ દાસે જણાવ્યું હતું કે, ચિન્મય કૃષ્ણ દાસના વકીલો બાંગ્લાદેશ હાઈકોર્ટમાં અપીલ કરશે. તેમણે કહ્યું કે ચિન્મય કૃષ્ણ દાસની તબિયત પણ ખરાબ હોવાનું કહેવાય છે.

# ભારત-તાઈવાન વચ્ચે કામદારોને મોકલવા અંગે મહત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કરાયા

## તાઇવાનમાં મુખ્યત્વે કામદારો વિયેતનામ, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, થાઈલેન્ડના છે

**તાઈવાન**

ભારત અને તાઈવાન વચ્ચે પ્રવાસી કામદારોને મોકલવા અંગે પર એક મહત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનાથી વિદેશી કામદારો માટે પૂર્વ એશિયાઈ દેશો પર તાઈવાનની નિર્ભરતામાં ઘણો ઘટાડો કરશે. તાઇવાનને દેશની વધતી જતી સરેરાશ વય સાથે તાલમેલ રાખવા અને તેની કાર્યક્ષમતાને વધારવા માટે મોટા પાયે વિદેશી કામદારોની જરૂર છે. તાઈવાન સેમિકન્ડક્ટર્સના ક્ષેત્રે પણ વૈશ્વિક લીડર બનવા માંગે છે, જેના માટે તેને મોટા પ્રમાણમાં કુશળ કારીગરોની છે. હાલમાં, તાઇવાનમાં લગભગ ૭૦૦,૦૦૦ પ્રવાસી કામદારો છે, જે મુખ્યત્વે વિયેતનામ, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડથી આવેલા છે. જેમાના મોટાભાગના ઉત્પાદન અને દેખરેખ રાખવાનુ કામ કરી રહ્યા છે. તાઈવાન અને ભારત વચ્ચે દિલ્હીમાં આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. તાઈવાને ભારતમાં દૂતાવાસ જેવી ઓફિસ ખોલી છે. તાઈવાન સરકાર આ કાર્યાલય દ્વારા ભારતન સાથે સંપર્કમાં રહે છે. જો કે, ભારત સાથે શ્રમ કરાર સંબંધિત વિગતો હજુ સાર્વજનિક કરવામાં આવી નથી. આ પગલું મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રક્શન અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં તાઈવાનની શ્રમની વધતી જતી માંગને રેખાંકિત કરે છે, જેને હવે તે ઘરેલુ સ્તર પર પહોંચી શકે તેમ નથી.

# નવા વર્ષે સ્વિટ્ઝર્લેન્ડમાં બુરખા પહેરવા પર લગાવ્યો પ્રતિબંધ, ભૂલ કરનારને દંડ

**બર્ન**

સ્વિત્ઝર્લેન્ડમાં આજથી એટલે કે 1 જાન્યુઆરી, 2025થી મહિલાઓ જાહેર સ્થળોએ હિજાબ, બુરખા કે અન્ય કોઈપણ માધ્યમથી પોતાનો ચહેરો સંપૂર્ણપણે ઢાંકી શકશે નહીં. બુધવારથી એક કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદાના નિયમોનું જો કોઈ મહિલા ઉલ્લંઘન કરશે તો તેને 1144 ડોલર એટલે કે અંદાજે 98,000 રૂપિયાનો દંડ થઈ શકે છે. 2021 માં યોજાયેલા લોકમતના પરિણામે આ કાયદો ઘડવામાં આવ્યો હતો, જેમાં 51.21% સ્વિસ નાગરિકોએ બુરખા પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં મત આપ્યો. આ પછી સરકારે આ કાયદો પસાર કર્યો, જે બુધવારથી લાગુ કરાયો હતો.

# થર્ટી ફર્સ્ટે રાજ્યમાંથી ઝડપાયા નશાખોરો, લાખોનો દંડ વસૂલાયો

## એક હજારથી વધુ પિદ્ધડો પકડાયા : અમદાવાદમાં દારુ, ડ્રગ્સ, ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના 440થી વધુ કેસ

અમદાવાદ : ગુજરાત પોલીસે 31મી ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ, સુરત, વલસાડ સહિત જિલ્લામાં ચાંપતો બંદોબસ્ત ગોઠવીને પોલીસે સઘન ચેકિંગ કર્યું હતું. જેમાં પોલીસે ગુજરાતમાં કુલ 1000થી વધુ દારુડિયા ઝડપી પાડ્યા હતા. જ્યારે અમદાવાદમાં 31 ડિસેમ્બર અને 1 જાન્યુઆરીની રાત્રિ દરમિયાન પોલીસે એમવી એક્ટ સહિતના ગુનામાં કુલ રૂ. 5,60,000નો દંડ વસૂલ્યો હતો.



દેશ-વિદેશ સહિત ગુજરાતમાં પણ 31 ડિસેમ્બરે હર્ષોલ્લાસ સાથે લોકોએ નવા વર્ષની ઉજવણી કરી હતી. નવા વર્ષની ઉજવણી દરમિયાન દારુ, ડ્રગ્સ સહિતના કેસો સામે આવતા હોય છે, કિંમતનો મેફિડ્રોનનો જથ્થો જપ્ત કરીને ડ્રગ્સ અંગે બોડકદેવમાં ગુનો નોંધાયો. અમદાવાદમાં 14 જેટલા આયોજકોને મંજૂરી અપાઈ હતી. અમદાવાદના ઈન્ચાર્જ DCP રીમા મુનશીએ કહ્યું કે, '31 ડિસેમ્બર અને 1 જાન્યુઆરીની રાત્રે કોમ્બિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાત્રે 8 થી સવારે 5 વાગ્યા સુધીમાં વાહન ચેકિંગ દરમિયાન દંડની રકમમાં સેક્ટર 1 વિસ્તારમાં રૂ.87,700 તથા સેક્ટર 2માં 88,700 કુલ 1,76,00ની આસપાસ થાય છે. જેમાં એમવી એક્ટ હેઠળની કાર્યવાહી દરમિયાન 558 કેસ કરવામાં આવ્યા. ટ્રાફિક વિભાગ દ્વારા પણ આ પ્રકારની કાર્યવાહી કરીને 38,4000નો દંડ વસુલવામાં આવ્યો હતો. આમ કુલ રકમ 5,60,000ની આસપાસ થાય છે.'

# ગઠિયાઓનો નવો કિમીયો ! અમદાવાદના યુવકની ભૂલ અને રૂ. 1.44 કરોડ ગુમાવ્યા

**અમદાવાદ**

ડિજિટલ યુગમાં ઓનલાઈન ફ્રોડની અનેક ઘટનાઓ કિસ્સાઓ સામે આવે છે. આ દરમિયાન શેરબજારમાં રોકાણ કરનારા લોકોને છેતરવાના નવા કિમીયાની એક ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદના એક યુવકે સોશિયલ મીડિયાના માધ્યમ થકી શેર માર્કેટના એક વોટ્સએપ ગ્રુપમાં જોડાયો અને એક ભૂલના કારણે કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. જેમાં યુવકને રોકાણ પર 20 ટકા સુધીનો નફો મળશે તેવા મેસેજ આવતા હતા અને ગ્રુપના મેમ્બરોએ નફો મેળવ્યાના ફોટો શેર કરતા યુવક વિશ્વાસમાં આવીને 1.44 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું અને અંતે ફ્રોડનો શિકાર બન્યો હતો. યુવકે સમગ્ર ઘટના અંગે પાલડી પોલીસ સ્ટેશન છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. પોલીસ ફરિયાદ મુજબ અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા નીલ શાહ નામનો યુવક એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. 3 એપ્રિલના રોજ ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટની રીલ જોવા મળતા નીલે તેમાં ક્લિક કરીને શેર માર્કેટ વાળા એક ગ્રુપમાં જોઈન થયો હતો. જ્યાં ગ્રુપના અન્ય મેમ્બરો જોડાયેલા હતા. આ ગ્રુપમાં શેર માર્કેટમાં રોકાણ પર 5-20 ટકા નફો મળશે તેવા મેસેજ આવતા હતા. આ સાથે ગ્રુપમાં જોડાયેલા અન્ય સભ્યો પર પોતાના રોકાણ અને નફાના ફોટો અહીં ગ્રુપમાં શેર કરતા હોવાથી નીલને તેમાં વિશ્વાસ આવ્યો હતો. વોટ્સએપ ગ્રુપમાં જોડાયા બાદ નીલે મેઘના ભાટિયા નામના ગ્રુપ એડમિનને મેસેજ કરતા તેમણે એક લીંક શેર કરીને એપ્લિકેશન ડાઉનલોડ કરવા કહ્યું હતું. જેથી નીલે એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેમા પોતાનું નામ, નંબર, પાનકાર્ડ, બેંક સહિતની વિગતો નાખી હતી. જેમાં નીલે પોતાના બેંક ખાતામાંથી પાંચ લાખ ભર્યા તો તેને રોકાણ પર નફો બતાવામાં આવ્યો હતો. જેથી નીલે ટુકડે ટુકડે કરીને એપ્લિકેશનમાં 12 જેટલા ટ્રાન્જેક્શનમાં 1.44 કરોડ રૂપિયા ભર્યા હતા.

# આભા કાર્ડનું ફોર્મ નહીં ભરતા શિક્ષકે વિદ્યાર્થીને ધોઈ નાખ્યો

**અમદાવાદ**

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં નાલંદા વિદ્યાલય નામની સ્કૂલ આવેલી છે. જ્યાં કિરીટ પટેલ નામના શિક્ષકે ધોરણ 9માં અભ્યાસ કરતાં કૌશલ દેસાઈ નામના વિદ્યાર્થીને ઢોરમાર માર્યો હતો. શિક્ષકના મારના કારણે વિદ્યાર્થીને ગળાના ભાગે ઈજા થઈ હતી. સમગ્ર મુદ્દે વિદ્યાર્થીના વાલીએ શાળાએ આવીને ફરિયાદ કરી હતી. બાદમાં શાળાએ માર મારનાર શિક્ષક પાસેથી માફીપત્ર લખાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાલંદા વિદ્યાલયનો વિદ્યાર્થીને માર મારવાનો વિવાદ સામે આવતા જિલ્લા શિક્ષણ અધિકારીએ તપાસના આદેશ આપ્યા છે. આ મામલે AEI શાળામાં જઈને સ્થળ પર તપાસ કરશે. જેમાં શિક્ષકનું તેમજ વાલીઓનું નિવેદન નોંધવામાં આવશે. આ સિવાય શાળામાં હાજર સીસીટીવીની પણ તપાસ કરવામાં આવશે. જો આ સમગ્ર મુદ્દે વાલીનો દાવો સાચો નીકળશે અને શિક્ષકે માર માર્યો હશે, તો શિક્ષક સામે જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મળતી માહિતી મુજબ, વિદ્યાર્થી શાળાએ આભા કાર્ડનું ફોર્મ ભરીને નહતો લાવ્યો જેથી, શિક્ષકે તેને માર માર્યો હતો.

# અમદાવાદ : સ્ટેમ્પ પેપર કૌભાંડમાં તેલગીના પાંચ સાગરીતોને સજા

### તમામ પાંચેય આરોપીઓને કોર્ટે દોષિત ઠેરવ્યા

**અમદાવાદ**

દેશભરમાં રૂ.20 હજાર કરોડ રૂપિયાના બનાવટી સ્ટેમ્પ પેપર કૌભાંડના મુખ્ય સૂત્રધાર અબ્દુલ કરીમ તેલગીના પાંચ સાગરિતોને અત્રેની અમદાવાદ ગ્રામ્યની સીબીઆઇ કોર્ટે 20 વર્ષ જૂના એક કેસમાં દોષિત ઠરાવી ત્રણ-ત્રણ વર્ષની સજા અને રૂ.50 હજારનો દંડ ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. સીબીઆઇ સ્પેશ્યલ જજ એન.એન.પાથરે તેલગીના સાગરિતો ફાલ્ગુની બાબુભાઇ પટેલ, કિશોર પુરુષોત્તમ પટેલ, પ્રશાંત નિગપ્પા પાટીલ, અમઝદઅલી ઉર્ફે અમઝદભાઇ અને ઝાકીરહુસૈન ઉર્ફે મીહિરભાઇનો સમાવેશ થાય છે. સ્ટેમ્પ વિભાગના અધિકારીઓએ ગત તા.4-10-2001થી તા.8-10-2001 દરમ્યાન સુરત, અમદાવાદ સહિતના સ્થળોએ દરોડા પાડી બનાવટી સ્ટેમ્પ પેપરો જપ્ત કર્યા હતા. બાદમાં સમગ્ર પ્રકરણમાં સીબીઆઇ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમ્યાન અબ્દુલ કરીમ તેલગી અને તેના સાગરિતો ફાલ્ગુની બાબુભાઈ પટેલ, કિશોર પુરષોતમભાઈ પટેલ, પ્રશાંત નિગપ્પા પાટીલ, અમઝદલી ઉર્ફે અમઝદભાઈ અને ઝાકીરહુસેન ઉર્ફે મીહીરભાઈ, સહિત 16 જણા સામે ગુનો નોંધીને ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યા હતા.

# દેશ શોકમાં અને ભાજપના નેતાઓ મોજમાં ! BJP કાર્યાલય પર ઢોલ-નગારા સાથે ઉજવણી

## મણિનગરના ધારાસભ્ય અમૂલ ભટ્ટ - કાર્યકરોએ ફટાકડા ફોડ્યા

**અમદાવાદ**

પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહનું નિધન થતાં કેન્દ્ર-રાજ્ય સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે ત્યારે માનિતા વોર્ડ પ્રમુખની નિમણૂંક થતાં મણિનગરમાં ભાજપના ધારાસભ્ય-કાર્યકરોએ ઢોલ નગારા વગાડી જાહેરમાં ગરબે ધુમ્યાં હતાં. પૂર્વ વડાપ્રધાનના મોતનો મલાજો ભૂલી ભાજપના ધારાસભ્ય-સ્થાનિક કાર્યકરોની થુંથુ થઈ રહી છે.

ભાજપના નેતાઓએ અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહને મૌનીબાબા કહીને અપમાન કરવામાં જરાય કસર છોડી નથી.

મૃત્યુ પછી પણ ભાજપના નેતાઓ મલાજો જાળવી શક્યા નથી. ડો.મનમોહનસિંહના અવસાનના પગલે ગુજરાત સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો છે.

એટલુ જ નહીં, અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ સુદ્ધાંને મોકુફ રખાયો છે. આ સંજોગોમાં ભાજપે મણિનગરમાં વોર્ડ પ્રમુખના નામની જાહેરાત કરી હતી જેના પગલે જાહેર માર્ગ પર આતશબાજી કરી ઉજવણી કરવામાં આવી હતી.

ખુદ મણિનગરના ધારાસભ્ય અમૂલ ભટ્ટે કાર્યકરોને મિઠાઇ ખવડાવીને મોં મીઠા કરાવ્યાં હતાં. સાથે સાથે જાહેર માર્ગ પર ખુદ ધારાસભ્ય ઢોલના તાલે ગરબે ઝૂમ્યા હતાં. આ ઉજવણીની તસ્વીરો-વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થઇ હતી જેના પગલે દેશહિત વિરૂદ્ધનું વરવુ પ્રદર્શન કરતાં ભાજપના નેતાઓ ચારેકોરથી ટીકાઓનો ભોગ બન્યા હતાં.

# 6000 કરોડનું BZ કૌભાંડ તપાસ બાદ 450 કરોડનું થઈ ગયું

## એક કરોડથી વધુ રોકાણ કરનારા 10 લોકો : આરોપી ઝાલા હાલ સાત દિવસના પોલીસ રિમાન્ડ ઉપર

**અમદાવાદ**

6000 હજાર કરોડના બીઝેડ પોન્ઝી સ્કિમ કૌભાંડનો મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા હવે પોલીસના સકંજામાં છે. આરોપી ઝાલા હાલ સાત દિવસના પોલીસ રિમાન્ડ પર છે ત્યારે પરિક્ષીતા રાઠોડે ( ડી.આઇ.જી. સીઆઈડી ક્રાઈમ) પત્રકાર પરિષદ યોજી અનેક રહસ્યો પરથી પડદો ઉચક્યો હતો.

બીઝેડ પોન્ઝી સ્કીમ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા પૂછપરછમાં રોકાણની વિગતો આપતાં જણાવ્યું હતું કે રોકાણકારોની વિગતો ઓનલાઈન વેબસાઈટ BZTRADE.in ઉપર રોજેરોજ એન્ટ્રીઓ કરવામાં આવતી હતી. આ BZTRADE.in ના ડેટા મેળવતા BZ GROUP માં કુલ આશરે 11,000 રોકાણકારોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોવાની વિગત મળી આવી છે.

આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની વિરૂદ્ધમાં 27 નવેમ્બર 2024ના રોજ ફરીયાદ દાખલ થઇ તે દિવસે મધ્યપ્રદેશ બગલામુખી ખાતે ગયો હતો અને ત્યાંથી પોતાના ફોન સ્વીચ ઓફ કરીને રાજસ્થાનમાં આશરે 15 દિવસ રોકાયો હતો. ત્યારબાદ તેના અન્ય સાગરીતનો સંપર્ક કરી મહેસાણા જીલ્લાના દવાડા ગામ ખાતે ફાર્મ હાઉસ પર આશરે 14 દિવસ રોકાયો હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. તેની પાસેથી તેના 4 જુના મોબાઈલ ફોન તેમજ ગુનો દાખલ થયા બાદ 4 નવા મોબાઈલ ફોન ખરીદ કરી તેમાં નવા 3 સીમકાર્ડ લીધા હતા. જીયોના 3 નવા ડોન્ગલ દ્વારા વોટ્સએપ કોલથી તેના સાગરીતોનો સંપર્ક કરતો હતો. તેના મોબાઈલ ફોનમાંથી BZ GROUP ના મુખ્ય એજન્ટોના નંબરો વોટ્સએપ ચેટની વિગતો મળી આવી છે. પુછપરછ દરમિયાન BZ FINANCIAL SERVICES ની કુલ-17 શાખાઓ જેમાં (1) પ્રાંતિજ શાખા (2) હિમંતનગર શાખા (3) વિજાપુર શાખા (4) પાલનપુર શાખા (5) રાયગઢ શાખા (6) ભીલોડા શાખા (7) ખેડબ્રહ્મા શાખા (8) ગાંધીનગર (9) રણાસણ શાખા (10) મોડાસા શાખા (11) માલપુર શાખા (12) લુણાવાડા શાખા (13) ગોધરા શાખા (14) બાયડ શાખા (15) વડોદરા શાખા (16) ડુંગરપુર (રાજસ્થાન) (17) રાજુલા (અમરેલી) ખાતે શાખાઓ ચાલુ કરી હતી. આ શાખાઓ મારફતે રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હોવાની હકિકત જણાવી હતી. તેણે 100 અંદાજે કરોડની આશરે 17 થી 18 મિકલતો વસાવી છે. તેના સગા-સંબંધી, મિત્રો સહિતના લોકોની મિલકતની પણ તપાસ કરાઈ રહી છે. બિટ કોઈન- ડિજીટલ કરન્સીમાં રોકાણ કર્યું છે કે નહીં તેની તપાસ ચાલુ છે. આ ગુનામાં અત્યાર સુધી 8 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

# રાજ્યમાં 9 નગરપાલિકાને મહાપાલિકાનો દરજ્જો અપાયો

## ગુજરાતમાં હવે કુલ 17 મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી, પડતર માંગ સંતોષાયાનો દાવો



મહેસાણા : ખ્રિસ્તીઓના નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે 1 જાન્યુઆરી 2025ના રોજ ગુજરાત સરકારની કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારે 1 નવા જિલ્લા વાવ-થરાદ અને 9 નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની મંજૂરી આપી છે. ત્યારે લાંબા સમયથી પડતર રહેલી માગ આજે પૂર્ણ થઈ છે. રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપી છે. મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, મોરબી અને પોરબંદરને મહાનગરપાલિકાનો દરજ્જો અપાયો છે. છેલ્લા ઘણાં સમયથી આ તમામ શહેરોના લોકોની માગ હતી, જે હવે પૂર્ણ થઈ છે. જેને લઈને હાલ અહીંના લોકોમાં ખુશીનો માહોલ છે.

હાલમાં રાજ્યમાં આઠ મહાનગરપાલિકા અસ્તિત્વમાં છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા છે. પરંતુ રાજ્ય સરકારે નવ નવી મહાનગરપાલિકાને મંજૂરી આપતા હવે મનપાની સંખ્યા વધીને 17 થઈ ગઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી 9 મહા નગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપી હતી. જેમાં સરકારે વર્ષ 2024-25ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ 9 નગરપાલિકાઓને મહા નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

રાજ્ય મંત્રીમંડળની બેઠકના આ નિર્ણયની ભૂમિકા આપતાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત @2047ના દૂરંદેશી સ્વપ્નને સાકાર કરવા 'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ'ના ધ્યેય પાર પાડીને વિકસિત ગુજરાત @2047ના વિઝનને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રતિબદ્ધ છે.

### નવી 9 મહાનગરપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરોની નિમણુંક કરાઇ

રાજ્યની નવી 9 મનપામાં મ્યુ. કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી છે. નડીયાદ મ્યુ. કમિશ્નર તરીકે મિરાંત પરીખ, પોરબંદર મ્યુ. કમિશ્નર તરીકે એચ. જે. પ્રજાપતિ, મહેસાણા મ્યુ. કમિશ્નર તરીકે રવિન્દ્ર ખટાલે, વાપી મ્યુ. કમિશ્નર તરીકે યોગેશ ચૌધરી ,સુરેન્દ્રનગર મ્યુ. કમિશ્નર તરીકે જી. એચ. સોલંકી ,આણંદ મ્યુ. કમિશ્નર તરીકે મિલિન્દ બાપના , નવસારી મ્યુ. કમિશ્નર તરીકે દેવ ચૌધરી , ગાંધીધામ મ્યુ. કમિશ્નર તરીકે એમ. પી. પંડ્યા મોરબી મ્યુ. કમિશ્નર તરીકે સ્વપ્નિલ ખરેની નિમણુંક કરાઇ છે.

નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે 1 જાન્યુઆરી 2025ના રોજ ગુજરાત સરકારની કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારે 1 નવા જિલ્લા વાવ-થરાદ અને 9 નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની મંજૂરી આપી છે. ત્યારે લાંબા સમયથી પડતર રહેલી માગ બુધવારે થઈ હતી. રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે આ અંગે કેબિનેટ બેઠક બાદ સત્તાવાર જાહેરાત કરી હતી.

## નવી મહા નગરપાલિકામાં આસપાસના અનેક ગ્રામ્ય વિસ્તારોને સમાવી લેવાયા

**નવસારી**

રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે.

**ગાંધીધામ :** ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે.

**મોરબી :** મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપર, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઇન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને મોરબી મહાનગરપાલિકા બનશે.

**વાપી :** વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને વાપી મહાનગરપાલિકા બનશે.

**આણંદ :** આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને આણંદ મહાનગરપાલિકા બનશે.

**મહેસાણા :** મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા N.A. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઈને મહેસાણા મહાનગરપાલિકા બનશે.

**સુરેન્દ્રનગર :** સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે.

**પોરબંદર :** પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને પોરબંદર મહાનગરપાલિકા બનશે.

**નડિયાદ :** નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નડિયાદ મહાનગરપાલિકા બનશે.

## કાંકરેજને બનાસકાંઠામાં રાખવાની ઉગ્ર માંગ કરી

બનાસકાંઠા : બનાસકાંઠાનું વિભાજન કરીને વાવ-થરાદ અલગ જિલ્લો બનાવીને તેમાં ૮ તાલુકાઓનો સમાવેશ કરતા હવે નવા જિલ્લામાં સમાવેશ કરાયેલા કાંકરેજ અને ધાનેરાના લોકોએ બનાસકાંઠામાં જ રહેવાની માંગ સાથે વિરોધ વ્યક્ત કરીને આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે તો નવા જિલ્લાનું મુખ્ય મથક દિયોદર ન બનાવીને તેનું નામ ઓગડ જિલ્લો ન આપતા દિયોદરના ભાજપ-કોંગ્રેસના મોટા નેતાઓ અને આગેવાનો સહિત વેપારીઓ આક્રમક બનીને ઉગ્ર આંદોલન કરીને લડી લેવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે. કાંકરેજને બનાસકાંઠામાં જ રહેવા દેવું જોઈએ. કાંકરેજ અને ધાનેરાના લોકો અને આગેવાનોએ પોતાને મૂળ બનાસકાંઠા જિલ્લામાં જ રહેવા દેવાની માંગ સાથે આક્રોશ વ્યક્ત કરીને વિરોધ શરૂ કર્યો છે. કાંકરેજના શિહોરીમાં આજે વેપારીઓએ પોતાની દુકાનો અને ધંધા રોજગાર બંધ રાખીને સંપૂર્ણરીતે બંધ પાળીને વિરોધ વ્યક્ત કરતા કહ્યું હતું કે કાંકરેજને બનાસકાંઠામાં જ રહેવા દેવું જોઈએ કારણકે થરાદ જવું અહીંના લોકો માટે ખુબજ અગવડતા ભર્યું છે.

### નવા જિલ્લા વાવ-થરાદ જિલ્લાનું હેડક્વાર્ટર થરાદ હશે

વાવ-થરાદઃ નવા જિલ્લા વાવ-થરાદ જિલ્લાનું હેડક્વાર્ટર થરાદ હશે. આ નવો જિલ્લો 8 તાલુકા - વાવ, થરાદ, સુઇગામ, ધાનેરા, દિયોદર, ભાભર, લાખણી અને કાંકરેજને સામેલ કરશે. તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. વાવ-થરાદ જિલ્લામાં 6257 ચો. કિ.મી વિસ્તાર રહેશે.

બનાસકાંઠાઃ બનાસકાંઠા જિલ્લામાં પહેલા કુલ 14 તાલુકા હતા, જે હવે ઘટીને 6 થયા છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા હશે. જેમાં પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે. બાનસકાંઠા જિલ્લામાં 4486 ચો. કિ.મી વિસ્તાર રહેશે. વિભાજન પહેલા બનાસકાંઠા જિલ્લામાં 1249 જેટલા ગામ હતા. પરંતુ હવે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં 600-600 આસપાસ ગામની વહેંચણી થશે.


### વાવ-થરાદમાં ચૌધરી-ઠાકોર, બનાસકાંઠામાં પાટીદારનો દબદબો!

બનાસકાંઠા જિલ્લાના વિભાજનથી ઘણા જાતિવાદી સમીકરણો પણ બદલાઈ શકે છે. કારણ કે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ પાટીદાર સમાજનું પ્રભુત્વ વધશે. કારણ કે, વાવ-થરાદમાં ચૌધરી-ઠાકોરનો દબદબો છે, ત્યાં પાટીદાર સમાજનું પ્રભુત્વ નથી પરંતુ વિભાજન બાદના બનાસકાંઠા વિસ્તારમાં પાટીદારનો દબદબો વધશે. બનાસકાંઠા જિલ્લાની પાલનપુર, ડીસા અને દિયોદર બેઠક ઉપર પાટીદાર સમાજનો દબદબો છે. તો બીજી તરફ નવા જિલ્લા વાવ-થરાદમાં ચૌધરી સમાજ અને ઠાકોર સમાજની સહુથી મોટી બહુમતી છે. ત્યારે આ સીમાંકન બાદ હવે પાટીદાર સમાજ સહિત અન્ય સમાજના લોકોનું વર્ચસ્વ વિભાજન બાદ બનાસકાંઠા જિલ્લામાં વધશે. તો જિલ્લાના વિભાજનના કારણે જિલ્લાના રાજકારણ ગરમાવો આવ્યો છે. બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં સૌથી વધુ ઠાકોર સમાજના 3,43,122 મતદારો છે. જ્યારે ચૌધરી સમાજના 2,70,950 મતદારો હોવાનું માનવામાં આવી રહ્યું છે. વાવ-થરાદ જિલ્લાની વાવ બેઠક ઉપર સૌથી વધુ ઠાકોર સમાજના 82,852 મતદારો, જ્યારે થરાદ બેઠક ઉપર સૌથી વધુ ચૌધરી સમાજના 72,567 મતદારો હોવાનો અંદાજ છે.

### બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના સ્થાનિક નેતા નારાજ!

બનાસકાંઠાનું વિભાજન થતાં લોકોમાં ખુશીનો માહોલ છે. પરંતુ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ નેતાઓમાં નારાજગી શરૂ થઈ છે. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ વાઘેલાનું કહેવું છે કે, 'જિલ્લા વિભાજન કરવું એ ભાજપની બેધારી નીતિ છે. એક તરફ રાજસ્થાનના 9 જિલ્લા રદ કર્યા તો બીજી તરફ ગુજરાતમાં જિલ્લા વિભાજનની વાત લાવ્યા. પાલનપુર જિલ્લા મથક છે તેનાથી કોઈને કોઈ ફરક પડતો નથી. માત્ર આ ભાજપની બેધારી નીતિ છે. 2026 પહેલાં વિધાનસભાની સીટોનું સીમાંકન થવાનું છે ત્યારે વિસંગતાઓ ઊભી થશે. જો અલગ જિલ્લો બને તો દિયોદરને ભૌગોલિક દૃષ્ટિએ જિલ્લો જાહેર કરવો જોઇએ. લોકોના અભિપ્રાય લઈને જ જિલ્લો અલગ કરવાની વાત કરવી જોઈતી હતી.'

### અભિપ્રાયો વિના નિર્ણય થયો : ગેનીબેન ઠાકોરની પ્રથમ પ્રતિક્રિયા



બનાસકાંઠા જિલ્લાના વિભાજનના નિર્ણયને સાંસદ ગેનીબેન ઠાકોરે આવકાર્ય ગણાવ્યો છે. પરંતુ સાથે સાથે તેમણે વ્યંગ કરતાં કહ્યું કે, 'કોઈપણ જિલ્લાનું વિભાજન થતું હોય ત્યારે સ્થાનિક પંચાયતો અને આગેવાનોના અભિપ્રાય લેવા જરૂરી હોય છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા આ બાબતે કોઈના પણ મંતવ્ય લીધા વગર બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરવાનો એક તરફી નિર્ણય લીધો છે.

## બનાસકાંઠાના વિભાજન બાદ શિહોરીમાં સજ્જડ બંધ, થરાદમાં ઉજવણી, ધારાસભ્યોના વિરોધના સૂર

નવા વર્ષની શરૂઆતની સાથે જ બનાસકાંઠાના બે ભાગલા પાડીને વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કર્યો છે. જેને લઈને કહીં ખુશી, કહીં ગમનો માહોલ છે. સરકારના આ નિર્ણયનો મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. થરાદમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે ધાનેરા અને કાંકરેજના શિહોરીમાં નારાજગી જોવા મળી રહી છે. બંને તાલુકાવાસીઓ બનાસકાંઠામાં રહેવા માંગે છે. સરહદી વિસ્તાર તરીકે ઓળખાતા બનાસકાંઠાનું વિભાજન કરી વાવ-થરાદની નવા જિલ્લાની શરૂઆત સાથે વિરોધના સૂર રેલાયા છે. કાંકરેજને બનાસકાંઠા જિલ્લામાં રાખવા માટે મામલતદારને લેખિતમાં રજૂઆત પણ કરાઈ છે.

વાવ-થરાદ જિલ્લામાં કાંકરેજનો સમાવેશ કરવામાં આવતાં શિહોરીના વેપારીઓએ દુકાનો સજ્જડ બંધ રાખી વિરોધ વ્યક્ત કર્યો હતો. ગુરૂવારે વહેલી સવારથી જ શિહોરીની બજારોમાં સ્વયંભૂ બંધ રાખવામાં આવતાં સન્નાટો છવાઈ ગયો છે. શિહોરીવાસીઓની માંગ છે કે કાંકરેજને બનાસકાંઠા જિલ્લામાં યથાત રાખવામાં આવે.

તો બીજી તરફ કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે પણ સરકારના આ નિર્ણયને ખોટો ગણાવ્યો છે. સરકારે કોઈપણ ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના આ નિર્ણય લીધો છે. કાંકરેજ તાલુકાનો સમાવેશ બનાસકાંઠા જિલ્લામાં થવો જોઈએ. આ તરફ ધાનેરાનો પણ વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવતાં ધાનેરાના પૂર્વ ધારાસભ્ય નાથાલાલ પટેલે પણ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ધાનેરા તાલુકાના લોકોને વાવ-થરાદ નહીં પરંતુ બનાસકાંઠા જિલ્લામાં રહેવું છે. ધાનેરાવાસીઓ માટે ધાનેરા અનુકૂળ વિસ્તાર નથી. જો ભવિષ્યમાં લોકો સરકારના આ નિર્ણયના વિરોધમાં આંદોલન કરશે તો કોંગ્રેસ તેમની સાથે ઉભી રહેશે.

# અમદાવાદમાં પ્રદૂષણ ઘટાડવા 5 વર્ષમાં 425 કરોડ ખર્ચાયા પણ પરિણામ 'શૂન્ય'

## ટ્રાફિકજામની પરિસ્થિતિને લઈને પણ પ્રદૂષણમાં સતત વધારો, જન આરોગ્યને ખતરો

**અમદાવાદ**

એર ક્વોલિટી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 425.83 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં શહેરમાં હવાના પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. પિરાણા ડમ્પસાઈટ ઉપરાંત રખિયાલ, સરદાર પટેલ સ્ટેડિયમ આસપાસના વિસ્તારમાં રહેતા લોકોના આરોગ્ય ઉપર ખતરો વધી રહ્યો છે. પિરાણા ખાતે 26 ડિસેમ્બરે એર ક્વોલિટી ઇન્ડેક્સ 320 નોંધાયો હતો. રખિયાલમાં 28 ડિસેમ્બરે AQI 211 તથા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે 27 ડિસેમ્બરે 276 એર ક્વોલિટી ઇન્ડેક્સ નોંધાવામાં આવ્યો હતો.

એર ક્વોલિટી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સરકાર તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વર્ષ-2020થી 2025 સુધીના પાંચ વર્ષના સમયમાં આપવામાં આવેલી રૂપિયા 425.83 કરોડની ગ્રાન્ટ પૈકી સૌથી વધુ રૂપિયા 252.71 કરોડ રોડની કામગીરી પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખર્ચ કરવામાં આવી છે. પાંચ વર્ષમાં આટલી મોટી રકમનો ખર્ચ કર્યા પછી પણ મ્યુનિ. તંત્રના ઇજનેર વિભાગની બેદરકારી અને યોગ્ય સુપરવિઝનના અભાવે વહેલી સવાર અને સાંજના સમયે શહેરના પિરાણા ઉપરાંત ગોતા સહિતના મ્યુનિ. હદમાં સમાવવામાં આવેલા વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડતી નજરે પડી રહી છે.

શહેરના રખિયાલ ઉપરાંત રાયખડ જેવા વિસ્તારોમાં ટ્રાફિકજામની પરિસ્થિતિને લઈ હવાના પ્રદૂષણમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.

# ગોધરામાં ૨૦૦થી વધારે આદિવાસી લોકોએ કરી ઈચ્છા મૃત્યુની માંગણી

## આદિવાસીઓની જમીન બિન- આદિવાસીએ પચાવી પાડયાનો આરોપ

**ગોધરા**

પંચમહાલમાં ઈચ્છા મૃત્યુની માગ સાથે આદિવાસી સમાજે ધરણાં કર્યાં છે. પંચમહાલના ગોધરા તાલુકાનાં ૨૦૦ થી વધુ લોકોએ જિલ્લા કલેક્ટર કચેરી બહાર ધરણા કર્યાં હતા. આદિવાસીઓની જમીન બિન- આદીવાસીએ પચાવી પાડયાનો આરોપ લગાવવામાં આવ્યો છે. બિલ્ડરો પર જમીન પચાવી પાડવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. શ્રી સરકાર જમીન આદીવાસી મૂળ માલિકોને પરત કરવા માટે માગ કરી છે. રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય પગલા લેવાની કલેક્ટરે બાંહેધરી આપી છે. ઈચ્છામૃત્યુ બે પ્રકારના હોય છે. પ્રથમ - સક્રિય ઈચ્છામૃત્યુ અને બીજું નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ. ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી છે.

નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ એ તબીબી સારવારને રોકવા અથવા પાછી ખેંચવાની ક્રિયા છે, જેમ કે વ્યક્તિ કોઈ એવી બીમારીથી પીડાતા હોય જેનો કોઈ ઈલાજ ના હોય તેવા લોકો ઈચ્છામૃત્યુની માગ કરી શકે છે.

# દારૂબંધીની પોલ ખુલી : રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં ૨૨ કરોડનો દારૂ જપ્ત

અમદાવાદ : વર્ષ ૨૦૨૪ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાજ્યમાં દારૂ અને જુગારના નોંધપાત્ર કેસ નોંધવામાં આવ્યા છે. ચોંકવનારી વાત તો એ છે કે સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાંથી સૌથી વધુ ૧.૪૭ કરોડ રૂપિયાનો રાજ્યનો સૌથી વધુ દારૂ જપ્ત કરાયો હતો. જેને લઈને વડોદરા પોલીસ દારૂ પકડવામાં નિષ્ક્રિય રહેતી હોય કે પછી તેની અનદેખી કરતી હોય તેવું ફલિત થાય છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં ૬૧ લાખ અને અમદાવાદ ગ્રામ્યમાં ૯૦ લાખનો વિદેશી દારૂ જપ્ત કરાયો હતો. રાજ્યના વિવિધ રેંજની વાત કરીએ સુરત રેંજમાં સૌથી વધારે ૩.૯૨ કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કરાયો હતો. આ સાથે વર્ષ દરમિયાન ૨૨.૫૨ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ સમગ્ર રાજ્યમાંથી જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.સ્ટેટ મોનિટરિંગ સેલ ડીજીપી ઓફિસના સીધા માર્ગદર્શન હેઠળ કામગીરી કરતી હોવાથી રાજ્યમાં આવેલા તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોના અધિકારીઓને એસએમસીના દરોડાથી સસ્પેન્ડ થવાનો ડર સતત રહેતો હોય છે.

# ગુજરાતમાં દર કલાકે 19 ઈસમ અકસ્માતમાં ઈજાગ્રસ્ત, 2024ના વર્ષમાં 1.62 લાખ ઘવાયા

## કુલ ઈજાગ્રસ્તોમાં 15 ટકાથી વધુ માત્ર અમદાવાદ જિલ્લાના નાગરિકો

**અમદાવાદ**

ગુજરાતમાં આ વર્ષે 1.62 લાખથી વધુ વ્યક્તિને માર્ગ અકસ્માત બાદ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જેની સરખામણીએ વર્ષ 2023 ગુજરાતમાં માર્ગ અકસ્માતમાં 1.55 લાખથી વધુ ઈજાગ્રસ્તો હતા. વર્ષ 2023ની સરખામણીએ માર્ગ અકસ્માતથી થતી ઈજાના પ્રમાણમાં 5.10 ટકાનો વધારો થયો છે. રાજ્યમાં દર કલાકે સરેરાશ 19 વ્યક્તિ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા છે.

ગુજરાતમાં જાન્યુઆરીથી જૂન દરમિયાન 81,305 વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા થઈ હતી. જુલાઈથી ડિસેમ્બરમાં 81,649 વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. વર્ષ 2023માં જાન્યુઆરીથી જૂન દરમિયાન 81,192 વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા પહોંચી હતી. વર્ષ 2024 માર્ગ અકસ્માતમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. ઈમરજન્સી સેવા 108 પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતમાંથી આ વખતે માર્ગ અકસ્માતમાં સૌથી વધુ ઈજાગ્રસ્તોને સારવાર લેવી પડી હોય તેવા જિલ્લામાં અમદાવાદ મોખરે છે. વર્ષે 27,515 વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા પહોંચી છે. અમદાવાદમાં પ્રતિ દિવસે સરેરાશ 76 વ્યક્તિને માર્ગ અકસ્માત બાદ હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. ગુજરાતમાં આ વર્ષે માર્ગ અકસ્માતમાં થયેલા કુલ ઈજાગ્રસ્તોમાં 15 ટકાથી વધુ માત્ર અમદાવાદ જિલ્લામાંથી છે.

# ગુજરાતમાં બને છે 600 કરોડના પતંગ

**અમદાવાદ**

ઉત્તરાયણમાં લોકો જે વિવિધ રંગબેરંગી પતંગ ઉડાડે છે તે બનાવવાની સમગ્ર પ્રક્રિયા રસપ્રદ છે. ગુજરાતમાં ખંભાત અને નડીયાદની જેમ અમદાવાદના અનેક વિસ્તારો પતંગ ઉદ્યોગના હબ જેવા છે. અમદાવાદમાં અનેક પરિવાર વર્ષના નવ મહિના પતંગ બનાવ્યા જ કરે છે. માત્ર ચોમાસાના ચાર મહિના જ કામગીરી બંધ રહે છે. વર્ષ દરમિયાન પતંગ બનાવતા અનેક પરિવારોને રોજી પુરી પાડતો આ ગૃહઉદ્યોગ અમદાવાદના અનેક વિસ્તારોમાં જોવા મળે છે.

ઉત્તર ભારતમાંથી વર્ષે દોઢ લાખ કારીગરો પતંગ બનાવવા માટે



અમદાવાદ અને સુરત આવે છે. એકલું ગુજરાત રૂ. 650 કરોડના પતંગ બનાવીને સમગ્ર ભારતનું 95% માર્કેટ ગુજરાત અને એમાંય ખાસ કરીને અમદાવાદ અને સુરતના હાથમાં છે. શિયાળામાં સ્વાભાવિક રીતે આકાશમાં પતંગો દેખાવાના શરુ થાય છે જે જાન્યુઆરીની 14મી અને 15મી તારીખે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે સર્વોચ્ચ સ્તરે દેખાતા જ સમગ્ર તહેવાર અનેક યાદો સાથ શમી જાય છે.

એક મહિના પહેલાથી પતંગના માર્કેટ સક્રિય થઈ જાય છે પરંતુ માર્કેટની આ પૂર્તિ માટે છ મહિના પહેલા અમદાવાદના જમાલપુર, કાળુપુર, દરિયાપુર, રાયખડ, ઘીકાંટા, નરોલ, વટવા, જમાલપુર, રામોલ, ઓઢવ, ઈસનપુર, ગોમતીપુર, બાપુનગર, અમરાઈવાડી જેવા વિસ્તારોમાં મોટી સંખ્યામાં મુસ્લીમ કારીગરો પતંગ બનાવવા બીજા શહેરોમાંથી આવે છે. ખાસ કરીને જયપુર, રાયબરેલી, મેરઠ, ગાઝીયાબાદ, ઈન્દોર જેવા શહેરોમાંથી કારીગરો પતંગ બનાવવા માટે અમદાવાદ આવે છે.

# ગુજરાતમાં આયુર્વેદિક તબીબોને એલોપેથીની છૂટ આપવા વિચારણા

**અમદાવાદ**

આયુર્વેદમાં અભ્યાસ કરીને બનેલા તબીબો જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તેના માટે થયેલી રજૂઆતના સંદર્ભમાં આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દે વિચારણ કરવા બેઠકનું આયોજન કરાયું છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના મતે આયુર્વેદના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી યોગ્ય નથી અને તેનાથી ગુજરાતના દર્દીઓનું સ્વાસ્થ્ય જોખમાઈ શકે છે. તાજેતરમાં અમદાવાદના એક અરજદાર દ્વારા આરોગ્ય વિભાગ સમક્ષ એવી અરજી કરવામાં આવી હતી. જેમાં આયુર્વેદમાં અભ્યાસ કરી બનેલા તબીબોને જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તે માટે વિચારણા થવી જોઈએ. જેના સંદર્ભમાં આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ દ્વારા આગામી ત્રીજી જાન્યુઆરીના એક બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠકમાં અરજદારને પણ ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી છે. જો કે, આ રીતે આયુર્વેદના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ઉગ્ર વિરોધ નોધાવ્યો છે.

# હૃદયની સમસ્યાને લગતાં દર્દી 4 વર્ષમાં બમણાં

## અમદાવાદ શહેરમાં દરરોજ સરેરાશ 67 વ્યક્તિને હૃદયની સમસ્યા કનડી

**અમદાવાદ**

હૃદયની સમસ્યાના દર્દીમાં ચિંતાજનક રીતે સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધી 73,470ને હૃદયની સમસ્યાને પગલે હૉસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. જેની સરખામણીએ વર્ષ 2021માં હૃદયની સમસ્યાના 42,555 દર્દી હતા. આમ, ચાર વર્ષમાં બમણા જેટલો વધારો નોંધાયો છે. ગુજરાતમાં આ વર્ષે હૃદયની સમસ્યાના દરરોજ સરેરાશ 231 જ્યારે પ્રતિ કલાકે 9 જેટલા દર્દી નોંધાય છે. ગુજરાતમાં છેલ્લાં કેટલાક વર્ષથી હૃદયની સમસ્યાના દર્દીમાં સતત વધારો થઈ રહ્યો છે. ઈમરજન્સી સેવા '108' પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર 2021માં 42,555,



2022માં 56,277, 2023માં 72,573 કોલ્સ નોંધાયા હતા. આમ, ગત વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યાના ઈમરજન્સી કોલ્સમાં 16.66%નો વધારો નોંધાયો છે. ગુજરાતમાં આ વર્ષે અમદાવાદમાંથી સૌથી વધુ 24460 વ્યક્તિને હૃદયની સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. આમ, અમદાવાદમાં આ સ્થિતિએ દરરોજ સરેરાશ 67 વ્યક્તિને હૃદયની સમસ્યાથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ગુજરાતમાં આ વર્ષે હૃદયની સમસ્યાના જે કોલ્સ નોંધાયા છે તેમાંના 30% જેટલા માત્ર અમદાવાદથી છે. અમદાવાદમાં 2023 કરતાં 2024માં હૃદયની સમસ્યાના કોલ્સમાં 15.47%નો વધારો થયો છે. હૃદયની સમસ્યાના પ્રમાણમાં સૌથી વધુ વધારો થયો હોય તેમાં પોરબંદર 39.73% સાથે મોખરે છે. પોરબંદરમાં 2023માં 1145 દર્દી હતા અને હવે આ વર્ષે વધીને 1601 થયા છે. આ વર્ષે હૃદયની ઈમરજન્સીના કોલ્સની રીતે અમદાવાદ બાદ સુરત બીજા, રાજકોટ ત્રીજા, વડોદરા ચોથા અને ભાવનગર પાંચમા સ્થાને છે.

# ભુણાવામાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું,7ને ઈજા

**ગોંડલ**

ગોંડલના ભુણાવા ગામે બે જૂથ વચ્ચે સશ ધીંગાણું થતાં સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. ગોંડલના ભુણાવા ગામે દરબારગઢમાં રહેતાં વિજયસિંહ બચુભા જાડેજા (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સિદ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, નરેન્દ્રસિંહ નિરૂભા જાડેજા, ભરતસિંહ બચુભા જાડેજા, રુદ્રરાજસિંહ સંજયસિંહ જાડેજા, લક્કીરાજસિંહ જગુભા જાડેજા, યશપાલસિંહ સિદ્ધરાજસિંહ જાડેજા, અજયરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા અને મંગા ચાવડાનું નામ દર્શાવાયું હતું. ફરિયાદી વિજયસિંહ ગઈ તા.૩૧ ના સાંજના સમયે ભુણાવા ગામમાં આવેલ શિવ પ્રોવિઝન સ્ટોર નજીક હતાં ત્યારે આરોપીઓએ જૂની અદાવતનો ખાર રાખી હુમલો કરી દિધો હતો. આરોપી સિદ્ધરાજસિંહ જાડેજાએ માથાના ભાગે લાકડાનો ઘોકો મારી દેતાં તેઓ બેભાન થઈ ઢળી પડયા હતાં. તેમજ તેમની સાથે રહેલ અન્ય તેમના ભાઈઓ તેમને બચાવવા વચ્ચે પડતાં તેમને પણ બેફામ મારમાર્યો હતો.

# નાગપુરમાં એન્જિનિયર સ્ટુડન્ટે માતાને ગળે ટૂંપો આપ્યો, પિતાને ચપ્પુ મારી પતાવી દીધા

**નાગપુર**

નવા વર્ષની શરૂઆતમાં જ મહારાષ્ટ્રના નાગપુરથી એક એવી ભયાનક ઘટના પ્રકાશમાં આવી હતી, નાગપુરમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા છોકરા પર તેના માતા-પિતાની હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. નાગપુર પોલીસે આ માહિતી આપી હતી.

આ ઘટના નાગપુરના કપિલ નગર વિસ્તારમાં બની હતી, જ્યાં 26 ડિસેમ્બરે 25 વર્ષીય ઉત્કર્ષ ઢાકોલેએ તેના માતા-પિતાની હત્યા કરી નાખી હતી. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એવી શંકા છે કે આરોપી છોકરા અને તેના માતા-પિતા વચ્ચે કરિયર અને અભ્યાસને લઈને કોઈ વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે તેણે આ પગલું ભર્યું. પોલીસને આ અંગેની જાણ ત્યારે થઈ જ્યારે ઢાકોલે પરિવારના પડોશીઓએ બુધવારના રોજ દુર્ગંધની ફરિયાદ કરી. મામલો ધ્યાને આવતાં જ પોલીસે કાર્યવાહી શરૂ કરી અને તપાસ બાદ ઉત્કર્ષની ધરપકડ કરી. કડક પૂછપરછ કરતાં



આરોપી યુવકે હત્યાની કબૂલાત કરી હતી. પોલીસે જણાવ્યું કે મૃતદેહો સંપૂર્ણ રીતે સડી ગયા હતા. મૃતકોની ઓળખ લીલાધર ઢાકોલે (55) અને તેમની 50 વર્ષીય પત્ની અરુણા તરીકે થઈ છે. પોલીસસમક્ષ આરોપી ઉત્કર્ષે પોતે સ્વીકાર્યું કે તેણે 26 ડિસેમ્બરની બપોરે તેની માતાનું કથિત રીતે ગળું દબાવીને હત્યા કરી હતી.

# મહાકુંભમાં આતંકી હુમલાની ધમકી વચ્ચે રશિયન નાગરિકની ધરપકડ

**પ્રયાગરાજ**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજનાર મહાકુંભમાં આતંકવાદી હુમલાની ધમકી આપનાર ઈન્સ્ટાગ્રામ અને'X'યુઝર સામે પોલીસ દ્વારા કેસ નોંધવામાં આવ્યો હતો. આ દરમિયાન સર્ચ ઓપરેશનમાં એક રશિયન નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. જેમના વિઝાની મુદત પૂરી થઈ ગઈ છે. હાલ પૂછપરછ બાદ પોલીસે તેને દિલ્હીના ઈમિગ્રેશન બ્યુરોને સોંપી દીધો છે.

મહાકુંભમાં આતંકવાદી હુમલાની ધમકીને લઈને પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. હાલ પોલીસની સાથે સાયબર સેલની ટીમ પણ તપાસ કરી રહી છે. બીજી તરફ આરોપી ઈન્સ્ટાગ્રામ યુઝરે પોતાના એકાઉન્ટમાંથી મહાકુંભને લઈને ધમકી સાથે જોડાયેલી પોસ્ટ પણ ડિલીટ કરી દીધી છે. આરોપીએ ધમકી આપી છે કે ૧૩મી જાન્યુઆરીએ ધાર્મિક સભા દરમિયાન વિસ્ફોટમાં ઓછામાં ઓછા એક હજાર લોકો માર્યા જશે. આ ધમકી મળ્યા બાદ પોલીસ સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગઈ છે અને મેળા વિસ્તારમાં વિવિધ સ્થળોએ પોલીસ ચેકિંગ ઝુંબેશ પણ ચાલી રહી છે. પોલીસ મેળા વિસ્તારમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ કરી રહી છે.

# મમતા બેનરજીના નજીકના TMC નેતાની જાહેરમાં ગોળી મારી હત્યા

**માલદા**

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં આજે સવારે (૨ જાન્યુઆરી) તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલર દુલાલ સરકારની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. બાઈક પર આવેલા બદમાશોએ ઝાલઝાલિયા વિસ્તારમાં આવી TMCના માલદાના કાઉન્સિલર સરકારને માથામાં ગોળી મારી હત્યા કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, સરકારને ગોળી વાગ્યા બાદ તેમને તુરંત નજીકની હોસ્પિટલ લઈ જવાયા, જોકે તેમણે દમ તોડી દીધો હતો. આ ઘટના અંગે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અમે ગોળીબાર કરનારા બદમાશોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.' આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પીટીઆઈ દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ટીએમસીના કાઉન્સિલર દુલાલ સરકાર પોતાનો જીવ બચાવવા દોડતા જોવા મળે છે. તે પોતાની દુકાને બેઠા હતા ત્યારે કેટલાક લોકો તેમની પાસે આવ્યા. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, એવું બહાર આવ્યું છે કે, બાઈક પર આવેલા હુમલાખોરોએ તેને ખૂબ નજીકથી માથામાં ઘણી વખત ગોળી મારી હતી.

# કાસગંજના ચર્ચિત ચંદન ગુપ્તા હત્યાકાંડમાં NIA કોર્ટનો નિર્ણય આવ્યો, 28 આરોપી દોષી, 2 મુક્ત

**લખનૌ**

લખનૌ એનઆઈએ કોર્ટે કાસગંજના ચર્ચિત ચંદન ગુપ્તા હત્યાકાંડમાં નિર્ણય સંભળાવી દીધો છે. ચંદન હત્યાકાંડમાં ૨૮ આરોપી દોષી ઠેરવવામાં આવ્યા અને 2 આરોપીને મુક્ત કરવામાં આવ્યા છે. સજાના પ્રશ્ન પર સુનાવણી થવાની છે. ફરિયાદી પક્ષના વિશેષ વકીલના જણાવ્યા અનુસાર ૨૬ જાન્યુઆરી ૨૦૧૮એ કાસગંજમાં તિરંગા યાત્રા દરમિયાન થયેલા વિવાદમાં ચંદન ગુપ્તા ઉર્ફે અભિષેક ગુપ્તાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. ઘટનાનો રિપોર્ટ પિતા સુશીલ ગુપ્તાએ ૨૬/૨૭ જાન્યુઆરીની રાત્રે ૧૨:૧૭ વાગે કાસગંજ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો.

રિપોર્ટ અનુસાર પ્રજાસત્તાક દિવસની તિરંગા યાત્રામાં ચંદન ઉર્ફે અભિષેક ગુપ્તા પોતાના ભાઈ વિવેક ગુપ્તા તથા અન્ય સાથીઓની સાથે સામેલ હતો. જુલૂસ જ્યારે ગર્લ્સ ઈન્ટર કોલેજના ગેટની સામે પહોંચ્યું ત્યારે હથિયારોથી સજ્જ આયોજનબદ્ધ રીતે પહેલેથી રાહ જોઈને બેસેલા સલીમ, વસીમ અને નસીમ તથા જાહિદ ઉર્ફે જગ્ગા, આસિફ કુરૈશી ઉર્ફે હિટલર, અસલમ કુરૈશી, અસીમ કુરૈશી, નસીરુદ્દીન, અકરમ, તૌફીક, ખિલ્લન, શબાબ રાહત, મો. નવાબ મોહસિન, આસિફ જિમ વાલા, સાકિબ, બબલૂ, નીશૂ અને વાસિફ તથા અન્ય લોકોએ રસ્તો ઘેરીને રોકી લીધા તથા હાથથી તિરંગો છીનવીને જમીન પર ફેંકીને પાકિસ્તાન જિંદાબાદ અને હિન્દુસ્તાન મુર્દાબાદના સૂત્રોચ્ચાર કરતાં હથિયાર બતાવીને ધમકી આપી કે જો આ રોડથી નીકળવું છે તો પાકિસ્તાન જિંદાબાદ કહેવું પડશે.

# નવા વર્ષે અયોધ્યા, કાશીમાં ભક્તોનું ઘોડાપુર 2025ના પહેલા દિવસે જ બનાવ્યો નવો રેકોર્ડ

**અયોધ્યા**

નવા વર્ષની શરૂઆત સાથે જ દેશભરના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ નવા વર્ષનું સ્વાગત પૂજા-અર્ચના અને ભગવાનના આશિર્વાદ લઈ કર્યું હતું. વારાણસીના કાશી વિશ્વનાથનું મંદિર, આયોધ્યાનું રામ મંદિર, જયપુરના ગોવિંદ દેવજીનું મંદિર, ઓડિશાના જગન્નાથ પુરી મંદિર જેવા પ્રસિદ્ધ મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. આમ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ મંદિરના દર્શન કરી નવો રેકોર્ડ બનાવ્યો છે.

વર્ષ 2025ના પહેલા દિવસે ભારતના લોકોએ મંદિરોના દર્શન કરવાને લઈને નવો રેકોર્ડ બનાવ્યો છે. પહેલી જાન્યુઆરીએ આયોધ્યાના રામ મંદિરમાં પાંચ લાખથી વધુ લોકોએ દર્શન કર્યા હતા, કાશી વિશ્વનાથ મંદિરમાં સાત લાખ, ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં છ લાખ, આંધ્ર પ્રદેશના



શ્રી તિરુપતિ મંદિરમાં ચાર લાખ, ઓડિશાના જગન્નાથ પુરી મંદિરમાં પાંચ લાખ અને હરિદ્વારમાં ગંગા નદીના ઘાટ પર ત્રણ લાખ લોકો પહોંચ્યા હતા. આ વર્ષે 16.70 કરોડ લોકોએ 'તાજમહેલ'ની મુલાકાત લીધી હતી, જ્યારે 18.10 કરોડ લોકોએ અયોધ્યામાં રામ મંદિરના દર્શન કર્યા હતા.

# ભાજપ MLAના સ્ટીકરવાળી કારે સર્જ્યો અકસ્માત, દિલ્હીના પરિવારના 3નાં મોત

**નવી દિલ્હી**

દિલ્હીના ફરિદાબાદથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા. અહીં ફરિદાબાદમાં પલવલ સોહના માર્ગ પર ઘૂઘેરા નજીક ભાજપના ધારાસભ્યના સ્ટીકરવાળી એક પૂરપાટ ઝડપે દોડતી સ્કોર્પિયોએ અન્ય એક કારને ધડાકાભેર ટક્કર મારતાં એક વૃદ્ધ, તેમના દીકરા અને પુત્રવધુ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા.

મળતી માહિતી અનુસાર આ સ્કોર્પિયો કારમાં ઉત્તરપ્રદેશના કાસગંજ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય દેવેન્દ્ર સિંહનો ભત્રીજો મુસાફરી કરી રહ્યો હતો. આ ભયંકર અકસ્માતમાં તે પણ ઈજાગ્રસ્ત થયો હતો. જોકે લોકોને ભેગાં થતાં જોઈ તે પોતાના સાથીઓ સંગ કાર છોડી નાસી ગયો હતો.

આ અકસ્માત વિશે માહિતી આપતાં સ્થાનિકોએ કહ્યું કે અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કરનો અવાજ સાંભળી જ લોકો ફફડી ગયા હતા. ઘણાને તો લાગ્યું કે ક્યાંક બોમ્બ કે ગેસનો બાટલો ફૂટ્યો હશે. મોટાભાગના લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા ત્યારે જોયું કે એક કાર પલટી ખાઈ ગઈ હતી અને તેમાં લોકો ચીસાચીસ મચાવી રહ્યા હતા.

# બંગાળમાં બાંગ્લાદેશની ઘૂસણખોર મહિલા સરપંચ બની હોવાનો આરોપ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના માલદાની મહિલા સરપંચ પર બાંગ્લાદેશી હોવાનો આરોપ લગાવતી અરજી કલકત્તા હાઈકોર્ટમાં થઈ હતી. રેહાના સુલ્તાના દ્વારા થયેલી અરજીમાં દાવો કરાયો હતો કે માલદાના રાશિદાબાદ ગ્રામ પંચાયતની સરપંચ મૂળ બાંગ્લાદેશી છે પરંતુ પોતે ભારતીય હોવાના જુઠા દસ્તાવેજોથી ચૂંટણી લડી હતી. હાલ જ્યારે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મામલો ચર્ચામાં છે ત્યારે ભાજપે આરોપ લગાવ્યો હતો કે ટીએમસી બાંગ્લાદેશી ઘૂસણખોરોને સરપંચ બનાવી રહી છે. માલદા જિલ્લાના હરીશચંદ્રપુરના રશિદાબાદ ગ્રામપંચાયતની પ્રમુખ લવલી ખાતૂન બાંગ્લાદેશી હોવાના આરોપો સાથે રેહાના સુલ્તાના દ્વારા જે અરજી કરાઈ હતી તે મુદ્દે હાઈકોર્ટે જવાબ માગ્યો હતો.

# ડિસેમ્બરમાં GST કલેક્શન 7.3 ટકા વધીને રૂ. 1.77 લાખ કરોડ નોંધાયું

**નવી દિલ્હી**

ડિસેમ્બર મહિનામાં ગુડઝ એન્ડ સર્વિસિસ(જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે 7.3 ટકા વધીને રૂ. 1.77 લાખ કરોડ નોંધાયું હતું. આ સતત દસમો મહિનો છે કે જેમાં જીએસટી કલેક્શનનો આંકડો 1.70 લાખ કરોડની ઉપર જળવાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે બુધવારે આ આંકડા જાહેર કર્યા હતાં.

એક વર્ષ અગાઉ ડિસેમ્બર 2023માં સરકારે રૂ. 1.65 લાખ કરોડનું જીએસટી કલેક્શન મેળવ્યું હતું. જો કે એપ્રિલમાં હાંસલ કરવામાં આવેલ રૂ. 2.1 લાખ કરોડના જીએસટી કલેક્શનના આંકડાથી ડિસેમ્બરનું કલેક્શન ઘણું દૂર છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જીએસટી કલેક્શનના આંકડા અનુસાર ડિસેમ્બર મહિનામાં સીજીએસટી કલેક્શન 32,836 કરોડ રહ્યું હતું. તે ઉપરાંત એસજીએસટી 40,499 કરોડ રૂપિયા રહ્યું હતું. જ્યારે આઈજીએસટી કલેક્શન 9,22,391 કરોડ રૂપિયા રહ્યું હતું. આ ઉપરાંત સેસની આવક રૂ. 12,301 કરોડ નોંધાઈ હતી. ડિસેમ્બર ક્વાર્ટરની વાત કરીએ તો તેમાં જીએસટી કલેક્શન આગલા ક્વાર્ટરની સરખામણીએ વધારે સારું રહ્યું હતું. ઓક્ટોબરથી ડિસેમ્બરમાં સરેરાશ જીએસટી કલેક્શન 1.82 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું .

# કાશ્મીરનું નામ થઈ શકે છે કશ્યપ : ગૃહમંત્રી અમિત શાહ

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે 'J&K and Ladakh Through the Ages' પુસ્તકના વિમોચન અવસર પર કહ્યું કે, "કાશ્મીરનું નામ કશ્યપના નામથી બની શકે છે." તેમણે કહ્યું કે, "શંકરાચાર્યનો ઉલ્લેખ, સિલ્ક રુટ, હેમિષ મઠથી સાબિત થાય છે કે કાશ્મીરમાં જ ભારતની સંસ્કૃતિનો પાયો નંખાયો. સૂફી, બૌદ્ધ અને શૈવ મઠ સૌએ કાશ્મીરમાં ખૂબ જ સારી રીતે વિકાસ કર્યો." તેમણે કહ્યું કે, "કાશ્મીરી, ડોગરી, બાલ્ટી અને ઝંસ્કારી ભાષાને શાસનની સ્વીકૃતિ આપવામાં આવી. તેના માટે પીએમ મોદીનો આભાર. પીએમનો આગ્રહ હતો કે યૂટી બન્યા બાદ કાશ્મીરની નાનામાં નાની સ્થાનિક ભાષાને જીવંત રાખવામાં આવે. આ દેખાડે છે કે પીએમ કાશ્મીર વિશે કેટલું વિચારે છે." તેમણે કહ્યું કે, "કલમ ૩૭૦ અને ૩૫એ દેશને એક થતાં રોકવામાં અડચણ હતી.

# મનુ ભાકર અને ડી. ગુકેશ સહિત ચારને ખેલરત્ન

## મેન્સ હોકી સુકાની હરમનપ્રીત તથા પેરા ઓલિમ્પિયન પ્રવીણકુમારને પણ ખેલરત્ન, ૩૨ એથ્લેટ્સને અર્જુન એવોર્ડ

નવી દિલ્હી : રમત મંત્રાલયે ૨૦૨૪ના વર્ષમાં શાનદાર સિદ્ધિઓ હાંસલ કરનાર રમતવીરો માટે નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ્ની જાહેરાત કરી દીધી છે. આ વખત ચાર ખેલાડીઓને મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ ખેલાડીઓમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયન ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશ, ભારતીય હોકી ટીમનો સુકાની હરમનપ્રીતસિંહ, પેરા ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ





પ્રવીણકુમાર તથા પેરિસ ઓલિમ્પિકની શૂટિંગ ઈવેન્ટમાં બે મેડલ જીતનાર મહિલા શૂટર મનુ ભાકર સામેલ છે.

એવોર્ડ વિનર્સને ૧૭મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનારા એક વિશેષ સમારંભમાં સન્માનિત કરવામાં આવશે. રમતમંત્રાલયે આ વખતે ૩૨ એથ્લેટ્સને (૧૭ પેરા એથ્લેટ્સ સાથે) અર્જુન એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. આ વખતે કોઈ ક્રિકેટરને એવોર્ડ મળશે નહીં. તાજેતરમાં કેટલાક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ખેલરત્ન માટે જે નોમિનેશન થયું હતું તેમાં શૂટર મનુ ભાકરનું નામ ગાયબ છે. ત્યારબાદ ભારે હોબાળો થયો હતો. મુના પિતા અને કોચ જસપાલ રાણા પણ આ અપમાનથી નારાજ થયા હતા.

### અર્જુન એવોર્ડ માટે નોમિનેટ થયેલા ખેલાડીઓ

જ્યોતિ યારાજી અને અન્નુ રાની (એથ્લેટિક્સ), નીતુ ઘંઘાસ (બોક્સિંગ), સ્વિટી (બોક્સિંગ), વંતિકા અગ્રવાલ (ચેસ), સલીમા ટેટે, અભિષેક, સંજય, જરમનપ્રીતસિંહ, સુખજિતસિંહ (પાંચ ખેલાડી હોકીના), સ્વપ્નિલ સુરેશ કુસાલે (શૂટિંગ), સરબજોતસિંહ (શૂટિંગ), અભય સિંહ (સ્ક્વોશ), રાજન પ્રકાશ (સ્વિમિંગ), અમન (રેસલિંગ), રાકેશ કુમાર (પેરા આર્ચરી), પ્રીતિ પાલ, જિવંજી દીપ્તિ, અજિતસિંહ, સચિન ખેલાડી, ધર્મવીર, પ્રણવ સૂરમા, હોકાટો હોતોઝે સેમા, સિમરન, નવદીપ (નવ ખેલાડી પેરા એથ્લેટિક્સ), નિતેશકુમાર, થુલસિમતિ મુરુગેસન, નિત્ય શ્રીસુમતિ સિવાન, મનીષા રામદાસ (ચાર ખેલાડી પેરા બેડમિન્ટન), કપિલ પરમાર (પેરા જૂડો), મોના અગ્રવાલ (પેરા શૂટિંગ).

# શ્રીલંકાએ ત્રીજી અને અંતિમ ટીર૦ મેચ સાત રનથી તથા ન્યૂઝીલેન્ડે ૨-૧થી શ્રેણી જીતી

### શ્રીલંકા 5/218, ન્યૂઝીલેન્ડ 7/211, કુશલ મેન ઓફ ધ મેચ બન્યો

નેલસન : પ્લેયર ઓફ ધ મેચ બનેલા કુશલ પરેરાની આક્રમક સદીની મદદથી શ્રીલંકાએ ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચમાં ન્યૂઝીલેન્ડને સાત રનથી પરાજય આપ્યો હતો. જોકે ન્યૂઝીલેન્ડે ત્રણ મેચની શ્રોણી ૨-૧થી જીતી લીધી હતી. શ્રીલંકાએ પાંચ વિકેટે ૨૧૮ રન નોંધાવ્યા હતા. જેની સામે ન્યૂઝીલેન્ડની ટીમ સાત વિકેટે ૨૧૧ રન નોંધાવી શકી હતી. જેકોબ ડફીને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. પરેરાએ ૪૬ બોલમાં ૧૩ બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૧૦૧ રનની ઈનિંગ રમવા ઉપરાંત સુકાની ચરિથ અસાલંકા સાથે સદીની ભાગીદારી નોંધાવી હતી. શ્રીલંકાએ પોતાના ટી૨૦ ઈતિહાસનો આ બીજો બેસ્ટ સ્કોર નોંધાવ્યો હતો. ન્યૂઝીલેન્ડે પ્રથમ મેચ આઠ રનથી તથા બીજી ૪૫ રનથી જીતી હતી. રનચેઝ કરનાર ન્યૂઝીલેન્ડ માટે ટિમ




રોબિન્સન (૩૭) તથા રચિન રવીન્દ્રની ઓપનિંગ જોડીએ પ્રથમ વિકેટ માટે ૮૧ રનની ભાગીદારી નોંધાવી હતી. રચિને ૩૯ બોલમાં પાંચ બાઉન્ડ્રી તથા ચાર સિક્સર વડે ૬૯ રન બનાવ્યા હતા. શ્રીલંકા માટે ચરિથ અસાલંકાએ ૫૦ રનમાં ત્રણ તથા હસરંગાએ બે વિકેટ ખેરવી હતી.

## નોવાક જોકોવિચ અને કિર્ગિયોસની જોડી બ્રિસબેન ઇન્ટરનેશનની બહાર ફેંકાઇ

**બ્રિસબેન**

પહેલીવાર સાથે રમી રહેલી નોવાક જોકોવિચ અને કિર્ગિયોસની જોડી બ્રિસબેન ઈન્ટરનેશનલ ટેનિસ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં જ બહાર ફેંકાઈ ગઈ છે. બુધવારે આ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનારી જોડીનો એક સંઘર્ષપૂર્ણ મુકાબલામાં નિકોલા મેક્ટિક અને માઈકલ વિનસની જોડી સામે ૬-૨, ૩-૬ અને ૧૦-૮થી પરાજય થયો હતો. મેચમાં મહત્ત્વપૂર્ણ વળાંક તે સમયે આવ્યો હતો જ્યારે ૮-૬ના સ્કોર પર ટાઈબ્રેક આવ્યો હતો અને જોકોવિચે ડબલ ફોલ્ટ કર્યો હતો. જે બાદ મેક્ટિક અને વિનસની જોડી તે બાદના ચાર પોઈન્ટ સરળતાથી જીતી ગઈ હતી અને તેમણે મેચમાં જીત મેળવી બહતી. મેક્ટિકે જીત બાદ કહ્યું હતું કે આ જીત અવિશ્વસનીય છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી અગાઉ રોહિત, કોહલી, બુમરાહ ઈંગ્લેન્ડ સામે વન-ડે નહીં રમે

**નવી દિલ્હી**

ભારતીય કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહ ૨૨ જાન્યુઆરીથી શરૂ થતી ઈંગ્લેન્ડ સામેની લિમિટેડ ઓવર્સની સિરીઝમાંથી બહાર રહી શકે છે. ઈંગ્લેન્ડ સામે ટીમ ઈન્ડિયા ત્રણ મેચની ટી૨૦ સિરીઝ તથા તે પછી એકદિવસીય મેચની સિરીઝ રમશે. નોંધનીય છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી પહેલેથી જ ટી૨૦ ક્રિકેટમાંથી સન્યાસ લઈ ચુક્યા છે. એક રિપોર્ટ અનુસાર જસપ્રિત બુમરાહ વર્કલોડ મેનેજમેન્ટના કારણે ટી૨૦ સિરીઝમાં નહીં રમે. ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. બુમરાહ ઉપરાંત રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ વન-ડે સિરીઝમાં નહીં રમે.

## બુમરાહ ICC રેન્કિંગમાં સૌથી વધારે રેટિંગ મેળવનારો પહેલો ભારતીય બોલર બન્યો



નવી દિલ્હી : ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહે આઈસીસીના નવા ટેસ્ટ રેન્કિંગમાં ઈતિહાસ રચી દીધો છે. તે બોલર્સ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત છે અને સૌથી વધારે રેટિંગ પોઈન્ટ મેળવનારો પહેલો ભારતીય બોલર બની ગયો છે. બુમરાહે તાજેતરમાં જ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનારા સ્પિનર રવિચંદ્રન અશ્વિનને પાછળ રાખ્યો છે, જેણે ૨૦૧૬માં ૯૦૪ પોઈન્ટનું પોતાનું સર્વોચ્ચ રેટિંગ પ્રાપ્ત કર્યુ હતું. બુમરાહે તાજેતરમાં જ અશ્વિનની બરાબરી કરી હતી અને ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શનના જોરે તે નવો ભારતીય રેકોર્ડ રચવામાં સફળ રહ્યો હતો. બુમરાહના નામે હવે ૯૦૭ રેટિંગ પોઈન્ટ થઈ ગયા છે. બુમરાહ ૯૦૭ રેટિંગ પોઈન્ટ સાથે સર્વકાલિન યાદીમાં ઈંગ્લેન્ડના ડેરેક અંડરવુડ સાથે સંયુક્ત રીતે ૧૭માં સ્થાને છે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન અને ઝડપી બોલર પેટકમિન્સને પણ રેન્કિંગમાં સારો ફાયદો મળ્યો છે. તેણે ચોથી ટેસ્ટમાં ૬ વિકેટ લીધી હતી અને ૧૫ રેટિંગ પોઈન્ટ મેળવ્યા હતા અને બોલર્સ રેન્કિંગમાં તે ત્રીજા નંબરે છે. કમિન્સે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાની શાનદાર જીત દરમિયાન ૯૦ મહત્ત્વપૂર્ણ રનની ઈનિંગ રમી હતી અને તેના જોરે તે ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ ત્રીજા સ્થાને છે. મેલબોર્ન ટેસ્ટમાં બુમરાહે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦ વિકેટ ઝડપનાર ભારતીય બોલર બનવાની સિદ્ધિ પણ મેળવી હતી. આ પહેલા તે રેકોર્ડ કપિલ દેવના નામે હતો. કપિલે ૫૦ મેચમાં આ સિદ્ધિ મેળવી હતી જ્યારે બુમરાહે માત્ર ૪૪ મેચમાં જ ૨૦૦ વિકેટ પુરી કરી લીધી છે.

**હરભજનનો રેકોર્ડ તોડવા તક**

બુમરાહ પાસે સિડનીમાં રમાનારી મેચમાં એક સીરીજમાં સૌથી વધારે વિકેટ ઝડપનાર બોલર બનવાની તક છે. એક સિઝનમાં સૌથી વધારે વિકેટ ઝડપવાનો રેકોર્ડ હરભજનસિંહના નામે છે. હરભજને ૨૦૦૦-૦૧માં કુલ ૩૨ વિકેટ ઝડપી હતી. તેના નામે છેલ્લા ૨૪ વર્ષથી આ રેકોર્ડ યથાવત્ છે. બુમરાહ વધુ ૩ વિકેટ લેશે તો એક સિરીઝમાં સૌથી વધારે વિકેટ લેનાર બોલર બની જશે.

# ચેમ્પિયન્સ ટ્રોફીથી એશિયા કપ સુધી : ટીમ ઇન્ડિયાનો ભરચક કાર્યક્રમ

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમ માટે ૨૦૨૪નું વર્ષ ચડ-ઉતર વાળું રહ્યું છે અને ૨૦૨૫માં પણ ટીમ ઈન્ડિયાનો ભરચક ક્રિકેટ કાર્યક્રમ છે. ઓસ્ટ્રેલિયા સામેની પાંચમી ટેસ્ટ મેચ સાથે ટીમ ઈન્ડિયા વર્ષ ૨૦૨૫ના ક્રિકેટ વર્ષનો પ્રારંભ કરશે. બંને ટીમો વચ્ચે આ મુકાબલો આગામી ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે. ભારત માટે આ મેચ કરો અથવા મરોની સ્થિતિ ધરાવતો રહેશે કારણ કે તેની પાસે આ ટ્રોફીને જાળવી રાખવાની સાથે જ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમવા માટે પોતાની સંભાવનાઓ જીવંત રાખવાની તક રહેશે. ભારત તે ઉપરાંત ઘર આંગણે ઈંગ્લેન્ડ સામે લિમિટેડ ઓવર્સની સીરીઝ રમશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૨ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી પાંચ ટી-૨૦ અને ત્રણ વનડે મેચની સીરીઝ રમાશે. તે બાદ ભારતીય ટીમ વનડે ફોર્મેટમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેશે. ભારતીય બોર્ડે પોતાની ટીમ પાકિસ્તાન નહીં મોકલવાનો



નિર્ણય કરતા તેની મેચો દુબઈમાં રમાશે. ભારત છેલ્લે ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટેરફી જીત્યું હતું અને ૨૦૧૭માં તેનો ફાઈનલમાં પાકિસ્તાન સામે પરાજય થયો હતો. ઓસ્ટ્રેલિયા સામેની સીરીઝમાં હાર બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત માટે કપરા ચઢાણ છે જોકે હજુ સુધી ફાઈનલના દરવાજા બંધ થયા નથી.

» **ભારત ઈંગ્લેન્ડ-બાંગ્લાદેશ પ્રવાસે જશે :** ટીમ ઈન્ડિયા જૂનથી ઓગસ્ટ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સીરીઝ રમવા માટે બ્રિટન પ્રવાસે જશે. બંને ટીમો ૨૦ જૂનથી ચાર ઓગસ્ટની વચ્ચે ટેસ્ટ સીરીઝ રમશે જે ૨૦૨૫-૨૭ના વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ રહેશે.

» **ઓસી.સામે વનડે સિરીઝ રમવાની છે :** ૨૦૨૫ના અંતમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે સીરીઝ રમશે. ટીમ હવે ઘર આંગણે ઓસ્ટ્રેલિયા સામે નવેમ્બરમાં ત્રણ વનડે અને પાંચ ટી-૨૦ મેચની સીરીઝ રમશે. તે બાદ નવેમ્બર ડિસેમ્બરમાં ભાર દક્ષિણ આફ્રીકા સામે બે ટેસ્ટ, ત્રણ વનડે અને પાંચ ટી-૨૦ મેચની સીરીઝ રમશે.

» **વિન્ડીઝની યજમાની અને એશિયા કપ :** બાંગ્લાદેશ પ્રવાસ બાદ ભારત બે મેચોની ટેસ્ટ સીરીઝ માટે વિન્ડીઝની યજમાની કરશે. તે સીરીઝની તારીખો પણ હજુ જાહેરકરાઈ નથી પરંતુ તે ઓક્ટોબરમાં રમાશે. વિન્ડીઝ સીરીઝ બાદ ટીમ ટી-૨૦ ફોર્મેટમાં રમાનાર એશિયા કપમાં ભાગ લેશે. તેનું આયોજન ઓક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં થશે.

# ગુજરાતમાં 232 કિલોગ્રામ હેરોઈન પકડવાનો કેસમાં 8 પાકિસ્તાનીને 20 વર્ષની કેદની સજા

**મુંબઈ**

વર્ષ 2015માં ગુજરાતના દરિયાકાંઠેથી લગભગ સાત કરોડ રૂપિયાનું 232 કિલોગ્રામ હેરોઈ જપ્ત કરવામાં આવ્યું હતું, હવે આ કેસમાં મુંબઈની વિશેષ અદાલતે ઝડપાયેલા આઠ પાકિસ્તાની નાગરિકોને 20 વર્ષની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે તમામ દોષિતોને 2-2 લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

કેસની સુનાવણી દરમિયાન NDPS એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે માદક પદાર્થો મામલે આ આઠેય પાકિસ્તાનીઓને દોષિત જાહેર કર્યા છે અને તેઓને વધુમાં વધુ 20 વર્ષની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે પ્રત્યેક દોષિતને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2015માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી 232 કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું



હતું, જેની કિંમત આશરે 6.96 કરોડ રૂપિયા હતી. આઠેય પાકિસ્તાની નાગરિકો આ હેરોઈનનો જથ્થો એક બોટમાં લાવી રહ્યા હતા. બોટમાં 11 ડ્રમ હતા, જેમાં ઘણા રંગના પાવડરવાળા 20 પ્લાસ્ટિકના પાઉચમાં હતા, જેની તપાસ કરવામાં આવતા તે હેરોઈન હોવાનો ખુલાસો થયો હતો.

# વારાણસીમાં ચાઈનીઝ દોરીની લપેટમાં આવતી જતાં બાઈકચાલકનું મૃત્યુ

**વારાણસી**

ચાઈનીઝ દોરીએ વધુ એકનો ભોગ લીધો છે. વારાણસીના ચોકાઘાટ-લહરતારા ફ્લાયઓવર પર પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની લપેટમાં આવી જવાથી બાઈક સવાર યુવકનું મોત થઈ ગયું છે. બે અન્ય ઘટનાઓમાં વાહન સવાર ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આદમપુર પોલીસ સ્ટેશન વિસ્તારના કજ્જાકપુરામાં રહેતા રાજેશ શર્માનો દીકરો વિવેક શર્માનું મામાનું ઘર લહરતારા છે. મંગળવારે નાનાની પુણ્યતિથિ હતી. તેમાં સામેલ થવા માટે માતા શ્યામા દેવી અને બહેન સોનમ સાથે જવા નીકળ્યો હતો બપોરે 2:30 વાગ્યે માતા અને બહેનને બાઈક પર લઈને મારા મામાના ઘરે જવા નીકળ્યો હતો. તે ચોકઘાટ ફ્લાયઓવર પર ચઢીને થોડા અંતરે પહોંચ્યો ત્યારે તેના પર ચાઈનીઝ દોરી પડી. દોરી તેના ગળામાં ફસાઈ ગઈ કારણ કે તેણે હેલ્મેટ નહોતું પહેર્યું. વિવેક કંઈ સમજે તે પહેલા તો દોરીએ તેનું ગળું કાપી નાખ્યું હતું. થોડે દૂર ગયા બાદ તે બાઈક સાથે ફ્લાયઓવર પર પડી ગયો. તેને લોહીથી લથપથ જોઈને માતા અને બહેનના હોશ ઉડી ગયા હતા.

# ભારતમાં દરરોજ સરેરાશ 60 કરોડની સાયબર ચોરી : કેન્દ્રીય ગૃહ મંત્રાલય

**નવી દિલ્હી**

ડિજિટાઈઝેશનના યુગમાં સાયબર ફ્રોડના કેસો પણ સતત વધી રહ્યા છે. ભારતમાં રોજનું રૂ. ૬૦ કરોડનું સાયબર ફ્રોડ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારત સહિત વિશ્વમાં આશરે ૮૫ લાખ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડ નોંધાયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, વોટ્સએપ બાદ ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ મારફત સૌથી વધુ ફ્રોડ થયા છે. આ ત્રણ એપ્સમાં કરોડો યુઝર્સ છે. જેના લીધે સાયબર ગુનેગાર સરળતાથી લોકોને ઉલ્લુ બનાવી ચૂનો લગાવી રહ્યો છે. ૨૦૨૪ના પ્રથમ ત્રણ માસમાં વોટ્સએપ મારફત સાયબર ફ્રોડના સૌથી વધુ ૪૩૭૯૭ કેસ નોંધાયા હતા. ટેલિગ્રામ મારફત ૨૨૬૮૦ અને ઈન્સ્ટાગ્રામ મારફત ૧૯૮૦૦ ફરિયાદો નોંધાઈ હતી. સાયબર ગુનેગારો ગુગલ સર્વિસ પ્લેટફોર્મની મદદથી લોકોને શિકાર બનાવે છે. સોશિયલ મીડિયા મારફત મની લોન્ડરિંગ અને સાયબર સ્લેવરીના કેસો વધ્યા હતાં. બેરોજગાર યુવાનો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ અને જરૂરિયાતમંદોને ટાર્ગેટ બનાવવામાં આવે છે. સાયબર ગુનેગારો સ્પોન્સર્ડ ફેસબુક એડ મારફત દેશમાં ગેરકાયદે લોન આપનારી એપ્સ લોન્ચ કરી ફ્રોડ કરે છે.

# લખનઉમાં માતા-4 બહેનના હત્યારાની ક્રાઈમ કુંડળી : દીકરીને મારી નાખી, પત્ની પણ ગુમ

**લખનઉ**

ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉમાં નવા વર્ષની શરૂઆતમાં જ ચકચારી ઘટના બની છે. પુત્રએ પોતાની ઘરડી માતા અને ચાર બહેન પર ધારદાર હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા છે. આ હત્યાકાંડમાં એક પછી એક નવા ખુલાસાઓ થઈ રહ્યા છે. હત્યારાની ક્રાઈમ કુંડળી જાહેર થઈ છે. આરોપીએ અગાઉ પણ હત્યાને અંજામ આપ્યો હતો.

મૂળ આગ્રાના કુબેરપુરમાં રહેતા અરશદે માતા અને બહેનોની હત્યા પહેલાં પોતાની જ દીકરીની પણ હત્યા કરી હતી. તેમજ તેની પત્ની પણ ગુમ છે. અને માતા-બહેનોની હત્યા બાદ તેના પિતા પણ ગુમ છે. આ સિવાય થોડા દિવસ પહેલાં અરશદે એક દુકાનદાર પર પણ ઘાતકી પથ્થરમારા વડે હુમલો કર્યો હતો. અરશદના પાડોશીઓના




જણાવ્યા અનુસાર, તે ખૂબ અજીબ પ્રકારનો વ્યક્તિ હતો. તે આસપાસના લોકો સાથે અવારનવાર વાતવાતમાં ઝઘડો કરતો હતો. તેનો પરિવાર પણ ખૂબ ઓછા લોકો સાથે વાતચીત કરતો હતો. આખો પરિવાર ઘણીવાર બે-બે મહિના સુધી ગુમ થઈ જતો હતો.

# નવા વર્ષની ઉજવણી વચ્ચે જલગાવમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો, વાહનોને આગચંપી

**જલગાંવ**

મહારાષ્ટ્રમાં નવા વર્ષની ઉજવણી વચ્ચે ભારે બબાલ શરૂ થઈ છે. અહીંના જલગાવમાં હોર્ન વગાડવા મુદ્દે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ છે. બંને જૂથોએ સામસામે પથ્થરમારો કરી અનેક વાહનોને આગ ચાંપી દીધી છે. અહીં 12થી 15 દુકાનો સળગાવી દેવાઈ છે.

મળતા અહેવાલો મુજબ શિવસેનાના મંત્રી ગુલાબરાવ પાટિલનો પરિવાર 31 ડિસેમ્બરની રાત્રે એક કારમાં જલગાવના પલાઢી ગામ જઈ રહ્યો હતો. આ દરમિયાન કારના ડ્રાઈવરે હોર્ન વગાડતાં કેટલાક યુવકો ગુસ્સે થયા અને ડ્રાઈવરને અપશબ્દો બોલી માથાકૂટ કરી હતી. ત્યારબાદ કારમાં મંત્રીના પત્ની હોવાના કારણે કેટલાક શિવસેનાના લોકોએ અપશબ્દો બોલી રહેલા યુવાનો પર ગાડી ચડાવી દીધી હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટના બાદ



પલાઢી ગામના કેટલાક યુવાનોએ અને શિવસેનાના કેટલાક કાર્યકતાઓએ રેલી કાઢી હતી. ત્યારબાદ ગુસ્સે ભરાયેલી ભીડે પથ્થરમારો અને આગચંપી કરવાનું શરુ કરી દીધું હતું. આ ઘટના બાદ બે જૂથો સામ સામે આવી ગયા હતા અને એકબીજા પર પથ્થરમારો કરવાનું શરુ કરી દીધું હતું.

# CM આતિશીનો આરોપ : રાજ્યપાલે હિન્દુ-બૌદ્ધ મંદિરોને તોડવાના આદેશ આપ્યા

**નવી દિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. આતિશી દ્વારા દિલ્હી એલજી પર મંદિરો અને બૌદ્ધ મંદિરોને તોડવાની યોજનાને મંજૂરી આપવાનો આરોપ લગાવાયો છે. આતિશીએ દાવો કર્યો હતો કે 22 નવેમ્બરે મળેલી બેઠકમાં પશ્ચિમ પટેલ નગર, દિલશાદ ગાર્ડન, સીમાપુરી, ગોકલપુરી, ન્યુ ઉસ્માનપુર અને સુલતાનપુરીમાં સ્થિત અનેક મંદિરો અને સુંદર નગરીમાં સ્થિત એક બૌદ્ધ મંદિરને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આતિશીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'ભાજપ સરકાર દિલ્હીના વિવિધ ભાગોમાં મંદિરો અને બૌદ્ધ મંદિરોને તોડી પાડવાની યોજના બનાવી રહી છે. એક ધાર્મિક સમિતિ છે જે મંદિરોના સ્થાનાંતરણ અથવા તોડી પાડવા અંગે નિર્ણય લે છે. તે દિલ્હી સરકારના ગૃહ મંત્રી હેઠળ આવે છે. ગત વર્ષ સુધી આ સમિતિના તમામ નિર્ણયો સૌપ્રથમ ગૃહમંત્રી સમક્ષ મુકવામાં આવતા હતા અને તેમની મંજૂરી બાદ જ કોઈપણ કાર્યવાહી કરવામાં આવતી હતી. પરંતુ ગયા વર્ષે દિલ્હી એલજીએ આદેશ આપ્યો હતો કે કોઈપણ ધાર્મિક સ્થળને તોડી પાડવું એ કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે અને તેથી તે દિલ્હી એલજી હેઠળ આવે છે.

# મનમોહન સિંહનું સ્મારક બનાવવા માટે સરકારે આપ્યા કેટલાક વિકલ્પો, પરિવાર લેશે નિર્ણય

**નવી દિલ્હી**

ભારત સરકારે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સ્મારક બનાવવા માટે પરિવારને કેટલાક વિકલ્પો આપ્યા છે. આ વિકલ્પોમાં નેશનલ મેમોરિયલ સાઈટ સહિત અન્ય કેટલાક સ્થળોના નામનો સામેલ છે, જ્યાં તેમનું સ્મારક બનાવવામાં આવે તેવી શક્યતા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પરિવાર દ્વારા સ્મારકની જગ્યા પસંદ કર્યા બાદ ટ્રસ્ટની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ ટ્રસ્ટ સ્મારક નિર્માણનું આયોજન અને ત્યારપછીની તમામ પ્રવૃત્તિઓની દેખરેખ કરશે. પરિવારે હજુ સુધી કોઈ ચોક્કસ સ્થળ અંગે કોઈ નિર્ણય નથી લીધો. સ્મારકની જમીન માટે ટ્રસ્ટ અરજી કરશે.

# બિહારમાં પાર્ટી કરી ઘરે જતાં 3 યુવક બાઈક સાથે નહેરમાં ખાબકતા મોત

**પટના**

આજે સાસારામમાં વહેલી સવારે બિહારના રોહતાસ જિલ્લામાં આવેલા સાસારામ પાસે એક ભયાનક રોડ અકસ્માત સર્જાયો હતો. જ્યાં સૂર્યપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાઈક અચાનક બેકાબુ થઈને લખુઈ લાખા કેનાલમાં પડ્યું હતું. જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે આ ત્રણેય મૃતક યુવકની બહેનના ઘરે જન્મદિવસની પાર્ટી મનાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત થયો હતો. સવારે કેટલાક સ્થાનિક યુવકો મોર્નિંગ વોકમાં નીકળ્યા ત્યારે આ ઘટનાની માહિતી મળી હતી.

માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને ત્રણેય મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. ત્રણેય યુવકો ગુંસેજ ગામના રહેવાસી છે અને એક જ પરિવારના છે. મૃતકોમાં મુન્દ્રિકા સિંહના 25 વર્ષના પુત્ર પ્રિયાંશુ કુમાર, સંજય સિંહના 25 વર્ષના પુત્ર અંકિત કુમાર અને રામેશ્વર સિંહના 23 વર્ષના પુત્ર શશિરંજન ઉર્ફે મનુ કુમારનો સમાવેશ થાય છે.

# ISRO 6 મોટા મિશન સહિત અમેરિકન સેટેલાઈટ લોન્ચ કરશે

**હરિકોટા**

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) માટે વર્ષ 2025 ખૂબ જ રોમાંચક રહેવાનું છે. ઈસરોએ આ વર્ષની શરૂઆતમાં જ તેના મિશનની જાહેરાત કરી છે. મંગળવારે અવકાશ મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે, 'વર્ષ 2025ના પ્રથમ 6 મહિનામાં ISRO 6 મોટા મિશન લોન્ચ કરશે.' જેમાં વિશ્વના સૌથી મોંઘા ભારત-યુએસ સહ-ઉત્પાદિત અર્થ ઈમેજિંગ સેટેલાઈટ 'NISAR'ને લોન્ચ કરવાનો સમાવેશ થાય છે. પ્રેસ મીટ દરમિયાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ISRO જાન્યુઆરીમાં એડવાન્સ નેવિગેશન સેટેલાઈટ NVS-02 લોન્ચ કરશે. GSLV પ્રક્ષેપણ ISROનું 100મું મિશન હશે. આ પછી, ISRO દ્વારા નિર્મિત મહિલા રોબોટ 'વ્યોમમિત્ર'ને ISRO માનવરહિત ગગનયાન મિશનના ભાગ રૂપે અવકાશમાં મોકલવામાં આવશે.

# ત્વચાની કરચલીઓ દૂર કરવી છે? કરો આ ઉપાય



બાળપણની નિર્દોષતા, કિશોરાવસ્થાની ચંચળતા, યુવાનીના રોમેન્ટિક સપના વય વધતાં ગાયબ થઈ જાય છે. પછી સ્થિર જીવન, વધતી ઉંમર તથા ઓછી થતી જતી સુંદરતાની ચિંતા શરૂ થાય છે. પ્રત્યેક મનુષ્યના જીવનનો આ પ્રાકૃત્તિક ક્રમ છે. છતાં પ્રત્યેક વ્યક્તિ હંમેશા યુવાન રહેવા ઈચ્છે છે. ત્વચા સુકોમળ અને ગુલાબી રહે તો તેમાં કંઈ ખોટું પણ નથી. આનાથી વધતી વયની ખબર પડતી નથી. તે માટે ત્વચાની ખાસ સંભાળ રાખવી જરૂરી છે. જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ આપણા શરીરની બધી ક્રિયાઓ ધીમી પડતી જાય છે. તેનાથી ત્વચામાં રક્તનો પ્રવાહ ધીમો પડતો જાય છે. ત્વચા સુકાતી જાય છે, નવા કોષોનું નિર્માણ ઘટી જાય છે. તે કારણે ચહેરા પર કરચલીઓ પડે છે. ખામીયુક્ત જીવનશૈલી, ત્વચાની અયોગ્ય દેખભાળ, ધૂમ્રપાન, પ્રદૂષણ, તણાવ, તડકો વગેરે કારણોસર પણ ત્વચા પર કરચલીઓ પડે છે. તે ઉપરાત આપણી વર્ષો સુધીની હસવા, બોલવાની કે ચહેરાના હાવ-ભાવની આદતને કારણે ચહેરા પર કરચલીઓ પડી જાય છે. પરંતુ યાદ રાખો કે, સુંદરતાને ઉંમરનો બાધ નડતો નથી. એટલે કોઈપણ વયે સુંદર દેખાવવું જરૂરી છે.

કરચલીઓથી બચવા ત્વચાની સારી સંભાળ રાખવી જરૂરી છે. ત્વચાની યોગ્ય માવજત, મોઈશ્ચરાઈઝરનો નિયમિત ઉપયોગ, નિયમીત ફેશીયલ, હેલ્થી લાઈફ સ્ટાઈલ, નિયમીત કસરત તમને કરચલીઓથી બચાવે છે. આજકાલ બોટોક્સ, કોસ્મેટીક સર્જરી, ફેસ લિફ્ટીંગ, ફિલર્સ જેવી અનેક સારવાર દ્વારા પણ ત્વચા યુવાન દેખાતી હોવાનો દાવો તબીબો કરે છે.

જો કે વધતી વયને કારણે થતી કરચલીઓથી છૂટકારો મેળવવા કોઈ સર્જરી કે સારવારની સરૂર નથી. આજાકાલ બજારમાં ઘણા એન્ટિરીંકલ ક્રીમ ઉપલબ્ધ છે જે ઉંમર વધવાની પ્રક્રિયા સામે લડવામાં મદદ કરે છે તથા કોષોના કુદરતી પુનર્જીવનની પ્રક્રિયા વધારે છે. આના નિયમીત ઉપયોગથી કરચલીઓ ગાયબ થવાની સાથે ચહેરો ખીલી ઉઠે છે.

૨૫ વર્ષથી મોટી ઉંમર થતા બારીક કરચલીઓ પડવા લાગે છે. તેથી ૨૫ વર્ષની વય થયા બાદ એન્ટિરીંકલ ક્રીમનો ઉપયોગ શરૂ કરી દેવાથી કરચલીઓથી બચી શકાય છે. સવાર-સાંજ બે વખત આ ક્રીમ લગાડવાનું. ક્રીમ લગાડતાં પહેલાં ક્લીનસીંગ મિલ્કથી ચહેરાને સાફ કરી લેવો. એન્ટિરીંકલ ક્રીમનો ઉપયોગ શરૂ કરી દે તો કરચલીઓથી બચી શકાય છે. સવાર-સાંજ બે વખત આ ક્રીમ લગાડવાનું. એન્ટિરીંકલ ક્રીમનો મસાજ નીચેથી ઉપરની દિશામાં કરવો જોઈએ.

હવે તો કોસ્મેટીક માર્કેટ આંતરરાષ્ટ્રીય સરહદો વટાવી ગયું છે. ફેશન ઉદ્યોગમાં દુનિયામાં અવ્વલ નંબરે ગણાતા પેરિસના સૌંદર્ય ઉત્પાદનો પણ હવે ભારતના મહાનગરોમાં સહેલાઈથી ઉપલબ્ધ થઈ રહ્યાં છે. એટલું જ નહીં પેરિસની કંપનીઓ ખાસ એશિયન દેશોની ત્વચાને ધ્યાનમાં લઈને સૌંદર્ય પ્રસાધનોનું ઉત્પાદન કરવા લાગી છે. આવી જ એક ઉત્પાદક કંપનીની આંતરરાષ્ટ્રીય માર્કેટીંગ અને ટ્રેઈનીંગ મેનેજર કહે છે કે ભારતના મહાનગરોમાં પ્રદૂષણ પુષ્કળ પ્રમાણમાં છે જે ત્વચાને અકાળે વૃધ્ધ બનાવી દે છે. બીજું સૂર્યના તડકામાં રહેલા અલ્ટ્રા વાયોલેટ કિરણો પણ ત્વચાને ભારે નુકસાન પહોંચાડે છે. ત્વચાને સુંવાળી, ડાઘ રહિત રાખવા અને કરચલી પડવાની પ્રક્રિયાને ધીમી પાડવા જુદી જુદી જાતના પ્રસાધનો વાપરવાનો સમય ગયો. હવે છેલ્લી ઢબની શોધ પ્રમાણે કુદરતી તત્વોથી બનેલી ક્રીમના ફક્ત ત્રણથી ચાર ટીપાં પણ ત્વચાને દરેક જાતના નુકસાનથી બચાવી શકે છે.

આ ડે ક્રીમમાં તેલ બિલકુલ નથી, એસ.પી.એફ. ૪૦ છે જે અલ્ટ્રાવાયોલેટ કિરણોથી થતાં નુકસાનથી સંપૂર્ણ રક્ષણ આપે છે. કરચલી પડવાની પ્રક્રિયાને ધીમી પાડે છે. અને તેમાં રહેલું સો ટકા મિનરલ ફિલ્ટર ત્વચાનું પ્રદૂષણથી પણ સૂણ કરે છે. આ ક્રીમ ચહેરા પર એટલું ઓછું લગાવવાનું હોય છે. કે તેને લીધે ચહેરા પર મેક-અપના થપેડા નથી જામતાં. વળી તે કુદરતી તત્વોથી બનેલું હોવાથી છ મહિનાના બાળકથી લઈને દરેક ઉંમરની વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે છે, પુરુષો પણ, આંખની આસપાસના હિસ્સામાં પણ તેનો ઉપયોગ કરી શકાય છે. તે અદૃશ્ય અને પારદર્શક હોવાથી ચહેરા પર લગાડેલું હોવા છતાં દેખાતું નથી આમ છતાં તે ચહેરાના સૌંદર્યને જાળવી રાખે છે.

## ત્વચા યુવાન રહે તે માટેની અન્ય ટીપ્સ

* તડકાથી બચવું. સવારે ૧૦ થી સાંજ ૪ વાગ્યા સુધી તાપ હોય છે. એટલે તે સમયે બહાર નીકળો તો સનસ્ક્રીન લગાડવાનું ન ભૂલવું જોઈએ.

* ધૂમ્રપાનથી બચવું. વધારે ધૂમ્રપાન કરવાથી ચહેરો અકાળે વૃધ્ધ દેખાવા લાગશે.

* પોષક આહાર લેવો તથા નિયમીત વ્યાયામ કરવો.

* તેલ આધારિત તથા સૌમ્ય ક્લીન્સરનો ઉપયોગ કરવો.

* તાણ મુક્ત અને ખુશ રહો.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE
REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience
- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!
JUST LISTED 163 Atkinson Blvd. London Trafalgar St and Clarke Road
Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement apartment with ensuite laundry. Three good-sized bedrooms on the main floor have renovated bathrooms. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, schools, colleges, parks, transit, Hwy 401, and much more.
FOR LEASE 50 Absolute Ave. Unit 3402 Mississauga (Hurontario/ Burnhamthorpe)
Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Square One And Living Arts Centre, Hwy 403, 401, Qew, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full Washrooms . Students welcome. Available Immediately!
HAPPY New Year 2025
May this year be full of love, peace and beautiful moments with family and friends
You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner**

**Motel For Sale : Coming up**
16 Room – Near London
21 Room – in Muskoka Area
17 Room – Sault Ste Marie

**78 Room Hotel Ramada by Wyndham – Near Kingston - $6.99 Million**
Sold Conditional

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, library, gift shop, party room, execellent seasonal business from the tour buses

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down Payment Are Ready to CLOSE the Deal ASAP

**35 Room Motel - $3.5 Million**
Hwy 11, Northern Ontario

**11 Room Motel - $749,000**
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, Easy One Man Operation
2 Hrs from North Bay

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

**Motel Jobs Avaiable**
Housekeeping and all general work,
Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100